શ્રી રતનલાલ માણેકલાલ કીનારીવાળાની

ધી

ગ્રામોફોન ગાયન

સંગ્રહ

ઉર્ફે

રેકર્ડસ ગાયન માળા.

ભાગ ૧ થી ૬ સાથે.

કંપલીટ ગાયન ૧૨૦૦

આવૃતી પાંચમી   પ્રત ૨૦૦૦.

કીમત રૂ. ૨-૮-૦.

—ભરપુર ગાયનોનો ભંડાર—

ધી ફોનોગ્રાફ ગાયન સંગ્રહ.

ઉર્ફે

રેકર્ડસ ગાયન માળા.

ભાગ ૧–૨ સાથે

જેમાં પ્રખ્યાત, નાટક કંપનીના માનીતા નાટકોમાના, જાણીતાં ગાયનો, અને પ્રખ્યાત ગાવાવાળાઓએ ગાયલા ઉસ્તાદી ગાયનો રાગરાગણી સહીત.

બહોળા સુધારા વધારા સાથે.

છપાવિ પ્રસિદ્ધ કર્ત્તા

શા. રતનલાલ માણેકલાલ કીનારીવાળા.

આવૃત્તિ પાંચમી પ્રત ૨૦૦૦

૧૯૧૯ ૧૯૭૫

સોલ એજંટ

શા. ચુનીલાલ મગનલાલ બુકસેલર.

"મનહર" પુસ્તકાલય-લીમડાચોક-સુરત.

કીંમત રૂ. ૦-૧૨-૦

પ્રસિદ્ધ કર્ત્તા—શા. રતનલાલ માણેકલાલ કીનારીવાળા.
ઠે૦ કેળાપીઠ રોડ-સુરત.

પ્રસિદ્ધ કરવાનું ઠેકાણું—મનહર પુસ્તકાલય લીમડાચોક-સુરત
છાપનાર—ઇશ્વરલાલ કશનદાસ કાપડીયા.
છાપવાનું ઠેકાણું—"જૈન વિજય" પ્રિન્ટીંગ પ્રેસ ખપાટીઆ ચકલા-સુરત.

ચેતવણી.

આ બુકની વધી પડેલી માંગણી જોઇ કેટલાક વિરોધી પ્રકાશકો આ બુકને મળતી બુકો બહાર પાડે છે. અને તે અંજાણ્યા ગ્રાહકો ભૂલથી લઇ પસ્તાય છે. તેઓને ચેતાવવામાં આવે છે કે, હવે પછી આવી બુક ખરીદ કરતાં પહેલા પ્રસિદ્ધ કર્ત્તા—શા. રતનલાલ માણેકલાલ કીનારીવાળા એ નામ વાંચીનેજ ખરીદ કરવી.

સમજ

આ આવૃતિ માટે કાંઇક !

દરેક બબે હજાર પ્રતની ચાર આવૃતિ મળી કુલ્લે ૮૦૦૦ બુકો બહાર પડી અને સારો આદર પામી ચુકી એજ બીના, આ બુકને માટે, ઉંચામાં ઉંચું પ્રશંશા પત્ર છે.

ઉત્તમ ભાવનામય ! અને સુબોધક કાવ્યો (ગાયનો) જનસમાજની ચિતવૃતીને કેટલી ઉંચી શ્રેણી પર લઇ જાય છે. તે બાબતે હવે કોઇ અંધારામાં રહ્યું નથી–રાગ એ વસ્તુ માટે "મહાન વિદ્વાનો, કવીઓ, ઓલમાઓ ! ઘણુંજ કહી, કથી ગયા છે. એક ફારશી કવીના શબ્દોમાં

"અજબ અશર હય ગાનેકી, સુનતે ગમ સફા હોવે.
નિગાહે મહેરસે દેખે, અગર ખુદા ખફા હોવે."

વીગેરે ગાયન (રાગ) ની તાશીર અલૌકીક શક્તિ ભરી ચીજ છે.

હમારાં ગ્રાહક બંધુઓને બોજો ન પડે તેટલાં ખાતર આ આવૃતિને ત્રણ ભાગમાં વ્હેંચી નાંખવામાં આવી છે. અને તે દરેકમાં ૪૦૦ ચારશો ઉત્તમ શ્રેણીના ગાયનોનો સમાવેશ કર્યો છે. એકંદર એકથી છ ભાગ મળી ત્રણ વોલ્યુમથી ૧૨૦૦ ગાયનોનું મોટું સંગ્રહસ્થાન વાંચક વર્ગના કરકમળમાં સાદર સ્મર્પણ થાય છે.

એક સાથે મોટાં વોલ્યુમની કીમત ખર્ચી તેનો જનસમાજ એક સરખો લાભ લેતાં અચકાય જેથી થોડી થોડી કીમત ખર્ચી ખરીદવા સગવડ પડે તેમજ ગરીબ તવંગર એક સરખો લાભ લેય એ આશયથીજ જુદા ભાગોમાં આ આવૃતિને વ્હેંચવામાં આવી છે.

આશા છે કે ગત ચારે આવૃતિને જનસમાજ તરફથી જે ઉત્સાહ પુર્વક આવકાર મળ્યો છે તેવોજ આવકાર આ પાંચમી આવૃતિને મળશેજ એવી આશા છે. सुज्ञेषु कीं बहूना ।

સુરત કેળાપીઠ રોડ } શા. રતનલાલ માણેકલાલ
૧૯૭૫ અષાઢ કૃષ્ણ સપ્તમી. } કીનારીવાળા.

ધી ફોનોગ્રાફ ગાયન સંગ્રહ

ઉર્ફે

રેકર્ડસ ગાયનમાળા.

ભાગ ૧ લો.

શ્રી (૧)—શ્રી. દ્વા. આ. એ. પરીષદના સંગીત ક્રમમાંથી

રાગ—ઝપત ચોતાલ—

શ્રી સરસ્વતીને નમું. (ટેક)
બુદ્ધિ દાતા સૌજન શારી વિદ્યા રૂપે સ્હાયકારી,
તનન તોમ્, તનનન તોમ્ તનનન તોમ્–પ્રથમ નામ આરાધું તારૂં (૨)
સાની સાની ધ, નીધપ ધપધપમ–પમપમગ મગ મગરે ગરેગરેસા
સારી ગમ પધની, સા સાની ધપમગરે સા ॥ શ્રી ॥

(૨)—વસંત પ્રભા—

શ્રી રામચન્દ્ર રઘુવિર,
શ્રી સિતાપતી ભજી લેને મન અવસર આવો એળે વહી જશેજી.
ખિલી વસંત છેલા, ખિલી જુવાની છેલા, રશીયારશ પીલેને સુખધામ,
ખિલી વસંત છેલા, ખિલી ફુલવાડી, પ્રભુને શણગારી લે મન લ્હાવ-શ્રી.
રમણી રૂપાળી હેતે હૈડે ધરી વ્હાલા, પીલે અધરામૃત રસપાન,
નાથના અનાથનેએ અંતર ધરી પ્રીતે બાળા, કરી લેને કાયાનું કલ્યાણ–શ્રી.

(૩)—મીસ જાનકીબાઇ—ભજન. રાગ, ભૈરવી.

શ્રી રામચંન્દ્ર કૃપાળુ ભજ મન હરન ભવ ભય દારૂનં,
નવકંજ લોચન કંજ મુખ કરકંજ પદ કંજારૂનં.—શ્રી.
કંદર્પ અગણીત અમિત છબી નવનિલ રજ સુંદરં,
પટપીત માન હુલડીત રૂચી સુચી જનક સુતાનરં.
શ્રી કીટ કુંડળ તિલક ચારૂ ઉદાર અંગ વિભુષણં,
આજાન ભુજ સર ચાંપધર સંગ્રામજીત ખર દુષણં.
ભજો દિનબંધુ દીનેશ દાનવ દલન દુષ્ટ નિકંદનં,
રઘુનાથ આનંદ કંદ કૌશલ્યા ચંદ દશરથ નંદનં.
ઇતી વદત તુલશીદાશ શંકર શેષ મુની મન રંજનં,
મમ હૃદય કુંજ નિવાશ કરી કામાદી ખલ દલ ભંજનં.

શ્રી (૪)—પ્યારા સાહેબ—રાગ-ભૈરવી. તાલ ત્રીતાલ—

અરે જોબનવા, ચાર દીના દીનો સાથ.
જોબન સંત જબ જાત ભઇ, મુખ મોહન લાગે-કદર મોરી કહું,
ના પુછી બાત—અરે જોબનવા, ચાર દીના, દીનો સાથ.

(૫)—અજીતસિંહ—

અશરણ શરણ ! ધારણ ધારણ ! ઈશ તારણ ! તરણ કૃપાળ !
ચરણ સ્મરણથી તરણ વરણ ! પણ ગિરવર ગર્જન દયાળ.
જન મન રંજન ભવ ભયભંજન, ચિદ્દઘન જગરાયા,
સકળ અખિલ દુખ દલન, કરન વિભુ ! અકળ આપ માયા.
અમલ કમલ સમ લોચન, મોચન ત્રિવિધ તાપ અજ્ઞાન,
મુનિજન મન સરવર, નરવર, ઈશ હંસ અજર જગ ભાણ.
નાથ નિરંજન ! પરમ બ્રહ્મ ! સુખદાયક, કલ્પ સમાન,
પ્રણમિ ચરણ વિનવું જગ વંદન ! કરો અખિલ કલ્યાણ.

(૬)—સૌભાગ્ય સુંદરી—

અરે કોઇ આવો પ્રીયાને મનાવો (૨) મારૂં દીલડું ચીરી, ખોલી બતાવો.

દોહરો { અરે પ્રીયા, મારો નહીં, પ્રેમ હાણના બાણ,
{ તારે મન હું તુચ્છ છું, તું મારે મન પ્રાણ.

મને તપતિને નહીં તપાવો, લાગી અગન બુઝાવો, બોલાવો લોભાવો,
પ્રાણ પ્રીયા રીઝાવો, મારૂં દીલડું ચીરી ખોલી બતાવો. (૨)

(૭)—સુરદાસ—

અરે રંગ જે લાગ્યો તે લાગ્યો, શિર સોંપે ફરી જે જાગ્યો...ટેક.
હંસોની ગતી હંસો જાણે, કાગ ન કાંઇ પીછાણે.
ઘાવ રહિત ઘાયલની ગતીને જગમાં ક્યાંથી જાણે...અરે.
દરદી વીણ દરદીની દશાને લક્ષે કોઇ ના લાવે.
સુર ભજનનો રંગ ના ઉતરે, અમિત ઉપાયો આવે...અરે.

(૮)—ઉદયભાણ—

અહો દિલદાર જરી દેદાર દિવાનાને દેખાડોને,
અરે લટકી અધર પટકી, મરૂં પટકી જીગર ખટકી.
અરે આધાર સુધા રસ સાર ચતુરાને ચખાડોને—
મુખે અટકી મધુર મટકી અરે, છટકી અધર છટકી.

સાખી { "દીલની થાપણ ઓળવી ઘટે ન કરવી ઘાત;
{ "પ્રાણ કહો તો પઠાવું, વાલમ કરવા વાત.

(૯)—પવીત્ર લીલાવતી—

અવર મદન અલબેલો, આતો અવર મદન અલબેલો. અ.
શરદ પુનમના સુધાકર સરખો આજ નગરમાં ઉગેલો. અ.
મનોહર કસ્તુરીયા મૃગ માફક જોઉં ઝરૂખે ઝુકેલો. અ.
હું નિરભાગી નાથે તજી મને વેસ્યા અવાસે વસેલો. અ.
ધન ગણીકા ધરણીતલ તુજને પ્રિય કર્યો મમ પરણેલો. અ.
ચન્દ ચકોરને મયુર મેઘ સમ મુજ મન રંગ રહેલો. અ.
અહિયારી વેશે નહીં જાણે, મમ છબા છેલ છબીલો. અ.

(૧૦)—વિણુવેલી—

અરે શું માનવનો અભિમાન પલકમાં ટળી જશેરે.
અરે જ્યમ પિપળ ઉપર પાન, પલકમાં ખરી જશેરે (૨) માટીમાં
મળી જશેરે...અરે.
ઘડી એક જીવતરમાં ઘડી એક સુખનીઆ..........અરે. નથી.
મુઢ મમતમાં તોયે મરતાં આખાં અરે નથી. પામર નર નાદાન—અરે.
કાયા કલેવર કારમું, છે ગંદકીનો ધાડવો;
સમજુ જને સમજી જઇ, અભિમાનને વણુસાડવો.
અભિમાન ફરણીધરને નહિ, દુધ પાઇને પેધાડવો;
રાવણુ સરીખાં રાજવીએ, લીધો નથી કંઈ લાડવો.-અરે શું.

(૧૧)—ઉદયભાણુ—

અલબેલા લટકાળા વ્હાલા, પ્રીતમ ઠાકોર મારે મન વશીયા,
રસઘેલા રીસાળા બેઠા, દેહના દેવળ માંહી રંગ રસીયા.
પ્રિતી પંચામૃતે પાતળીયા પખાળું વચનને ફુલડે વધાવું,
હેતના હીંચોળે હળુ હળુ હીંચોળું, હોંસે હસીને હસાવું.
શ્રૃંગાર સજી સજાવું ભાવે, ભોજનની થાળ ધરાવું,
હઠનું કચુંબર રીશનું રાઇતું, ચામડાઇ ચટણી વ્હેમ શાક રાઇતું.
અરથી પેંડાને મહેસુર પ્રેમ ભાવનાં, ધારી કચોરી પુરી, શુદ્ધ સ્નેહ વાસના,
ભાવના ભુખ્યા ઉદયા, દેવલ દે વાસના, પેંડા પરસાદમાં વ્હેચું છું.
ઉલ્લાસના—અલબેલા.

(૧૨)—કેશર કેશરી—

અરે દુનિયામાં પ્રેમી ક્યાં, બધે મતલબની યારી છે...અરે.
બીચારા કોઇક સાચા પ્રેમી, તેની તો ખુવારી છે. અરે.

સાખી { પોપટ જેમ પઢંતતો, અચરે અચરે રામ;
મુરખ જન તેમજ બકે, પ્રેમ પ્રેમનું નામ.

ક્યાં છે સાચો પ્રેમી હા, ક્યાં તે સાચી પ્યારી છે. અરે.

સાખી { પ્રેમી પ્યારી કરી મરે, પ્યારી કરે મીજાજ;
પ્યારી પિયુ પિયુ કરી મરે, પ્યારા રંડી બાજ.

ગયો સાચાનો વખત હા, દગલબાજીની વારી છે. અરે.

(૧૩)—પુંડળીક—

અધિક સુખ આથી બીજું શું મનાય,
પ્યારી મારી બુલબુલનું બચ્ચું ગણાય...અધીક.
પુરાહરી પુન્ય પરભવે કીધાં, ભાર્યા સુશીલા તો સદ્‌ભાગ્ય સિધાં,
ઘરવાળીના ગુણ ગાય, ગામ બધુ ઘરવાળીના ગુણ ગાય...પ્યારી.
કાગડાની કોટે મોતીની માળા, રૂપાળી રાધાને શ્રીકૃષ્ણ કાળા,
પત્નિથી પતી પૂંજાય,—મીઠાં ભેગાં ખાટાં બોરાં ખપી જાય...પ્યારી.

(૧૪)—મી. મહમદહુસેન. રાગ દાદરા, કહારવા (ગીત, ઝહેર)—
અટારીયાપે, ગીરારે કબુતર આધી રાત,
સુન સુનરી ભાભી હમ તુમ સોવે સંગ સાથ. અ.
નહીં નહીરે દેવરા, સૈંયા તો જાગે સારી રાત,
સુન સુનરી ભાભુ સૈંયાકી દીજો મરાય.
નહિ નહિરે દેવરા સેજોકી શોભા મોરી જાય.
સુન સુન ભાભી હમતુમ ખાવે સંગ સાથ,
નહિ નહિરે દેવરા છતરી ધરમ ઘટ જાય. અ.

(૧૫)—મી. મહમદહુસેન. રાગ–યમન. કલ્યાણ, તાલ. લાવણી—
અબ ના બને ગિરધારીરે, હમારી તોરી, ગિરધારી વનમાલી-અબ નાબને.
શાલ દુશાલે આપતો ઓઢે, હમે ફટાઈ કારી કમરીરે, હમારી તોરી.
(બોલો મુગટવાલેકી જય)

(૧૬)—ઇંદ્રાવતી—
અમો સુધરેલાને તમો ગણો ન કમજોર,કામ કેવાં કરીએ,જોજોમાં રાખી તોર.
લીમીટેડો માંડી...વેપારો વધારતા, યંત્રો મંગાવી હુન્નરો ખીલાવતા,
જુના ધારા કાઢી નવિનો, નીપજાવતા, ઘણું કર્યું બન્નુ હજુ કરીને
બતાવતો......અમો.

(૧૭)—મહાશ્વેતા કાદંબરી—
અરે સખી ધીમે ધીમે ડગભર-કિનાવળ આવડી આ. શી. (૨)
પિયુ મુખ દર્શણુ પ્યાસી...અરે સખી...........
અંતર મારૂં મારે છે ઉછાળા (૨) ન્હોય ઉછાળાં યૌવન કેરા ચાળા. (૨)
મંજરીવાળા, લાલા, લજાળા, પ્રિતમ તારા નહિ જાય નાશી.—અરે.

(૧૮)—મહાશ્વેતા કાદંબરી—
અલીજોજે, મનાતી ભોળી મેના, ભોળવશે તુજને પોપટજી, મુખે મીઠું બોલી,
અલી જોજે, દેતી તું અંતર ખોલી......ભોળવશે......

સાખી { પ્રેમે પોપટ દાઝ દીલની, દીલમંહી સમાવશે,
ઋતુ વસંતે માનનીને, મદનરાજ મનાવશે.

રસ રાજની રશરેલ જ્યાં, રગ રગ મંહિ વ્યાપી જશે,
જખ મારી મેના માનશે, પણ ખોઇ પાસે લાગશે.

(૧૯)—સતિદ્રૌપદી—
અરજ સ્વીકારો સ્નેહી શામળીયા, સહાય થજો શ્રી મુરારીરે,
રાજસભામાં રાજ સિધાર્યા, વચન વડીલનું પાળી રે.
કેમ થશે કંઇ ચેન પડે ના, વ્યાકુળ થઈ અતિ મારી રે,
કપટી કુટીલ છે કૌરવ રાજા—સ્વામી સત્યાચારીરે.—
દાવ ખેલતા હે દીન બંધુ! રાખજો લાજ હમારીરે. અરજ.

(૨૦)—**પરશુરામ**—

અરે, હાં હાં, જરા ધિરે, ખેંચો ભ્રકુટી કમાન,
અરે, જાઓ કરો શાને ઘેલી અડપલાં આમ.
ધરી ભ્રકુટી કમાને, ઝેરીલા નયન બાણે, સાંધો શામે સ્નેહી-
ને સંધાન......અરે.
જાણું શું હું, બાળા ભોળી, કરો શાને આ ઠઠોલી,
જાણું શું હું તીર, શું કમાન............................અરે.
થઇ ભોળીને અજાણી, ભ્રકુટી કમાન તાણી,
મોહિની મારે શા. મોક બાણુ......અરે.

(૨૧)—**સતિદ્રોપદી**—

અકળીત ભાગ્ય ગતી ન કળાતી, પલક પલક રતિરે; પલટાતી–અકળીત.
ઉદય અસ્ત પછી ઉદયની આશા, જ્યોતિ વાદળામાં–જોઉં છુપાતી–અકળીત.
ધર્મક્ષેત્રમાં ધર્મપતિથી, કૌરવ લડતા ધારી અનિતી;
ચિંતાથી મતિ મા'રી મુઝાતી—અકળીત.

(૨૨)—**મોહિનીચંદ્ર**—

અરે હું મસ્તાન પ્રેમની, મને કોઇ ન છેડોરે,—મને.
લાચાર હું બિચારી છું શીદ લ્યો છો કેડોરે.
જુવાની થી દીવાની છું મારો છેડો છોડોરે છેલા—મા૦
પ્રાણદાન છે પ્રિતમાં પુછી કરજો પ્રીત,
પ્રાણદાન તો સ્હેલ છે. કઠણ પ્રિતની રીત,
આધાર તું કિરતાર મારો પાર બેડોરે.—અરે.

(૨૩)—**ઉદયભાણ**—

અમર રહો તે નરનારી જે, શીયળ દીપક સંભારેરે,
અમુલખ દીપક અખંડ રાખે, વિરલા જોડાં સુખીયાં તે.
જળચર સારસ અવર પંખીડા, જોડેથી મદ માતારે,
તેમજ અરસ પરસ પતિ પત્ની, હરનીશ રહે હરખાંતારે.
ધન્ય ધન્ય એ દિવ્ય દંપતિ, સંપતિમાં સુખ માણેરે,
વિપતીમાં જે પ્રિત સરવર જળ, પ્રેમેથી પી જાણેરે.

(૨૪)—**લક્ષ્મિ-વિજય**—

અન્તરયામી,નોધારાના આધારરે,ગ્રહિબાંહ્ય દાસિની હે અવિનાશી ઉગારજોરે.
ગરૂડ ગામી, લક્ષ્મિના ઉરહારરે, હરિ દીનબાળાનું દુઃખ દયાળુ નિવારજોરે.
જાણી નિરાધાર નારી, દેખે પાપી કષ્ટકારી;
વ્હાલો વિનતી સ્વિકારી, લેજો અબળા ઉગારી.
વિભુ વિકટ બંધ આગાર, વેગે વિદારજોરે.—ગ્રહિબાંહ્ય૦
"તારી શવરી નાર, શલ્યાની અહલ્યા કરી,
કીધી સતિની વ્હાર, દુષ્ટ નિશાચરને દમી.
દયા કરીને બિરદ સંભારીને, જાણી નીરાધાર નારી.—અન્તર.

(૨૫)—મહાશ્વેતા કાદંબરી—(મિત્ર-ધર્મ)
અત્યુતમ પદ મિત્ર તણું આ સંસારે સમજાય,
આ અવનિમાં અન્ય ઘણાં જે સુખના સાથી થાય.
માતા પીતા ભ્રાતા થકી, વળી ગુપ્ત પ્રિય જન સ્વજનથી,
જે ગુપ્તમાં પણ ગુપ્ત તે પણ ગુપ્ત મિત્ર થકી નથી.
મિત્ર રત્નથી આ ભવરણની સફર શફળ થઈ જાય,
સમૃદ્ધિ ચાર ભુવનતણી પુરૂષાર્થે મળવી સ્હેલ છે.
સદ્દભાગ્ય-વિણ સન્મિત્રની, પ્રાપ્તિ મહા મુસ્કેલ છે,
શબ્દ લઘુ પણ અર્થ અધિક એ અક્ષર માંહી સમાય.

(૨૬)—લલીત મુગ્ધા—
અરે ! ઓ મિત્ર મારાને, દીધો દોશ પ્યારાને,
વચનનો માર માર્યો મેં, સહ્યો મુજ ધિર મીત્ર હેં.
ગયો ક્યાં મિત્ર મારા તું, મરૂં ઝુરી વિના તુજ હું,
હવે સોધું ફરી હું ક્યાં, બતાવે નાથ સ્નેહિ જ્યાં.

(૨૭)—કંસવધ—
અમને પાવન કરવાને, દીલનાં દુખડા હરવાને,
શાન્તિ જળ મન ભરવાને.—યોગી આવજો૦
માયા રાખી મહારાજ યો૦-દર્શણ દેવાને કાજ.—યો૦
ચરણ કમળ નિસદિન મુજ મંદિર, ધરવાને.
કમળ વદનથી મનહર મધુર વચન ઉચરવાને,
શાન્તિ જળ મન ભરવાને. યોગી આવજો.

(૨૮)—શ્રી નૌતમશારદા—
અજબ નવાઇ નશીબની શાણા તું સમજી લે,
એક દીન હાથી, એક દીન ઘોડા, એક દીન પાઇ ન પાસ.
એક દીન મંદાર એક દીન માળા, એક દીન વનમાં વાસરે.-શાણા.
કર્મ રાયના અજબ તમાસા, રંક રાય નહિ ત્યાંય,
કરશું તેવું ભરશું બાઇ, ફોગટ ફુલાયરે—શાણા—અજબ૦

(૨૯)—કુંન્દમાલા—
અજબ નથી ઠગાઇ જાય પુરૂષ નારીથી, છતી નથી કોઇ ગયા નારી ઠગારીથી.
પાપી કલીઓ પેટ્રાતણી ચુંગાલમાં ફસી, સિઝર ગયો સમર્થ જીંદગાની પ્યારથી.
સીકંદરે રહ્યો નહિ આનંદમાં કદી, ત્રીયાતણી કુચાલના ઘાવ;કારીથી-અ૦
ખુવાર થઈ હજાર મુવા નીચ મ્હોતમાં, રિઝિયા ઇલ્ઝેબેથની મદભર ખુમારીથી

(૩૦)—રેકર્ડ સોંગ બુક—રાગીની, આશાવરી મીસ, જાનકીબાઈ.
અબહિ ક્હાન ન કર મોસે રાર, (૨) જાય કહુંગી મેં પુકાર,
નિપટ ની ડર લંગર ડિગર ગાગરીયા મોરી, ફોરી;-ક્હાન.
જાય કે જસોદા સે, કહુંગી અપનો ઢીક લંગર એ ગમાર.—અબહિ

(૩૧)—ઉમાદેવડી—
અજબ જમાનો નવીન નજરમાં આજ કાલ ચઢતો,
સસલાને કીચડમાં દાબી હાથી ક્ચડતો.
ક્રોડ પતિ કંગાલો કેરી થાપણુ ઓળવતા,
દરબારે દોરી વગસગથી બહુ બહુરે નડતા.—
ગુલાબને હાથે છે, જો જો હજારીયો ગોટો,
ધર્મિ ને ઘેર ધાડ ? અને વાગે પાપી સોટો.—
સાચ કસ્તુરી વાસ સમજનારાનો છે ટોટો,
અન્યાયી ગાદી તકીયે—લે—ન્યાયી દોરી લોટો.

(૩૨)—સ્નેહ-સરીતા—
અબળા લાચાર બિચારીરે, સ્વામિની દાસી, અબળા લાચાર બિચારીરે.
પ્યારી પ્રાણુ આપે તોયે નાથ ન રીઝે કાંઈ,
"ભોળી મીઠાં વેણુ-રીઝનારીરે— સ્વામિની દાસી૦
માંદી મરે છો દર્દથી, સંભાળ નારીની નહિ,
દાઝી બળે :દીલ દુઃખથી, દેનાર દિલાસો નહિ.
દિન રાત સેવા નાથની, કરીએ, હસી શ્રમને સહિ,
પળ એકની ગલતી થયે, જીવન તણી સેવા ગઈ."—સ્વામિની દાસી૦

(૩૩)—મહાશ્વેતા કાદંબરી—
અમે જઇશું ! અમે જઇશું ! હવે અમે જઇશું રાજ,
રથ ભિના તમે આવજો. ... ...અમે.
આવિ મંજરીઓ નિત્ય લાવજો (૨) પ્રેમે પરિમલ પ્રશરાવજો...અમે.
મુનિવર અમ શું પ્રસંગ પાડી, દર્શણુ દેજો દાડી દાડી,
અમ સરખું કંઇ કાજ, જરૂર તમે કહાવજો. ત મે આ...અમે.

(૩૪)—લવ-કુશ—
અર્જ સુણી લે મ્હારી, પ્રભુ અર્જ સુણી લે મ્હારી,
સ્હાય હવે એક છે, ત્હારી—લેજે ઉગારી.—અર્જ૦
બાળ સંભાળ કરી, બેઠી સ્થીર દામદરી,
મરેલીને નાંખ ન મારી, લેજે ઊગારી.—અર્જ૦
અંધને નેત્ર જેવાં વ્હાલાં, મુને બાળ તેવાં,
ગાયવત્સ વિના નોંધારી—લેજે ઊગારી.—અર્જ૦

(૩૫)—શુક્ર-જયંતી— રાગ—કવ્વાલી-ગઝલ.
અમો વિશ્વાસ વાળાને, છુપાવિ ઘા, કરો શાને,
સતાવામાં આ ભોળીને, ગુન્હેગારી તમારી છે.
હસાવો રોવરાવોને, અખત્યારી તમારી છે,
ભલે કરજો ઘટે તે તે, ગુન્હેગારી તમારી છે.

કદી આકાશ જો તૂટે, ભલે ભૂકંપ હો ભારી,
જીગરનો પ્રેમ નહિ તૂટે, પ્રિયા મુજ પ્રાણુથી પ્યારી.
જડેલા બંધ નવ તૂટે, ખુબી એ ભાવિની ન્યારી,
છુટયા તેતો નહિ છૂટે, પ્રિયા મુજ પ્રાણુથી પ્યારી.
ઝુરાવો વા રિઝાવો તે, મુખત્યારી તમારી છે,
ફસાવી જીવ બાળો તે, ગુન્હેગારી તમારી છે.
તપાવો છો તપેલિને, વળી ઘૃત ધાર રેડીને,
વિચારો શું દિલ કહો તે, ગુન્હેગારી તમારી છે.
જગતનો નાથ જે સારે સહન કરવું મુગે મારે,
જરા સમજીને બોલોને, ગુજારો તે નકામું છે.
જ્યાં દીલ સાફ ત્યાં શું છે, મણી મન સમજીનેરે છે,
અમારી છે વફાદારી, પ્રિયા મુજ પ્રાણુથી પ્યારી.

(૩૬)—**ચન્દ્ર-ગુપ્ત**—હિન્દુસ્તાનની તારીફ.

અમોને પ્રાણુથી પ્યારો અમારો દેશ હિન્દુસ્થાન,
અખીલ સંસારમાં ન્યારો અમારો દેશ હિન્દુસ્થાન.
હિમાલય શા ઉંચા પહાડો જે સ્પર્ધે સ્વર્ગથી આશમાન,
સિન્ધુ ગંગા યમૂના આદિ, નદીઓ દઈ રહી અમીપાન.
કળા, કૌશલ્ય, વિજ્ઞાનો તણાં અહિંથી ફુટયાં ઝરણાં,
ઉપનિષદ્ વેદ, ગીતા-બ્રહ્મ વિદ્યાનાં અનેરાં ગાન.
અમોને એવી આ અમ માતૃભૂમીનું અભિમાન,
બોલો હિન્દ દેવીનો સુજયજયકાર ને કલ્યાણ.

(૩૭)—**રૂકમણી-સ્વયંવર**—

અખીલ વિશ્વના પાલન કર્તા કૃષ્ણુ કૃપાળ, કેશવ કર્તા કૃષ્ણુ કૃપાળ.
ધર્મ ઉદ્ધારણુ કારણુ પ્રગટયા, આપજ દીનદયાળ, નટવર આપજ દીનદયાળ.
આપ ચરણુમાં કરે પ્રાર્થના, કુંડિન નૃપની બાળ,
રાજહંશી કુંવરી હૃદયથી, માનસવાસી મરાલ.
કદી હંસણી હરશે, વાયશ શિશુપાળ વિકાળ,
પ્રાણુ તજીશ તેથી ઉદ્ધારી લેજો હરી સંભાળ.

(૩૮)—**ફીરોઝ ગાયન**—ઇશ્વરસ્તુતી-રાગ-ખમાચ-ધ્રુપદ-તાલ, ચોતાલો.

અબતો રખ લિજો લાજ, સુનકર ગરીબ નવાજ,
વિમલ ચરણુ નમન કાજ, પામર ફસ ધાયો હૈ. ૧
સુત દારા મિત્ર આદિ, એહિ સબ સુખકે વાદી,
તેરી હુઇ નહી યાદી, પાંતક મન ભાયો હૈ. ૨
કર તું અધમ ઉદ્ધાર, દુષ્ટન કે અઘ નિવાર,
દેખ મુક્તિકો દેનાર, જાચક ધસ આયો હૈ. ૩
વ્યાપક જો રોમ રોમ, તીન લોક સોમ ભોમ;
લખિ ફિરોજ ઝોમ ઝોમ, સુયશ નામિ ગાયો હૈ. ૪

(૪૦)—"રા" માંડલીક—

અલી ગાલો ગુલાબ તુલ્ય તારા સંભાળ જરી બાળા,
ભોગી મધુકર જો લોભાશે, ચુંબન આશે આવશે પાશે.
("એમ......હા")-રસિલાની લુંટાશે ફુલમાળા. સંભાળ જરી બાળા.
જાઓ બ્હેની મને ના સતાવશો, સ્મિત પુષ્પે વ્હાલમને વધાવશો.
થા, કંઠ આભૂષણ થા-જન જાણી જાણી તને જા,
ડંખ દેશે ગાલે એ રસાળા. સંભાળ જરી બાળા.

(૪૧)—વિર-કુણાલ—રાગ-ગઝલ-કવ્વાલી.

અમારા દેશને છોડી અમે થાનાર પરદેશી,
હૃદયને મેળવી લેશે, અમારો પ્યાર પરદેશી.
થયા દુર્ભાગીયા એવા તજવી દેશની સેવા,
ભટકશું પારકા ઘરમાં બની લાચાર પરદેશી.
અમારા દેશ બંધુઓ, અમારી જન્મભુમીમાં.
હવે છેલ્લા પ્રણામો છે. અમે હદપાર પરદેશી.

(૪૨)—એશીઆઇ-સિતારા —રાગ-ગઝલ.

અગર કુછ ફેન કેલાએ દઓરે દઓરા હોતે જાતે હંએ
મુસલમાની મુસલમાં ના મુસલમાં હોતે જાતે હંએ.
તુમા પશ્શ્ા હવાને અયસે જહેરી લે દીપે ઝાકે,
જો કહેલાને થે ગુલશન વોહ બાવામાં હોતે જાતે હંએ.
ખુદાવન્દા તેરી કુદરતકે એહ સારે કરીશ મેં હંએ,
કે અબ કુરઆંસે મુનકાર, અહેલે કુરઆ હોતે જાતે હંએ.

(૪૩)—મ્યુનિસિપલનાં લાંચીયા અમલદાર—(ભાષણ બાદ)

અમલદાર ગંગાજળા જેવા, હું ચોખ્ખો છું ચટ,
ના આપે તેનું ના લઇએ, એવા ભોળા ભટ.
કેને રડાવી કેને હુલાવી કેન સમજાવી કેને ધ્રુજાવી ભરૂં ખજાના ઘટ,
પહેલા નાણાં પછી વાત, નહિ નાત ! કે જાત;
વળી દીવશ કે રાત, ભરૂં પેટ ભલી ભાત,
એવી શાસ્ત્રો બાવાની લટપટ.-અમલદાર.

૪૪)—લક્ષ્મી-વિજય—

અબળાના બેલી વ્હાલા, મારા સુંદર સ્યામળા,
બહુનામી, જગજનના સ્વામિ, લજ્જા રાખો શ્રી ઘનસ્યામ.
નટવર નાગર દીનબંધુ કેશવ કરૂણાના સિંધુ,
પ્રેમથી પ્રભુજી લ્યો ઉગારી સુંદર સ્યામળા—બહુનામી.
વ્હાલા ગોવર્ધન ધારી, વિનંતી લેજો સ્વીકારી,
ભવભય હારી લ્યો ઉગારી, સુંદર સ્યામળા—બહુનામી.

(૪૫)—મીસ ગોહરજાન—રાગ, દેશ, તાલ, ત્રીતાલ,
અરે પિયા બીન નાહિં આવત ચેન, કહાંસે કહુ મેરે જીકે એન—પીયા.
યાદ પરત જબ હૈદર નિશદીન; બાંકી સુરત તીખે નૈન—પીયા.

(૪૬)—કબીરભજન. રાગ—મુલતાની, પદ.
અબ તુમ કબ સુમિરોગે રામ—અબ તુમ૦
ગરભ કુલીમે જપ તપ કીનો, નિકલ હુવા બેઈમાન—અબ૦
બાલપનો સો ખેલ ગંવાયો, તરૂન પનોસે કામ.—અબ૦
હાથપાંવ જબ કાંપન લાગે, નિકટ આયો અવશાન.—અબ૦
ઝુઠી કાયા ઝુઠી માયા, આખર મોત નિશાન.—અબ૦
કહત **કબિર** સુનોભાઈ સાધો, એહી ઘોડા એહી મેદાન—અબ૦

(૪૭)—જલસા સંગ્રહ—રાગ-ઝિંઝોટી-ઠુમરી.
અ એસી પ્રીત કાએકુ લગાઇ બાલમા, પ્રીત કરી કયું રીત નજાણી, અયેસી.
દોસ્તી કરકે કદર-ન જાણી, અએસો ડાગ કાએકુ લગાઓ બાલમા,
પ્રીત૦—અયેસી.

(૪૮)—મનુ-મણી—
અટપટ કંઇ કહેને સમજાતી, ભાઈ પૈસા પેદા કર્યા કામનો—અટપટ.
માતપિતા સુત બંધુદારાને એનડી, વ્હેવાર વસુતીન નામનો—બસબસ૦અટ
માનને ખાનપાન પૈસાથી થાયછે, મોટો વેપાર જગદામનો—બસબસ૦અટ
પૈસાની પ્રીતડી સંસાર રીતડી, પૈસો પ્રભુ આખા ગામનો.—બસબસ૦અટ

(૪૯)—ભદ્રાભામિની—
અજી વાહ વાહજી સુંદરીઆં મોરી, લે ગઈ મછલીઆં.
મયે જલ જમના હાથ ધોય રહી, છીટક ગીરી મોરી પ્યારી સુંદરીઆં—અજી.
સુની યે પીયાબીન લાગે મુંદરીયાં, તોસે ન બોલું મયતો સારી ઉમરીયાં—અજી.

(૫૦)—નિગાહેગફલત—રાગ-કાફી-ઠુમરી—
અય યાર, જાની, દિલદાર, જાની; મય ડાલુ સદા જિયા, પિયા વાર જાની.
તુમપર બલહાર જાની, અય, બેચકે વયજે લાવું કહીંશે.
પાસ મેરે રહે ઘરે જો થે, આજ તક,
નિકલે ઇશકે દામસે, કાર જાની—યાર જાની.—અય૦

(૫૧)—ખ્વાબે-હસ્તી—
અલબેલા છેલા અયસા લા, દેંગે.
જો રંગીલા હો દીલ જાનકા, નઇ આનકા, નઇ બાનકા,
મોટરગાડીકી શયર કરાવે અયશી શાનકા.—અ૦
લાઅનત મુરદાર તુમપે, જાઓ, જાઓ, જાઓ, ન સતાવો,
અયસા રંગીલા, છબીલા, રશીલા નુકીલા લાઓગે,
સાયકલ બીઠલાકે જી બહેલાવે વોહ. જી. શાનકા—અ૦

(૫૨)—**જાંનિશાર**—
અરે મુવે કાહે મોરી બાહે, રે મોરોરીયાં,
જાન હમારી તું કાહે દુખાઈ, છાંડ મોરી કાહે તુ કલાઇ રે, નિચોરીયાં.
નેકી ગવાઇ, લીની બુરાઇ, રાખ મોરી પત કહુ તોહે કર જોરીયાં.

(૫૩)—**મીસ કાલીજાન**—રાગ-ગઝલ.
અજબ અપના હાલ હોતા, જો વિશાલે યાર હોતા,
કભી જાન સદકે હોતી કભી દીલ નીશાર હોતા.
જો તુમ્હારી તરફ તુમશે, કોઇ જુઠે વાયદા કરતા,
તુમહીં મુનસફીસે કહેદો, તુમ્હેં ઇતબાર હોતા.
તેરે વાઅદેપર સિતમગર, અભિ ઔર સબર કરતે,
હમે જીંદગીપર અપની અગર એતબાર હોતા.
યહ મઝા થા દીલ લગીકા, કે બરાબર આગ લગતી,
ન તુઝે કરાર હોતા, નઅ, મુઝે કરાર હોતા.
મુઝે માનતે સબ ઐયસાકે, અદોભી સઝદા કરતે,
દરે યાર કાબા બનતા જો મેરા મઝાર હોતા.

(૫૪)—**ઉમાદેવડી**—
અજી લાગી લો મોરી જાન, નેન કટારીરે,
છુરી ન મારી કટારી ન મારી, ન મારી બરછી તલવાર.
લોહુકા નહિ બુંદ નિકસા, તનક નેના નહિં લાલ,
કાસ તનાસે કર દીયા ચારો, કલેજા પારપાર.
દુશમન નહિં બેરી નહિ, મારનવાલા દિલદાર,
પાવશે નહિં દીલબીછડા, મિલ ગયા હય ઔર યાર.
તુહી મૌલા કર હકીમી, કરદે બેડા પારપાર,
કોઉ બતાવે કોઉ મિલાવે સંઇયા ગુલેગુલઝાર.

(૫૫)—**હરિચંદ્ર**—
અરે નાદાન ! અરે બે ધ્યાન ! જરા તો માન ! જરા તો માન !
ન ખો તું જાન, નહો હયરાન, જરા તો માન ! જરા તો માન !
કયસી રાની કયસી બાની, કયસે લાલાજી કે લાલ !
ખાતે તેરી લંબી ચોરી બાકી સુખા જય ગોપાળ !
કરી કામાન, જો તુ ફરમાન તો હો ઈશ આન તેરા કલ્યાણ !
અરે અગ્યાન, ન કર હયરાન, જરા તો માન ! જરા તો માન—કયસી.

(૫૬)—**દિલેર-દીલશેર**—રાગ, સોરઠ ઠુમરી.
અગર મગર મતકર, નાહિં રગર ઝગર ભાવેરી.—અગર.
અરજ બરજ કરત હારી, ગરજ તો હે પ્યારી,
નજર મો પર કદર કી કયું કરકે, તુ ડરાવેરી.—અગર.

(૫૭)—હુસ્ન-આરા—
અરે હાંરે મોરા બાલા જોબનવા લુંટ લીયોજી લલચાએ,
હમ પ્યારી દીખાવે, છબ ન્યારી દીખાવે રસ બાતે બનાવે.
બીરમાએ, જી લુભાવે ફુસલાએ—અરે.
બીરહાકી મારી મયતો, જરકે મરતહું, કયસે નકોર તુમ હાવે.
ચતુરાઈ દીખાવે, નિહુરાઈ બતાએ, સંગ મોહે નલાવે,
તરસાવે કલપાવે જી જલાવે—અરે.

(૫૮)—જલસા સંગ્રહ—રાગ, ભૈરવી.
અબતો વો દીલ ફરીબસે-કામ પડા જોહો સોહો,
હુસ્નપર ઉસકે નકેદીલ સદકી કીયા જોહો સોહો...૧
હોતેહી ઉસકે ચાર ચશમ-લગ ગઈ મોરી ટકટકી,
જલવાહ તો ઉસકા આંખમે-છાયે ગાયા જો હો સોહો...૨
હમકુ ખુશીસે કામ હયે-દીલમે વોહી તમામ હયે,
હોઠોપે જીસકા નામ હએ-દર્દ સદા જોહો સોહો...૩
નાસહે સિરો તુમ ન-કુછ-કહો દેખ સમજ કે ચુપ રહો,
એશકકા જખમ દીલપેસો-કારી લગા જોહો સોહો...૪
હોનાથા સો હો ગયા-હોગા વોહી જોહો ના હયા,
પુછોના કુછ દીવાનોંસે-લે તે હો ક્યા જોહો સોહો...૫
નીશેકી હય અજબ મઝા-મહી તે સબા તું જાને ક્યા,
પાનિહય જો બરમીલા-કહેતે હય વોક જોહો સોહો...૬
યાર નેહી હમે શરાબ-પીકે હુવે હય હમ ખરાબ,
ચાહો ભલા કહો તુંબ-ચાહો બુરા જોહો સોહો...૭

(૫૯)—નિગાહે ગફલત—રાગ, કલ્યાણ-ગઝલ.
અયસી જો દિલરૂબા હો તો ફિર નાજ ક્યું નહો !
ચેહે હુસ્ન દિલ ફરેબ યહે અન્દાજ ક્યું નહો !—અયસી.
જિના હય પારસાઈકા નામ ઈસ્સે દહરમેં !
અવાજ મેં મસીહકા એજાજ ક્યું ન હો !—અયસી.
ખુબી કે આસમાનકી નરગીશ તુ માહ હય,
હાલ તેરા અય માહ યેહેદમ સાજ ક્યું ન હો !—અયસી.

(૬૦)—જલસા સગ્રહ—રાગ, ખમાચ, આશાવરી.
અબ મએ કએસે આવે, રાજહો તેહારે પાસ.—અબમે૦
પાએલ મોરી બાજની મહેઘુઆં રબાવે, દુજે હએ બેરીકો બાસ-અબમે૦

(૬૧)—જલસા સંગ્રહ—રાગ-સીંધ કાફી-ઠુમરી.
અલબેલે સૈંયા હમસે કરો ના પ્રીત-અ.-ઓરોનકે સંગ હસત બોલત હો
દેખી તિહારી પ્રીત હાંરે, સૈંયા હમસે ન કરો ના પ્રીત૦—અલબેલે૦

(૬૨)—**ગઝલ**—રાગ, ભેરવી, તાલ દાદરા—
અપને મૌલાકી જોગન બની, જોગન બનીરે બી જોગન બની
અપને મૌલાકી અપને ખ્વાજાકી જોગન બનીરે.
મેં અપને દીલકો કીસી બુતકો દીયા ચાહાતા હું,
છોડ ઇસ્લામકી રાહ કુફરલીયા ચાહાતા હું. અ.
અય મુસલમાનો કહો, કયા મેં બુરા ચાહતા હું,
જીસ્સે મીલા હય ખુદા ઉસ્સે મીલના ચાહતા હું. અ.

(૬૩)—**પુનેનાહક**—
અલબેલોંસે કહના રે સંદેસા મોરા.
કાહે બીસારે અય પ્યારે, મોહે આરે આરે તોરી હમ આસની હારે,
ફેરો કુછ ધ્યાન લગે, બિહરઆન, હય તનપે આન બનીરે,
દીન રતીયાં એહાં, દીન રતીયાં રક્ત બહે અંખીયા,
આગ હય છતીયાં લગતીયાં, નભાવત કોઊકો બતીયાં.
અબતો સજન દીખલાદે દરશન...............હારે.
સુલગતા તન મન તજે હમ અનધન.

(૬૪)—**અસીરે હિર્સ**—રાગ-સોરઠ, તાલ, ખામટા.
અમ્મા મુજે અચ્છીસી ટોપી મંગાદે,
ટોપી મંગાદે ઘોડા દીલાદે જોડા મીલાદે સીલાદે.
ગાડીમેં લેઉંગા ઘોડેપે બેયઠુંગા હાંકુંગા કુચ કુચ હું હું હું,
આહીસ્તા આહીસ્તા આહીસ્તા બસ.
થમ થમ થમ થમ, અમ્મા મુજે છોટીસી બંદુક લાદે,
બંદુક લાદે ભાલા મંગાદે તીરો કમાન દીલાદે.
તોપો ફોડુંગા કીલેકો તોડુંગા, ગોલા ચલાઉંગા ધરરરરર ધુડીમ,
ઝટપટ હો, ઝટપટ હો ઝટપટ હો પ્યર ધરરર ધુમધુમ—અમ્મા.

(૬૫)—ગઝલે-ફિરોજ, રાગ, બેહાગ-ગઝલ.
અજબ અશર ગાનેકી સુનતે ગમ સફા હોવે,
એક બારભી કરે રહેમ જો, ખુદા ખફા હોવે.
હેવાનભી જો સુનતે હો જાતે હો જાતે હએ આશક,
જો બેવફાસંગ દીલ હો નઓં બી—વફા હોવે......અજબ૦
હએ ફીલીવો અમ મતી ફુલે આરામકી,
શરાબ બેહોશવો હએ જીસ્સે દરદો દફા હોવે.....અજબ૦
શીરપે ગીરા અફલાક તો પલભા મીશાલ લગે,
આરામહએ એજીનદામે તોલાગો જફા હોવે.....અજબ૦
ફીરોજ કે અજીજો ગાતે રહો સુબો સામ,
ખુશ હો ઇલાહી તુમપે—દોનો જાંહાં નફા હોવે.....અજબ૦

(૬૬)—હારજીત—
અદાબાંકી તીરછીયાર તેરી ચાલ હમે મતવાલી, તેરે બાલ જુલ્ફે કાલી,
તેરી આંખ જાદુડાલી, બની લાલ મએકી પ્યાલી.
ઉફરે સૈયાદ મેરે-દીલકે ફસાને વાલે,
તુજસે કમ દેખે હમે અંદાજ દીખાને વાલે;
ઓ દિલબર બરલર સહર ફન્દે-જુલ્ફેબડી-પુરફન.
દીલકો એક ફસંત ફીરતહય, કરેકે ઝાંસા લાસા જાંશા ફાંસ',
શીકારી બનકર તેરી, નીગાહે કરત હરદમ સહયારી.

(૬૭)જલશા સંગ્રહ—રાગ. ધનાશ્રી-ખ્યાલ.
અબકે સુનીયો બનકે કયેસા, આઓ તો કોહે કરન તેઆઓ કીનો.-અ૰
કહા પુછત હો બિર બદાગી, અધક છાંડ દુઃખ દીનો,
જંતર મારી મોરો મનહર લીનો સદા રંગ લીનો.-અ૰

(૬૮)—શ્રી બ્રહ્માનંદ ભજનમાળા—રાગ-ગઝલ, તાલ દાદરા.
અપને કો આપ ભુલકે હેરાન હો ગયા,
માયાકે જાલમેં ફસા વિરાન હો ગયા.—ટેક.
જડ દેહકો અપના સ્વરૂપ સમજ માન મનલીયા,
દીનરાત ખાન પાન કામ કાજ દિલ દિયા;
પાનીકે મિલકે દૂધ એક જાન હો ગયા.—અપનેકો.
વિષયોંકો દેખ દેખકે લાલચ મચા રહા,
દીપકમેં જ્યોં પતંગ જાય કે સમા રહા;
વિના વિચારકે સદા નાદાન હો ગયા.—અપનેકો.
કર પુણ્ય પાપ સ્વર્ગ નરક ભોગતા ફીરે,
તૃષ્ણાકી ડોરસેં બંધા સદા ધરમ ધરે;
પીકરકે મોહ કી સુરા બેભાન હો ગયા.—અપનેકો.
સત સંગમે જાકર સદા દિલમેં બિચાર લે,
બદનમેં અપને આપ રૂપકે નિહાર લે;
બ્રહ્માનંદ મિલે મોક્ષ જબી ગ્યાન હો ગયા.—અપનેકો.

આ (૬૯)—શીયાવક્ષ—કોઇ કીશીકા હાં નહીં.
આયા નંગા જાવે નંગા સંગ ન આવે રાઈ,
ફોગટ ફેરા તેરા ઠેરા શોચ જરા તું ભાઇ.
જૂઠી કાયા જૂઠી માયા જૂઠી જગત રચાઈ.
જૂઠા તેરા-મેરા જૂઠા જૂઠી સ્નેહ ચતરાઇ.
કોડી કોડી જોડી તોડી કર લે લાખ કમાઇ,
જહાંકા વહાં સબ રેહ જાવેગા સંગ ન આવે પાઇ.
કોણ હમે ભાઇ કોણ હમે બાઇ કોણ જાઈ ઓર જવાંઇ,

હમકે હરદમ માનીંદ સબનમ ઠંડી સબ સગાઇ.
આશા તૃષ્ણાં લોભ મોહ મદ કામ ક્રોધ મીલાઇ,
સચ્ચી સમજો દુન્યાકી હએ ઝેહર ભરી મીઠાઇ.
કીસકા બાવા કીસકા બેટા કીસકી જોરૂ લુગાઇ,
બીપત આગે તજકે ભાગે જયું બર્તનકી કલ્લાઇ.
શીઆવક્ષ કહે એ મેરા તેરા જુઠી હય ભટ્ટાઇ,
કોઇ કીશીકા હાં નહિ દેખા શીવાયે, સચ્ચા સાંઇ.

(૭૦)—ભજન તુલશીદાસ—રાગ ભજન—

આજ રહો મોરે પ્યારે રઘુવર, આજ રહો મોરે પ્યારે.—રઘુ૦
જો તુમકો બનવાસ દીયો હે, કરીએ ગમન સકાલેરે.—રઘુ૦
રઘુવર કહે સુનો મેરી જનનિ, યહ વ્રતનિયમ હમારે,
અબ ન રહું ઘર માત કૌશલ્યા, દશરથ બાચા હારેરે.—રઘુ૦
સિતા સહિત સૌમિત્રા નંદન, ભયે કુટુંબસેં ન્યારે,
તુલશીદાસ પ્રભુ દુર ગમન કિયો, નયન વહે જલધારેરે.—રઘુ૦

(૭૧)—મોહજીત—

આ વિશ્વરૂપ વનવાડીની શોભા, સુઘડ સતિયો થકી,
જનરૂપ જુઇના પુષ્પની, ખુશબો ખરે તેમાં ટકી....આ૦
સુખદ આ સંસારમાં, દુનીયા તણા વ્યવહારમાં,
ભરથારને બ્રહ્માંડમાં દેનાર, સુખ તો છે સતી...આ૦

(૭૨)—સત્યનારાયણ—

આજ કાલ પાપી રહ્યા જગ મ્હાલી, ભરમ ભારી અને ખીસ્સે ખાલી-આ.
ધરમીને ધાડ અને કુશળ કસાઇને, આપે મ્હારો વનમાળી-આ.
ભુંડાથી ભાગ્યઓ ભુત પણ નાશે, નીચાની ઝુંડે સઉ [illegible]-આ.
ભકતોને ભીડ તીટ, ઉભરાય ઠગોને, દોરંગી દુન્યા નીહાળી—આ.
ધરનાને ધંટી છે બંટી બાવાને, બળતાને નાંખે સઉ બાળીરે–આ.

(૭૩)—સ્નેહ—સરીતા—રાગ-કોરસ.

આજે ઉત્થાપન કરીએ, મંડળ પાણીચું લઇએ,
મહિલાનો ઝુંડો ધરીએ, પાઘડીનો વળ ફેરવીએ....આજે.
નિષેધક મોઢાં કાળાં "બૉય કૅાટ" કરો ના બાળા,
બસ, વેલકમ, સૌ સુધારા, બસ, વેલકમ, સૌ સુધારા....આજે.

(૭૪)—સરોજની—

આ. મન ઉપવનના માલી, લ્યો સુમનની માળા સ્વીકારી.
માળા કરમાળા ધારી, ધારી, કીધી ઉપકારી,
નવ પલ્લવ આ તન વેલી, મમ હૃદય સંગ વળગેલી;
પ્રિતિ પીયુષથી નવલ ખિલેલી, લેજો સ્નેહે સંભાળી....આ૦

(૭૫,—બોલતો કાગળ—રાગ ફારસ.

આશક ખડકુચા જોવા માશુકનો પુર દમામ,
ચાહે રાંડે કે માંડે શું અમને તેથી કામ.
જાણે ઘરડી ઘોડી ને પહેરાવી લાલ લગામ,
જોડી જુગતી છે એવી, જોવા મળશે ગામ.
હા, હા હા હા હા હા—હા હા હા હા હા.

વર લોભ ધરે કન્યાનો, જમવાને માગે જાન,
ઢોડાને બદલે ખાંધો, ગીતડાને બદલે કાણુ.
અહીં માડવલો મંડાયો, ત્યાં કાષ્ટ ગયા સમશાન,
ચોરીને બદલે ચોકો, ને રામબોલો ભાઇ રામ.
હા, હા હા હા હા હા—હા હા હા હા હા.

(૭૬)—**શ્રી બ્રહ્માનંદ ભજનમાળા**—ભજન રાગ જંગલા તાલ. ૩

આજ ખેલન મત જા મેરી સજની, શામ સુંદર ઘર આવત હૈરી.—ટેક.
મોરમુકુટ સિર ઊપર રાજે, ગલ બન માલ સુહાવત હૈરી.—આજ.
બંશી અધર લગાય બજાવે, મધુર મધુર ધુન ગાવત હૈરી.—આજ.
પીતવસન મકરા કૃતિકુંડલ, પગ નપૂર ઝણુકાવત હૈરી.—આજ.
બ્રહ્માનંદ પ્રેમવશ મોહન, સખિયન દરશન દિખાવત હૈરી.—આજ.

(૭૭)—**સ્નેહ-સુધા**—

આનંદ આજે છાયે સકળ સ્થળ, ગાતાં પ્રભું ગુણ પુર્ણ ઉમંગ ધરી,
અકળ અગમકૃતિ રતી અતી રસ ભરી, જગત સકળ મહિં રહી વીસ્તરી.
કર્તા હર્તા જગના, ફળવતી સહુ તુજ રચના,
તારા આધારે સહુકો ચાલે સુખે મ્હાલે.
હે જગ [illegible]! શ્રીવર દાયક! સહાય કરજો! વિઘ્ન હરજો!—આનંદ.

(૭૮)—**કુશમાવતી**—

આતો હીસ્ટ્રીયા કળાય, વાયુ ગોળો છે ભળાય,
ચાલ ડીસ્પેનસરીમાંય સધારીએ.
ચૅાટો વિકટોરીયા માંય, ડાકટર ભક્કાને ત્યાંય......ચાલ.
અરે, અરરરર હાય, કંઇ કંઇ થાય છે,
ખમા ખમા ડીયરજાન તને શું થાય છે.
અરે, અરરરર હાય, મારો જીવ જાય છે.
મારા કલેજાના ટુકડા, તને શું થાય છે.
કાળી જીરી બે વાલ, ગળો લીંમડાની છાલ,
પાઉં કાવો કરી ચાલ, માહી થોડુંક ઝેર ઉમેરીએ...ચાલ.
જાય કોલેરાનો રેગ, ભળે માલતીનો ભોગ,
આવે દીવાળીનો જોગ, લઈ અશ્વનીકુમાર ચાલીયે;
અરે, અરરરર...........અવે હાય.

(૭૯)—**શીયળવતી**—
આ તન મન ધન ને હાથ, કરી ક્યાં જશો મનમોહન,
નહિં અલબેલા અલગ થવા દઉં, રહેશો મુજ ભોજન.—આ૦
કૃપા કરીને મ્હેલ પધારો, રાત ગુજારો પ્રાણજીવન,
મુલાકાત મુજ તાત તણી લો, રૂડે ઉગમતે દિન.—આ૦
હાલ તમારે મ્હેલ આવવું, જરા રૂચે નહિં મારે મન,
દયા કરી દ્યો રજા મુને હે, સુંદર તન ચંદન.—આ૦

(૮૦)—**સ્નેહ–સુધા**—(ભજન)
આ જગમાંહિ જન્મ ધરીને, જન જે સુકૃત કરે;
અભયવર વિશ્વ મહીં એ વરે; સહજમાં ભવ સિંધુથી તરે....આ૦
વિષમ વિષનું પાન કરે તો કહો, જીવે કે મરે!
"કરણી તેવી પાર ઉતરણી," ન્યાય નજર પર તરે.
પાપીઆ ૫ટ ફટ થઇને મરે; અંતમાં દુઃખી થઇને મરે,
ધર્મીનું ધ્યાન પ્રભુ પણ ધરે....આ૦

(૮૧)—**બુદ્ધદેવ**—
આવો પ્રીતે પુંજુ પા......ય, પ્યારા પતિ;
તવ સ્નેહ તણી પુંજા......ય, સ્વીકારૂં સતિ.
દૈવિ કુસમે, કાન્ત વધાવું, અંતરના હિંડોળે ઝુલાવું,
પછી પધરાવું મન મંદિર ભગવા......ન, પ્યારા.—તવ સ્નેહ૦
શાણી છો ગુણની ખાણ, વ્હાલા તમ મીઠી વાણ,
પ્રિતે આપું સન્મા......ન, પ્યારા પતિ.—તવ સ્નેહ૦

(૮૨)—**મોહની ચંદ્ર**—
આવા નામના કુબાકુ પુત્ર નામના, હોય ક્રોડો કહી તોય શા કામ ।।.
એતો બાડ પાડુ જનક ધન ધામના, છેદે જનુની જોબન ના કામ ।।.
અસંખ્ય તારા આભમાં ઉગ્યા નાવે કામ,
એકજ ઇંદુ જગતનુ ટાળે તિમીર તમામ.
તેમ કુટીલ કરોડ પુત પાક્યા છે નકામ,
કુળ ઉજાળણ હાર છે, એક સપુત ગુણવાન.

(૮૩)—**મોહિની ચંદ્ર**—
આવશે પ્યારી આવશે પ્યારી આવશેરે,
અહો હો હો, મારી હૃદય મણી પદ્મણિ પધારશેરે.
હીરા મંગાવું કે મોતી મંગાવું, પ્યારીનું મનશે માનશેરે,
માળા મંગાવું કે ગજરા ગુંથાવું, સુંદરીને શું શોભશેરે.
ચંબેલી લાવું કે હીનો મંગાવું, રસીલી શાથી રાચશેરે,
લાડુ મંગાવું કે ઘેબર મંગાવું, મોહિનીને શું ભાવશેરે.

(૮૪)—**ભાગવત-ગીતા**—
આ કમલ પાંખડી તુલ્ય વાંકડી આંખડી ચિતરી ખરી,
પણ કીકી ફરતી અજબ પળપળ કયમ બતાવું ચિતરી.
આ વદન હસ્તુ વ્હાલીનું, આવ્યું બરાબર ઉતરી,
પણ કોકીલ કંઠ છે, તે કયમ બતાવું ચિતરી.
આ પદ કમળ આવ્યા બરાબર અંગ નેપુર ધુધરી,
પણ હંસ કેરી ચાલ છે, તે કયમ બતાવું ચિતરી.
આખુ બરાબર અંગ એ નજરે રહ્યું તુરે વરી.
પણ મ્હેકતુ ડોલર સમું, તે કયમ બતાવું ચિતરી.

(૮૫)—**સ્નેહસુધા**—
આવ્યું જોબનિયું આવું શા માટે મસતાન ?
હું દિવાની બની, દીવાની બની........આવ્યું.
મીઠું રશીલું દર્દ, મુજને કંઇ થાય છે,
દર્દે દુઃખાઇ મારૂં મનડું મુંઝાય છે.
શું કરૂં ઉપાય ના મારાથી સમજાય છે......હું૦
એળે જુવાની મારી ચાલી આ જાય છે,
જોબન વનમાળી વીના ખીલી કરમાય છે;
લક્ષે ના લેવાય સ્નેહ શાગર સુકાય......હું૦

(૮૬)—**લલીત મુગ્ધા**—
આવો મનમોહન આ યોવન, બગીચો બતાવું.
બગીચો, બતાવું મોહન પુષ્પે વધાવું,
પ્રેમની ધ્વની લગાવું હે, પ્રેમની અલખ જગાવું.—મન૦
આમ્રથી મીઠા ફળ મોહન ચખાડું,
પ્રેમની બૂરકી લગાડું, હે નેહને નયને નચાડું.—મન૦
શેતુરથી મીઠાં ફળ વ્હાલા ધરાવું,
અધર રશ પાન પીવાડું હે અધર રસ પાન ચવાડુ....મન૦
હૃદય સરોવરની શીતળ પાળે,
પ્રિતીને પંખે પોઢાડું-હે પ્રેમ જળ છાંટી જગાડું.—મન૦

(૮૭)—**લલીત-મુગ્ધા**—રાગ કૉરસ.
આઇ એમ કમીંગ, આઇ એમ કમીંગ, મેડ મધર આઈ એમ કમીંગ.
ગોઅવે યુ ડેમ મધર, ગો યુ ઓફ હાય સ્વેર બ્રધર,
નોટ યુ સ્પીક, નોટ મીટમ-નો યુ શેઇમ, ઓફ, ઓફ, ઓફ.

(૮૮)—**સુધન્વા**—
આવો સખી આર્ય ભુમિ માતાનું મંગળ ગાઓ. હાં.
અંતરની ઉર્મીના અબીલ ને ગુલાલ છાઓ,છે વરદારી શ્રીકર નારી રમ્ય રશાળી
વિશ્વ નિવાસીની વિષ્ણુ વિલાસની, વિધ્ન વિનાસીની જય જય માત.

(૮૯)—સુકન્યા-સાવિત્રી—

આવો આવો હું લેવરાવું લ્હાવો, આ મારા સંસારનો,
થયો આજે અનુભવ ભવ પારનો.
તમારાં વિના વ્હાલું નથી કોઇ મારે, તે માટે કરૂં પુંજા તમારી પેજારે.
આતે બાયડી કે શાયડી—(શાયડી ! શાયડી ! શાયડી !)
દીઠો માલ શું ? મફતીયો બજારનો, આ મારા સંસારનો-આવો.

(૯૦)—પવિત્ર-લક્ષ્મિ—

આવે સમએરે જામીન મિત્ર વિના કોણ થાયરે,
વ્હાલા વિના કોણ :થાયરે..............આવે૦
સલામ મિત્ર સૌમળેરે, તાળી મિત્ર અનેક,
ભીડ ભંજન કોઇ વિરલા, હોય સો લાખનમાં એકરે.—આવે૦
મુખ મીઠાં કપટી હૃદયના, દેખું લાખ કરોડ,
સંકટમાં શીશ અરપે એવા, જગમાં ન મળે જોડરે.—આવે૦

(૯૧)—સરોજની—

આવો અલબેલાજી અંતરમાં બારાજ...બળતી ડારો...
મારો દોષ કંઇ, અવગુણ, નહિ ઉર ધારો, બળતી ડારો—આવો ?
કાં ? તમારો તોર તુંટયો, ભૂલી માફી આપશો ! ડાહ્યા ડમરા ભૂલી જશો.
(ના. ના. ના.) (નહિ તો જો જો પછી ટટળી પડશે ઠંઠણું ઠં !)
(પછી વાગશે પપુડી પાછળ પેં પેં પેં) ફરમાવો હુકમ ફરમાન.
બેસી જા ! ઉભી ચાલ ઉભી થા બેસી ચાલ ?
ભુલી કે ? થપડ માર, અરે વ્હારે તારો પ્યાર......આવો.

(૯૨)—નિલમ-પ્રમિલા—

આવો આવોને સુંદરી સલુણી, સ્નેહી સાચો સ્નેહી સાચો સ્નેહ છે,
પાતળીયા પિયુ પ્રિતમ પ્રાણ, નિર્મળ ન્યારો નેહ ન્યારો નેહ છે.
પ્રેમ પઢાવીઓ સ્નેહ સુધારીયો આનંદ આપિયો આ....આ૦
પ્રીતીનુ ગોરસ સરસથી સરસ સારંગ નયની પીશ તારૂં પીશ....આ૦
છેલ છોગાળા છો રઢીયાળા, રૂડા રાજ રશીકલાલ, હા.
ચંપક વરણી સુખદ કરણી-દુઃખદ હરણી. આ......આવોને.

(૯૩)—સંગતના ફળ—

આજ બુલબુલની વાણિ આ અજબ :મીઠી લાગે કાં-
ટહુકારે ગજબ શણગાર છાતીમાં વાગે કાં-
કર્ણે અમૃત પિયે એનું શીતળતા અંગમાં ઢાળે,
વધે મન મોહની મુર્છા એ પ્યારી લાગી કાં-
કદી રમતી હતી એથી, કદી હસતી હતી એથી,
અગોચર વાણીના ભાવે ભરી એ આજ લાગે કાં)

(૯૪ — કુબિર-વિજય—રાગ, ભજન.
આવો, આવે સમયે અમોને ઉગારવા ધિરા ધાઇ,
સાહે કરો સહુ જોતાં રામ રઘુરાઇ.
મતી ગતી મુંઝાણી છે પ્રભુ વેગે પહોંચો પ્યારા,
ભુજંગને આપો ભાવે, જીવત દયાળુ દાતા.
ગાયા નહિ જાયે ગુણો ત્રણે ભુવનોના ત્રાતા,
જોયા નહિ આપ જેવા, જગમાં જોરાતા.—આવો૦
તાર્યાં આપે તંતે ભકતો જુવો અહલ્યાબાઇ જેવા,
આનંદે આરાધે છે દાડી, દેવો કેવા-કેવા.
વેદોમાં વિખ્યાતી વ્હાલા, સ્રણી કરે સર્વ સેવા,
કુબિરનાં કષ્ટ કાપો લાખેણી, સુકિરતી લેવા.—આવો૦

(૯૫)—સંગતના ફળ—
આવો અમારા અંતરના મહેમાન, તમ પગલા અમ ઘરમાં,
થયાં આજે કરૂ રાજી મારા મેહરબાન.—આવો.
પાંચે પકવાને ભરી થાળી ગમતી મનની પિરશું તમને,
ખરાં મીઠાં, ખાટા તીખાં જે રૂચે તમને;
ભાવતાં જમજો રસ ભોજનને સહુ આજે સુખ કાજે.

(૯૬)—દેવકન્યા—
આવો કરો હાથ મેલાવો લઈ એ પરણવાનો લ્હાવો,
અડીશમાં એ પડશે અપવાશ-જુવો તો લગ્નમાં કેવી મીઠાશ!
......ખાટી ગંધાતી એ છાશ—આવો૦
લગનથી સુખી સંસાર લગનથી જગત વહેવાર,
ભલાં ઘરબાર પ્યારા ભરથાર !-મારાં તો પ્રણામ હજાર-આવો૦

(૯૭)—સ્નેહ-સરિતા —
આનંદે ઊરછાયાં, સોહાવશે દિન આજ સુખસાર ભામા,
સુંદરીને સ્વામી, શોભાવનારાં—આનંદે૦
હર્ષ ભર્યાં છે દિલ હમારાં, મોક્ષ ગિરિનાં દર્શન પ્યારાં,
છે અણમૂલાં એ સુખ ન્યારાં, ઊર આ મલકાય વ્હાલા;
પ્રાણથી છે પ્યારાં, મોક્ષ લ્હાણાં—આનંદે૦

(૯૮)—સુકન્યા-સાવિત્રી—
આરામની સુખ ધામની, પ્રીયા તું પ્રતિમાં પ્રેમની,
ભ્રમતાપ ઊરના હારનારી, તું શિતળ ધારા બની.
માળા જપું તમ નામની (૨) નથી ઇચ્છા દામ દમામની,
ચિત્ત ચાહુ સેવા સ્વામની........................
........સાચી તું ભગવતી ભામિની—આરામની.

(૯૯)—સુરદાસ—

આ તારાં વચનો સારાં સ્નેહે સાંભળતાં,
શાન્તિ પામ્યું છે મન માહરૂં રે આજે.—આ તારાં.
જગની જંજાળમાંથી બળતો બચાવ્યોજી,
ધન્ય ગુરૂ ચિન્તામણી ધારૂં રે આજે.—આ તારાં.
ભક્તિ ભગવાન કેરી કરતા હંમેશાજી,
થવાનું ત્વરાએ શુભ તારૂં રે થાણા.—આ તારાં.

(૧૦૦)—શુદ્ધ જયંતિ—

આર્ય ઉન્નતિ થાય ક્યાંથી, જ્યાં આવાં અઘટીત કર્મો થાય,
માખણ માટે નિર વલોવે, કંચન તજી કોઠીને રહાય.
એક ટકાની હોય તોલડી, તોય તપાસે સઘળે ઠામ,
મુખ ઠકોરા ખખડાવીને, પુરણ પર્ખી ખરચે દામ.
કન્યાના જીવતરનો સાથી, વર જોતા આંધળીયા થાય,—
હુન્નર કરવે રાખે આળસ, અભિમાને અંધા અથડાય.
જુઠ્ઠા ઢોળ દમામ રાખીને, પાઇ પાઇ માટે અટવાય,
સુખદ સરોવર ગાય દીકરી, સ્વાર્થ સાધવા વેચી ખાય.—

(૧૦૧)—વસુંધરા-ઉર્ફે-બેધારી-તલવાર—

આલી સખી અબોલડા નવ લઇએ, માનુંની ન માન મહીં મરડઇએ.-આલી.
પ્રીત કરી પડદો રાખે પણ—નખરાં કેમ છુપાવે. (૩)
અંતરના ઉભરા તે એમજ ઊડી આગળ આવે,
ના નૃત્ય કરે આ નેણે—અલી કહે તને મુંઝાતી કેણે.
જાણ્યું જાણ્યું જાણ્યું જાણ્યું-કહે જાણી જણાવે,રહે અજાણ્યું ન કંઇએ-આલી.

(૧૦૨)—માયા મોહિની—

આવી લગની લાલ લગાવી, લલના ભુલી ના જશો,
મારા છેલ છબિલા, રસરંગ ભિના, મુકટમણી ભરથાર, નગીના...લગની.
ગુણવંતી ગંભીર નારી, પ્રેમ દેવી તારનારી.
શાંતિ તારી સુખ કરનારી—કાંતિ તારી દુઃખ દમનારી,
તું માલિક છે આ તનની................................આની.

(૧૦૩)—નંદબત્રીસી—

આ સ્વપ્ના સમ સંસાર સમજી લોને શાણા,
દુર્લભ માનવ અવતાર, અવની મહી ઓરાણા.
બાળપણું રમતા ગુમાવે, જુવાનીમાં લંપટપણું ભાવે,
વૃદ્ધપણાએ જીવ લોભે તણાએ રટે નહિ કીરતારરે.
મરણ શ્વાસ જવ ચાલુ થાયે કૃત્ય કુંડા નજરે ઉભરાએ,
પીડાય ભારે, પસ્તાય પાપી તારે, આંસુ વહે ચોધારરે.

(૧૦૪)—**મણીકાન્ત કાવ્યમાળા**—રાગ, ગઝલ, સોરઠી.

"ધનવાન અભિમાની સગાઓને ઠપકો."

આવ્યા તમારે આંગણે આવો ભલે કે'તા નથી,
કરિયે પ્રણામ સલામ પણ કૈં લક્ષમાં લેતા નથી!
કહો શેઠ કુશળ ક્ષેમ છે! તમ બાળ બચ્ચાં કેમ છે?
આ રંકનાપર રેમ છે! ઉત્તર અરે દેતા નથી!
નવ બેસવા આસન કરો, નવ પાન સોપારી ધરો;
અવલોકતાં અવળા ફરો, સ્હામું જરા જોતા નથી!
જળ પાત્ર નિજ હાથે ભરી, પ્હેલાં તમો સ્હામે ધરી;
વિવેકની ત્રુટી કરી, પાતા અગર પીતા નથી!
જળપાન વણ કહેવે કર્યું, અંતર અમારૂં હા! બળ્યું!
ના ધ્યાનમાં આપે ધર્યું, નરમાશમાં ન્હાતા નથી!
કૈં વાત કરિયે જો અમે, પણ સાંભળો ના તે તમે;
ના બોલવું તમને ગમે, કિરતારથી બ્હીતા નથી!
દુઃખ વાત તમ પાસે કહે, ના રે'મ તમ હૃદયે રહે;
અમ આંખથી આંસુ વહે, તે આંસુઓ લ્હોતા નથી!
ધનહિણ શું હલકા અમે! ધનવાન તે ભારે તમે!
તમને સદા ચહિયે અમે, અમને તમે ચ્હાતા નથી!
અંધા બનો અભિમાનમાં, ના વાત લ્યો કૈં ધ્યાનમાં;
છેવટ જવું શમસાનમાં, પણ ગર્વને તજતા નથી!
છે રંક રાજા હારમાં, કિરતારનાં દરબારમાં;
કો ઊંચ નીચો—ધારમાં, જુદું અમે ગાતા નથી!

(૧૦૫)—**અદલ ઈનસાફ**—

આવો લટકાળી નાર, કરો હેડાણી પ્યાર, આપો પહેલું કમીશન મારૂં.
નારીના વેશે નખરેથી લોભાવી, કેવો લીધો મેં ખચરને ફસાવી,
જરા મુખડું બતાવો તમારૂં. ઉંહ, ના, ના, ના.
બસ ખોલી ઘુંઘટ આવ આતુરને ભેટ,
કેવો હંબગ છીટ, છીટ, આઊટ ઓફ, એટીકેટ.
વા, વાઆ, હા, હા, ભુલ્યો, ચૂકયો, લ્યો આ ઝુકયો,
પુરો ગમાર, આપો પહેલું કમીશન મારૂં.

(૧૦૬)—**મીસ, ગૌહરજાન**—રાગ, જીલ્લા, તાલ દાદરા.

આનબાન જીયા મેં લાગી, પ્યારી ચિત કયોં દીયા, આનબસી કૈસી—સી.
ચઢન લાગી છજ્જૂ પૈંયા, બોલો મેહરબાન સૈંયા,
તુમ બીન મોહે કલ, ન પડે તુમારે કારન જાગી—આનબાન જીયા મેં.

(૧૦૭)—**મીસ, ગૌહરજાન**—રાગ-મલાર તાલ, ત્રિતાલ—
આયે ગરજત બાદરવા સુખ પાયે—આયે ગરજત.
રૂમઝુમ કહું મો ન સુખ પાયે.—આયે ગરજત..

(૧૦૮)—**મીસ મલકાજાન.** રાગ, ઝીંઝોટી, તાલ, ત્રીતાલ.
આઓ ગલે લગજાઓ મે વારી સૈંયા, ફુલન શેજ બિછાય સી મોરે સૈંયાં,
તુમ બીન મૈકા જીવ ગભરાવત હે, અબ કાહે જીયા તરસાવત હો;
મોરે સૈંયા.—આઓ.

(૧૦૯)—**મીસ, મલકાજાન.** રાગ પીલુ કહારવા-તાલ લાવની—
આવોજી આવો કૃષ્ણ પ્રાનકે જલાને વાલે,
અલખ હો અવીનાશી રાંભુર ફેસે હો બાસી.
અખિલ મંડ હૈ બ્રહ્માંડ કે બનાલે વાલે,
સંતકો પીર જુદો કીનો પિત્તરશે નિરાદાર કીનો;
બસુદેવ દેવજીકો દુઃખસે છુડાને વાલે.
ગૌતમકી તિરિયા તારી પરાગકી બોલી બાલી,
આજ મિલે—પાપી જમ દંડસે, છુડાને વાલે.
રૂપ મુખ શખન વાલે દશરથકે દુલારે,
તાડીકા વ્યાઘ્ર મારે, ગર્દમેં મિલાને વાલે.—આવોજી.

(૧૧૦)—**પ્યારા સાહેબ**—રાગ, સીંધુ, ભેરવી. તાલ, દાદરા.
આજ મૈં લડુંગી સૈંયા, અપને પીયાકો જાને ન દુંગી.—આજ મૈં૦
ઇતની બિનતી મોરી માન લે સૈંયા, તાબે જીંદગી તાબેદાર
હો રહુંગી સૈંયાં.—આજ મૈં૦

(૧૧૧)—**ખુનેનાહક**—
આજ તોરા સૈયાં મંદીરવાલે, એહે પીયારી ભાગ જાગે-સોહાગ રાગ જાગે-આ.
વારવાર હું નીસાર, જાન દુંગી વારવાર, ફીર હમકો તુમ જાગી ભુલ,
તુમ નેક ગુલ જાઓગી ફુલ વાહ ! વાહ વાહ વાહ, ક્યા લહએ.-તોરા.

(૧૧૨)—**તબદીલે કીસ્મત**—
આઓ આઓરે મેરે પ્રેમકી ફાસી ડારી.
મત વારી કરદારી મોહે દીલસે બીસારી,
મોરે નએન કટારી મારી ભારી............................આઓ૦
તુમારે દરસ બીના તડપડ નીશદીન, હમે ના સતાઓ,
નહી ચયેન હએ તુમ બીન, તન મન ધન વારૂં હાં.
બવસ્લ કયું કે મુબદદીલ હો હીજ કે આઇયાંમ,
મગર ખુદાઇ એ બીગડે હુએ સંવારે દીન,
દપ ઉસસે હોગી મુલાકાત એ મએં પુછું હું,
જરા તું દેખ તુઝમી મેરી સીતારે, દીન હાં હાં હાં હાં હાં.—આઓ૦

(૧૧૩)—શ્રી બ્રહ્માનંદ ભજનમાળા—(રાગ-રેખતા-તાલ-દાદરા.)

આશક હુવા જો દિલતો ક્યા દુનિયાંકી શરમ હૈ,
કરના ઇશકકા જગતમેં નહિ સહજ કરમ હૈ.-ટેક.
દીપકકો દેખકે પતંગ પ્રેમવશ ભયા,
પડકે અગનમેં જલ ગયા ક્યા શીત ગરમ હૈ.—૧
ભ્રમર સુગંધકે લિયે ફુલનમેં જા બસા,
ફસકે કમલમેં રહા ગયા, ગરચે વો નરમ હૈ.—૨
ચાકર કે રણમેં શૂર ના આગે ચરણ ધરે,
ઘાયલ હુવા બદન નહીં મરણેકા ભરમ હૈ.—૩
ઇશુ તથા મનસૂરકા શૂલી ચડા દિયા,
બ્રહ્માનંદ ગઈ જાન તો છોડા ન ધરમ હૈ.—૪

(૧૧૪)—તબદીલે કીસ્મત—

આગ તનમન લાગી કયસે બુઝાઉં—
ક્યા બતાઉં ક્યા સુનાઊં, કલ પાઉં, જીએ જાઉં, ઓ કીસકો દીખલાઉં—આ૦
હાય ગઇ મયહાર, પાસ નહિ વો યાર, દાતા કયસે રહું મનમાર,
કંથ બીના મય કામીની રોઉં—કયસી કરું કરતાર.
આજા જલદી ઓ પ્યારે, ઓ પ્યારે, જરી સુખ પાઉં,
મય તુજપે બલ જાઉં—આગ૦

(૧૧૫)—શ્રી બ્રહ્માનંદ ભજનમાળા-(રાગ-રેખતા-તાલ દાદરા.)

આશક હુવા જો દિલ તો ક્યા કાયરપણા કરે,
ઊખલમેં દિયા શીશ તો ચોટનસે ક્યા ડરે;
માશૂકકા મિલના બડા હૈ કઠીન સમઝ લે,
પાવેગા શો દિદાર જો જીતા હુવા મરે.—૧
અગર મુકામ યારકે જાના જરૂર હૈ,
જાતા હૈ વક્ત બિતાન ફિર ધીર ક્યા ધરે.—૨
ચ્હાતા હૈ દેખના જભી દિલદાર કો અપને,
દુનિયાંકી તરફમેં સદા ફીર ક્યોં નજર ભરે.—૩
તૃષ્ણા નદીકિ ધારમેં જો ડૂબતા ફિરે,
બ્રહ્માનંદ વો ભવ સિંધુ નીર પાર ક્યા તરે.—૪

(૧૧૬)—દિલેર-દીલશેર—રાગ, ભયરવી-તિરાના.

આજ હય સારી બાત ન્યારી! રહી નયાદ મેરી પ્યારી, ખ્વારી જારી.
થી જો માન જાન, મેરી આન બાન,
આજ રહી વ્હો નહી તમામ દિલદારી, ગમ ભારી.—આજ.
ઘાયલ,બિસ્મિલ હૂં મૈંય ગાફિલ,તેરે ગમમેં તાર તાર પયરહન જાર પુર સુખન,
હુઇ હય વાર એ કરી, એ દારી, એ જારી.—આજ.

(૧૧૭)—મધુ-બંસરી—

આશા નવ વન રસ ભરનારી, શોધતી હું મહા દીવી દુલારી,
ભેટયાં પ્રાણુસમાં માલી—આશા.
પ્રાણુ આદેશ શિર સાટે ધારી થઇશ હું જલધારી.—આશા.

(૧૧૮)—શ્રી બ્રહ્માનંદ ભજનમાળા- રાગ-બરહંસ, તાલ, ધમાલ)

આજ મેરી સુનિયે અરજ ગિરધારી. મૈં તો આયા હૂં શરણુ તુમારી—આજ.
બાલપણુ સબ ખેલ ગમાયો તરુણુ કિયો બશનારી,
ગ્રહ કુટુંબકે પોષણુ કારણ પરઘર હોયો ભિખારી.—આજ.
મેં જાનત યહ બાંધવ મેરે સ્વારથકી સબ યારી,
ધનસે હીનભયો મૈં જબહી સબકો લાગ્યો ખારી.—આજ.
આયાથા જીસ કામ કરણુંકા ઉસકી યાદ બિસારી,
આકર માયા જાલમેં ફસ્યા નિકલન કી નહિ બારી.—આજ.
ભવસાગરમેં ડુબતહૂં અબ લિજીયે વેગે ઊબારી,
બ્રહ્માનંદ કરો કરુણા પ્રભુ તુમ બિનકો હિતકારી.—આજ.

(૧૧૯)- જલસા સંગ્રહ—રાગ. ભૈરવી-ગઝલ.

આશક તમામ દરપે તેરે હય ખરે હુએ,
લાંએ ન કદ જાં સર બકફ અપને ધરે હુએ.—૧
નાર્દીક હુસ્નો તેરેકી સુનનેકુ અએ સનમ,
આદ ગૈદતે હય કબરોંસે મુરદે પરે હુએ.—૨
કયું પેચો તાબ કરતે હો હમકુ ગરીબ જાન,
આલમકે પેચ ઝુલફોંમેં હય અરે હુએ.—૩
ચલતા હય દોર ગુલ ગુંકા દીન રાત બાગબાન,
સરોં શીકાર તે હો હમસે ફીરે હુએ.—૪
સાબર હો માહે દીનકો ઓર સબકુ આફતાબ,
ચલતે નહી ફલકવે તુજ સે ડરે હુએ.—૫

(૧૨૦)—જલશા સંગ્રહ—રાગ, કલ્યાણુ, રેખતો.

આદમકે શરકો જો દમ ગયા સો ફીર ના ફીરા,
જારી હાન ચશ્મસે જો નમ ગયા સો ફીર ના ફીરા.—૧
લરાઇ કરતે ચહેરે પર દોનો જુલફો શિહા,
ગુસે રૂખ શાર કામો સમ ગયા સો ફીર ના ફીરા.—૨
અજબ હે જંજીલ મુસતર પે મુજકુ હેરત હે,
જાંહાંસે જો કોઈ હમદમ ગયા સો ફીર ના ફીરા.—૩
ઊદાસ હોકે સનમ શુબહો કુ ચલા અફસોસ,
બાહાર રોનેકે સબનમ ગયા સો ફીર ના ફીરા.—૪
ગરૂરી મંત કર તુંજ હોસ્નાપે અએ માહેલકા,
અજલકી સામને રૂસતમ ગયા સો ફીર ના ફીરા.—૫

(૧૨૧)—ખુરશીદે ઝરનીગર—

આલમમેં હય ખુબી સારી પયસેકી,બાબાબાપ બેટા જોરૂ પ્યારી પયસેકી,
ઇઝ્ઝતદારી ઇજ્જતદારી પયસેકી, જહાં દેખો વહાં મારામારી પયસેકી.
પયસે લાના, જયસે પાના દુઃખ ઉઠાના સુખ ઉઠાના,
સર કટાના જીસે જાના, તબહો આના પયસેકા.
ફ્રેરી ખારી એ લાચારી, ખીદમતગારી, તાબેદારી,
સઓ-મક્કારીએ કમાંના પયસેકા.
અદના આલા, બનીયા લાલા, અચ્ચા વાલા, દેખા ભાલાં, સબકો વાલા,
એ દીવાના પયશેકા, છોટા મોટા સચ્ચા ખોટા, શાલુ ગોટા.
થાલી લોટા, કુંડી શોટા પીના, ખાના પયસેકા.

(૧૨૨)—અસીરે હિર્સ—

આવો આવો છયલા મદવા પીલાઉં, ચય નન પાવે જીયા મોરે પ્યારે, પીયા.
મોહે મનમેં ખીકાઉં બલબલ જાઉં સજન બનાઉં—
નયકા વીના હય નેક કરીના—ચાર દીન હય જમાનેમે જીના—
સચી બાત તેહો બતાઊં આબે નાબલી સાફ હએ શીશા પ્યાલા સાફ.
મય નીરમલ સાફ્ી બનુ, પીને વાલ સાફ, આજાઓ આજાઓ આજાઓ હાં.

ઙ (૧૨૩)—શ્રી બ્રહ્માનંદ ભજનમાળા-રાગ, રેખતા, તાલ-દાદરા

ઇશ્વર તેરે દરબાર કા મહિમા અપાર હૈ,
બંદા ન સકે જાન તેરા, ક્યા બિચાર હૈ.—ટેક.
પૃથિવી જલોંકે બીચમેં કાસ આસરે ખડી,
સૂરજ વા ચાંદ ઘુમતે કિસકે આધાર હૈ.—ઇશ્વર૦
સાગર ન તીર લાંગતે સૂરજ દહે નહી,
ચલતી હવા મર્યાદસે કિસકે કરાર હૈ.—ઇશ્વર૦
જલ બુંદસે પૈદા કિયા યહ દેહ જીવકા,
ખાતા હૈ બોલતા ફિરે કિસકે સહાર હૈ.—ઇશ્વર૦
પંડિત હકીમ જ્યોતિષી કરતે બડે જતન,
બ્રહ્માનંદ તેરી શક્તિકા પાયા ન પાર હૈ.—ઇશ્વર૦

(૧૨૪)—મીઠા જહર—

ઇન દુકાનદારોકા ખુદા ભલા કરે, જીનકે જરીયે દાલ યારોંકી ગલા કરે.
ચયહરન કિરાએપર હમે યુંહી મીલા કરે,
ઘરમેં ખાક હો નહો નવાબ બરમલા બને.
સલમા ઔર જરીટકી બરાય નામહય, યે ફરેબ કે હય દાને ઔર યે દામહય.
ઇધર કતર ઉધર કતર ખતર વતરસે દરગુજર, કે હમપે યે હુનર તમામ હય,
યે આન બનિ શાન હય કમંદ બાકી,
રંગમે રંગી હુઇ હય હય મગર મંગી હુઇ હઇ આન બાન.

(૧૨૫)—**શ્રી બ્રહ્માનંદ ભજનમાળા**—રાગ ગઝલ.

ઇશ્વરકો જાન બંદે માલિક તેરા વહી હૈ,
કરલે તું યાદ દિલસે હર જાંમે વો સહી હૈ.-ટેક.
ભુમી અગન પવનમેં સાગર પહાડ બનમેં,
જીસકી સભી ભુવનમેં છાયા સમા રહી હૈ.—૧
જીસને તુઝે બનાયા જગ ખેલ હૈ દિખાયા,
તું ક્યોં ફિરે ભુલાયાં ઊમરા બિતા રહી હૈ.—૨
વિષયોંકી છોડ આશા સબ જૂઠ હૈ તમાશા,
દિન ચારકા દિલાસા માયા ફસા રહી હૈ.—૩
દુનિયાંસે દિલ હટાલે પ્રભુ ધ્યાનમેં લગાલે,
બ્રહ્માનંદ મોક્ષ પાલે તનકા પતા નહી હૈ.—૪

(૧૨૬)—**મીસ કાલીજાન—ધી ડીક્સ રેકર્ડ સોંગ બુક.**

રાગ, ગજલ. પંજાબી.

ઇલાહી ક્યા કરે જબ્તે મોહોબત હમતે મરતે હૈં,
કે નાલે તીર બન બન કર કલેજેમેં ઉતરતે હૈં.
જફાપર જાન દેતે હૈં સિતમપર તેરે મરતે હૈં,
યેના કામે મોહબત **સ્યતો** યો **હૈં** કામ કરતે હૈં.

(૧૨૭)—**ગઝલે-હસરત—ધી ડીક્સ રેકર્ડ સોંગ બુક.**

રાગ, ગજલ, કવ્વાલી.

ઇલાહી આબરૂ રખીયો મેરે પાઉં કે છાલોંકી,
છીદી જાતી હૈં નોકે ખારપર આંખે ગજાલોંકી.
દિલ અપના મુંત સીર ચાહત મેં હય ઉન જુલ્ફ વાલોંકી,
ગજબ હે ગુલશને, હસ્તી તબીયત મેં મલાલોંકી.
તુમ્હેં કરતે હેં કાયલ યા ખતા મેરી બતાતે હૈં,
હમેંભી દેખની હે મુનસફી ઇનસાફ વાલોંકી.
તેરે દરકે ગદા કમલીપે અપની ફક્ર કરતે હૈં,
ન **હસરત** ઉનકો સાલોંકી ન ખવાહીશ હય દુશાલોંકી.

(૧૨૮)—**ખુશરૂ-હશીના**—

**ઇસ નીંદીઆકે વારી સેજઆંપે ફુલોકી સોએ રહો,
ચાંદ છુપો પંછી બોલ ન લાગે, જાગો પીઆ અબ ભોર ભયો.**
**ગફલત કીયે ખ્વાબમે અએ મેરે દીલદાર,
ઇસ ફુલોંકી સેજપર હુએ હો તુમ બેદાર.—ઇસ૦
અએ ખુશ કીસમત હુજીએ, ગફલતસે બેદાર,
દમ મુંહ હાથ ગુલાબસે, ધુલવાએં સઓ બાર—ઇસ૦**

ૐ (૧૨૯)—**ઉસ્તાદી**—રાગ, ભૈરવ, તાલ ત્રીતાલ.—
ઉઠરે મન રામ ભજન કરરે, તીહુ તાપ કટે—ઉઠરે.
રામ ભજે પાપ કટત હે, દુખદારિદ્ર સબ હોત દુર.—ઉઠરે.

(૧૩૦)—**વિણાવેલી**— —ગરબો—
ઉગ્યો સખી સૃષ્ટિનો શૃંગાર હાર, ચાલ્ય ચાલ્ય જોવાને ચંદ્રમાં,
જોને પ્રેમ ઘેલી ભુમીના દેદાર જોને ડોલે સૃષ્ટિ આનંદમાં.
સાખી { ધન્ય ધરા ધન્ય સુંદરી તને, ચતુર ચન્દ્ર તુજ કાન્ત.
શાંન્તી પાઠ પઢાવતો, સાંધીને એકાન્ત.
ધરણી પડી પતીને પાંચ શીક્ષા શીરે ધરેરે.
ગુણીયલ ગોરી પતિ ગુણ ગાય, શાન્તિ ચિતે સ્મરેરે,
ચરોને બહેન ધરતીમાતાનું કહ્યું કાન, પ્રીતિથી કરો સંસાર સુધારસ પાન.
સાખી { ચન્દ્ર સુખે ચારડાઇને તારાના મુખ સ્યામ;
સદગુણીનું સુખ ભાળીને, રમે દુષ્ટના રામ
સખી ! જેને પતીનું માન, તેનાં ગાંધર્વ ગાયે ગાન,
પામે દેવી સમાન સનમાન, રમે રામા રસીક લઈ તાન.
ધરણી નાર સમ ગૃહીણીયો સેવે સ્વામી પાસ,
ચતુર ચન્દ્ર સમ ધણી મળે જય જય ત્યાં ઉચરાય.

(૧૩૧)—**મીરાંબાઇ**—
ઉઠ બાઇ તું બેઠા થાને શું સુતા સોડ તાણી, સમર રામનેજી,
રામ નામ છે ભવાબ્ધી તરવા ભજને સારંગ પ્રાણીરે, અવસર કામનેજી.
મારા મારા શું કરે સુત પિત દારા દેહ, ભજન હરિનું ભુલમાં પાગી દુર્લભ દેહ.
મુરખ મનવા મોટમ માની માયા માંહી મોહ મારે, મરણ માથેછેજી.-ઉ.
ઉત્તમ અવસર આજે આવ્યો, ખોટો જાણીસ ખોમાં હીરો હાથેછેજી.-ઉ.

(૧૩૨)—**સુકન્યા-સાવિત્રી**—
ઉભી ઉભી જોઉં વ્હાલા તમારી વાટડી, દેખી રૂપ હર્ષે ભરાય
મારી છાતડી—ઉભી૦
દયાનિધી દેવે આપી છે યુવાની, નીરખી નગીના બનું હું દિવાની,
આનંદે ગાળીશું દિનરાતડી—ઉભી૦

(૧૩૩)—**સુરદાસ ભજન**—રાગ, ભૈરવી, પદ.
ઉધો મનકી મનમેં રહી...ઉધો૦
ગોકુળતે જબ મથુરા પધારે; કુંજન આગ દહી.—ઉધો૦
પતિત અક્રુર કહાંતે આએ; દુઃખપર દાગ દઇ,
તન તોલા ભર ના, રહી ઉધો; જલબલ ભસમ ભઇ.—ઉધો૦
હમારી અંખિયાં ભર ભરિ આવેં; ઉલટી ગંગ વહી,
સુરદાસ પ્રભુ તુમરે મિલનકે; જો કછુભઇ સુભઇ.—ઉધો૦

(૧૩૪)—**મુદ્રાપ્રતાપ**—
ઉભાં રહો ! ઉભાં રહો ! ઉભાં રહો જરાય ! ઉભાં રહો જરાય !
ન મારાથી ચલાય... ... ...ઉભા રહો !
(કેમ શું ! થયું) વાગ્યો કાંટો ઝીણો, તેથી ઉપડે ન પાય,
અરરર......દુઃખ બહુ થાય.....કહું ? મુખ બળે લ્હાય;
જાણે પ્રાણ મારા આ જાય......અરરર ઓય...ઉભાં રહો.

(૧૩૫)—**જલસા સંગ્રહ**—પદ-રાગ, રામકલી—
ઉઠ શજન બહોર ભઈ હરી ભજન ગારે,
પશુ પંખી જીવજંત સંત હો પુકારે.—ઉઠ.
બોહોર હોઈ ભજન હઉં, પ્રભુ નામો તે હારે,
સુખ ચેન સોહાવે આજ સુરજ દીન તેહારે.—ઉઠ.
કરત હું કરજોર વીનતી તેરે દ્વારે,
દુખ દરીદ્ર સંકટ મેરે પ્રભુ તું નીવારે.—ઉઠ.
જાકો શુભ નામ લેત પાપ ગયે હારે,
સકળ જગત સ્વામી તુંને રચી જગત ભારે.—ઉઠ.
સુંનો જગનાથ કીયે પાપ હયે અપારે,
સાગર ભવ કોન ભેદ ઉતર જાઉં પારે.—ઉઠ.
ફીરોજ અંતર ભજન કરો તોજ પ્રભુ તારે,
તનમન સેવાબીન સદા રહો નીવારે.—ઉઠ.

(૧૩૬)—**રમા રણજીત**—
ઉત્તમ જનમાં ઝેર પડાવે, જર જમીન જોરૂ,
સંપીલા વસતા જોયા ત્યાં, છે કોરૂ મોરૂ.—ઉત્તમ.
સહોદર બે વિર પૈસા સોહે શીર,
ભાઈ ભાઇમાં એક બીજા પણ, કરે કાળું ધોળું.—ઉત્તમ.
સ્વારથના બાજી, પૈસામાં પતરાજી,
મસ્ત બનાવે માયા જગમાં, લડે પિતા છોરૂ.—ઉત્તમ.
ધનવાનોને ઘેર, રહે સર્વમાં વેર,
રંક બીચારા હળી મળીને રહે કુટુંબ બ્હોળું.—ઉત્તમ.
પરને કરી ફકીર, પોતે બને અમીર,
દુરજન મનમાં જાણે નહી જે, મોત ઉભું ઓરૂં.—ઉત્તમ

(૧૩૭)—**કન્યા વિક્રયની ક્રૂરતા**—
ઉપકાર (૨) અનુપમ થયો આપનો એ બદલો કિરતાર,
સત્કાર (૨) સ્વીકારી દીન બાળાનો સફળ કર્યો અવતાર.
મોહન મુરતી, મન હરનારી, હૃદય રમે છે લાગે પ્યારી,
સબળ સ્નેહની રક્ષા કરજે સૃષ્ટી સરજનહાર.—ઉપકાર

(૧૩૮)—નિલમ માણેક—

ઉપકાર અનુપમ થયો સુન્દરી, દે...બદલો કીરતાર,
સત્કાર-વિસરીએ-કેમ અતિથીનો, જે છે આધાર.
વસ્તુ કરતાં વ્હાલ કીમતી છે (કાંડી તે શું કીમતી રતી છે.)
કાંડીના બળપર સૃષ્ટીનો, છે સઘળો આધાર...ઉપકાર.
(કાંડી શું દીવાદાંડી છે.) ગૃહજીવનની સુખ હાંડી છે,
થેંકસ, યુ વેરી મચ-ગુડ બાય........ઉપકાર.

(૧૩૯)—જલશા સંગ્રહ—પદ-રાગ, ભૈરવ—

ઉઠો મેરે કહાન કુંવર નંદકે દુલારે,
ઉઠો મેરે શ્રીજકે કુંવર નંદકે દુલારે.—ઉઠો.
કમલ લલીત પ્રફુલ્લીત ભયે ભવંર ગુનગારે.
ભાનુકો પ્રકાશ ભયો મલિન ભયે તારે.—ઉઠો.
ગરથસે ગજરાજ છુટી દેવતા ઉબારે,
જમુનામે ગેંદ ગીરી ગ્વાલ બાલ હારે.—ઉઠો.
કાલીનાગ નાથ લાય કૃષ્ણ ભયે કાલે,
તાનસેન કહે પ્યારે ધ્રુવ પ્રહલાદ તારે.—ઉઠો.

(૧૪૦)—કામલતા—

ઉઠાવો નખરાંના ટકા હજાર! તું તો નાનકડી નાર,
બની મોટી સરદાર-શી, જોબનની બહાર, જાઉં બલીહાર-(૨)તારા નખરાં.
પલકોનાં પાંચલાખ પ્યારી રૂપીયા,
તારા નયણોના નવલાખપુરા, હાં ' તારા નેણો૦
પતગી કમર વાહ, નાજુક ઉમર વાહ,
મોહી તુજ મચકે કમર કેરે લચકે, પ્યારી તાબેદાર, તારા નખરાં૦

(૧૪૧)—મિસ અચ્છનબાઇ—

શ્રી. ડીકસ રેકર્ડ, સૉંગ બુક.-રાગ, દેસ, તાલ-ત્રિતાલ.

ઉધો એસી તુમ કહીયો જાયરે જાય—ઉધો.
કુબજા કુર કંસકી દાસી વાકે દેખે આવે હાસી,
રાધારાની ચોઉઠ ભોલી ઉનકી આજ દુહાઇ.—ઉધો.
બછરન નીરક્ષીર તજદીનો, હમને ત્યાગ બિન્દાબનકિનો,
ગ્વાલ બાલ ગોકુલકે બાસી સબહી રહે મુરઝાઇ.—ઉધો.

(૧૪૨)—હરિશ્ચંદ્ર—

ઉમાપતી નમૂં નમૂં સરણુ ગતી નમૂં નમૂં,
જટા ધારી સંગે લિયે, પારવતી નમૂં નમૂં—ઉમાપતી૦
કરો મહાદેવ દયા, હરો દુઃખ પીર બિથા,
તેરો નિત નામ રટત, સતી સતી નમૂં નમૂં.—ઉમાપતી૦

(૧૪૩)—**મીરાંબાઇ**—ભજન, રાગ, ભૈરવી, પદ.
ઉધોજી, પ્યારે સ્યામ ભયે બે પીર.—ઉધોજી.
કઠન કઠોર દરદ નહીં જાણે, આખર જાત આહીર—ઉધોજી.
મીરાં કહે પ્રભુ ગિરિધર નાગર, નૈન નિભર આવે નીર.—ઉધોજી.

(૧૪૪)—માનહિ-અમેસિંહ—
ઉન્જ આને મેંભી હએ અઓર બુલાતે ભી નહીં,
બાઇસે તર્કે મુલાકાત જતાતે ભી નહીં.
બુદપરકા હએ કે ચિલવનસે લગે બએકે હાએ,
સાફ છીપતે ભી નહીં સામને આતે ભી નહીં.
સએંકડો વઅદે કીએ પર ન હુવા એક વફા.
તુમ બુલાતે ભી નહીં ના સોહમ આતે ભી નહીં.
જીસેગર તંગહો અએ દાગ તો કયું જીતે હો!
જાન પ્યારી નહીં અઓર જાનસે જાતે ભી નહીં.

(૧૪૫)—સુકન્યા-સાવિત્રી—
એ...રજની શરદની રળીયામણીરે...રહિ ખીલી રૂપાળી ચંદની,
આકાશે રહી ખીલી; એ વૃષ્ટિ વરશાવે અમૃત તણીરે.
રેલઝમી ઉરમાંહી આનંદની હાંહારે રેલઝમી એ...કરે નયણાં
નીહાળી પ્રકાશ. (૨)
હર્ષઘેલાં હૈડા કરે હાસ ઝલક શ્વેત શી છવાઇ (૨)
સાખી { ચન્દ્ર વિના શજની નહિ રજનીને સન્માન,
સજની શું સમજી કરો રજનીના ગુણગાન.

(૧૪૬)—**જલશા સંગ્રહ**—રાગ, શાહેની, તાલ, ત્રીતાલ—
એરી જશોદા તોસે લરૂંગી લડાઇ, તોરે કુંવરે ધુમ મચાઇ.—એ.
કાહુકી ઉચક દુધકી મટુકીયા, કાહુકે શીરકી ગાગર છરકાઇ,
બિચ ડગર મોસે રોકત નટવર, ચાંદ હસત પ્યારે બ્રિજકી લુગાઇ.—એ.

(૧૪૭)—**જલશા સંગ્રહ**—સિંધુરા-હોરી.
એરી કોઇ ઉલજા શામ કુંજનમે મેંતો ઢુંઢ ફીરી મધુબનમેં—એ.
એ સોરી જતન બતા મોરી શજની જો પીયા આવે પ્રાગનમેં—એ.
ફગવા લઉંગી જબ જાને દઉંગી એહિ બાત મેરે મનમે—એ.

(૧૪૮)—**સ્વાર્થના સ્નેહી**—રાગ...એ માથે મટુકી લઇ જાવું.
એ...ગુરૂ ગુણ હવે હું...ગાઉં, પાપ પુંજમાં હવે, કદી સપડાવું...એ.
કાયા મારી પાપી ભારી, ગતી, મતી, સૌ, દે છે, વિસારી,
એ...ભક્તિ નાદે, માનવને ચઢાવું...એ.
સ્વાર્થના સ્નેહી સૌ ભારી, "**ચુની**" લેજે ચિત્ત ધારી,
(૯૩૬)—**સ્નેહલતા**—

દયા દીલમાં દીનની દાઝે દેખી દીનને દેતા દાન,
ધાર ધરીને ધર્મ ધારતા ધન્ય ધરા માંહી ધનવાન.
ટેલીઆ ભટની ટેલ છે દાતારને મન સ્હેલ છે,—
સંત સરીતા સમીર મેઘ તો સદા કરંતા પર ઉપકાર.
પ્રીત ધરી પરમારથ કરતા ધરતા ઉરમાં નહીં અહંકાર,
ટેલીઆ ભટની ટેલ છે દાતારને મન સ્હેલ છે.—

(૯૩૭)—**મહાશ્વેતા કાદંબરી**—

હમારી લાજ તમારે હાથ ઓ નાથ નિભાવજોરે...હમારી.
"સદ્ગુણ જ્ઞાન સુબુદ્ધિ આપો, સત ચિત આનંદ ઉરમાં સ્થાપો."
અગમ નિગમનો માર્ગ સુગમ બતલાવજોરે...હમારી.
ભક્તિ થકી ભવ બંધન તુટે, ડગલે ડગલે આયુષ્ય ખુટે,
શ્રીધર અમ તન, મનના તાપ સમાવજોરે...હમારી લાજ.

(૯૩૮)—વીસમી સદી—

માના શીખ સહુ સમજાવું હું બીડો કમ્મર બાંધી હામ,
વાંઢા રહેવામાં દુઃખ છે સઘળું લીધો હવે છે રામરામ.
ચડતા દીએ નહીં કોઈ ઓટલો ઘરનું સરવે કરવું કામ,
ડરે આડોશી સૌ પાડોશી લીધો હવે છે રામરામ.
દલવું પણ હાથે ને ભરવું પાણી કામો શીર તમામ,
રાંધી હાથે ખાવું કમાવું લીધો હવે છે રામરામ.
વૈરીવાળા કરે ન દોસ્તી પીવા પાણી દીએ ન જામ,
જોર વીનાનું બધું નકામું લીધો હવે છે રામરામ.

(૯૩૯)—અશોક—

નાર છે સંસારનો આધાર સાર, નરવર નારી તણા છે ઘણા આભાર૦
નારીને નિંદો નહીં નારી નરની ખાણ,
જે થકી રત્નો નીપજ્યાં રામ, શ્રીકૃષ્ણ સમાન.
ફુલડાં રૂડાં સુગંધિદાર મ્હેકે વેલી થકીરે,
મીઠડાં ફળોય લિજ્જતદાર લહેકે ડાળી થકીરે.
સ્ત્રી જાતિ મૂળ પુરૂષોનું દૈવત સ્થાન,
પ્રકાશ જીવન ગૌરવ મીતાની કુંખ મહાન.—ફુલડાં૦
ધરણી જનની જગતમાં, કાર્ય એક સમાન,
ધરણી જેવા છોડવા, મા તેવાં સંતાન.
થયા ઋષિ, મુનિ, ગુણવાન, ધીર, વીર, પ્રવીણ, ભગવાન,
જેના સંસારમાં બહુ માન, તેમાં શાનું માને અભિમાન.—નાર છે.

(૯૪૦)—સ્નેહલતા—રાગ-ગીત.

બુઢ્ઢો પરણીને જાણે બાળકી વાગે છે ડંકા,
પૈસા આપીને પરણ્યા લાડવા લુંટી છે લંકા.
પત્થર સાથે રત્ન પછાડયું, થાશે જગ ડંકા,
કાજળ ને કંકુ એકજ થઇ ગયું લુંટી છે લંકા.—બુઢ્ઢો.

(૯૪૧)—અશોક—દેશ-ગાન.

જનની જન્મભૂમી જાણ, સ્વર્ગથી અધિક મહાન,
તેના ઉપર તારા પ્રાણ, થાય ભલે ને કુરબાન.—જનની૦
તારા પિતૃ-દેશ-ધર્મ પુત્ર! પડયા છે પરતન્ત્ર,
તેમને થવા સ્વતન્ત્ર, સાધ કર્મ-યોગ મન્ત્ર.—જનની૦
પિતૃ ભૂમિના ચરણપર મમ જીવન કુસુમ ચડાવું હું,
કરી લોહીનું પાણી અર્ધ્ય પૂજ્ય પાદ ભીંજાવું હું.
અરતેય મારી માટીથી ભક્તિ-સુગંધિ સરાવું હું,
મુજ હૃદયને ચીરો સ્વદેશની મૂર્તિ ત્યાંજ, બતાવું હું.—જનની૦

(૯૪૨)—વીસમી સદી—રાગ કવ્વાલી.

ભરેલો કુપ અગ્નીનો વખત આવેજ શેપ લગી,
ભર્યો મલ મુત્રનો કોઠો નહી માતા રહો વલગી.
મઢ્યું છે ચામ ઉપર હા તમોને લાગતું પ્યારૂં,
મીચીને આંખ સૌ નીરખો દીસે છે ધોળું અગર ખારૂં.
સજ્યા શૃંગાર ઉપરના ઉઘાડી આંખ જો વહાલા,
જતા જગ છોડતા સઘળા સંબંધો સહેજ ખોવાનો.

(૯૪૩)—સ્નેહલતા—કાળચક્ર.

દુઃખ દુઃખ શું વદો જગતમાં દુઃખ દોહલું મળે,
કાયા માયા ક્યાં છે જુદી જીવ જીવનમાં ભળે.
દુઃખ છે મીઠી સુખ છાયા, શાંતી માને તેમાં ડાહ્યા,
પાણીના પરપોટા સમ સુખ સુંદર જોતાં ભાસે.
ઝાકળ બિન્દુ મોતી જેવું જુઓ ચળકતું ધાસે,
પલકમાં જોતાં થાય વિનાશ, સમજી કરો સુખનો કયાસ.
ચઢતી પડતી ધરી અનાદી ઘડી ઘડીમાં ફરતી,
માનવ જીવન રથના પૈંડા, તાપ છાંય લ્યો વરતી.
પડે જે માથે કારમું દુઃખ, માનવું તેને સારું સુખ,
માયા મમતા ધરીને મનમાં, કરે સુખ અભિમાન.
છકીને છતમાં ધન મદ ધરતાં, એ નર નર્હી નાદાન,
ખરે જેમ પાંપળ પરથી પાન ભટકતા ભૂમીપર જેમ શ્વાન.

(૯૪૪)—અશોક—

ભારત નરનારી ! ઉમંગ અંગ ધારી, આવો કરીએ સ્વદેશ ઉદ્ધાર,
થઇએ સંપે જોડાવા તૈયાર, ભૂલી કોમ કોમના દ્વેષખાર.—ભારત.
હિન્દુ, મુસલમાન, પારસી, ઇસાઇ, ભાંડુ શાં ભેટી આવાર,
હિન્દી કહેવાઇએ, એક બની જઇએ, જાણે કુટુમ્બ પરિવાર;
જોઇએ માત ભુમીનો જયકાર.—ભારત.

(૯૪૫)—વીર કેશરી—રાગ-કવ્વાલી.

થવાનું ના થવાનું કહે, નજુમી કોણ એવો છે,
ન જાણ્યું જાનકી નાથે, સવારે શું થવાનું છે.
હતી શલ્યા રૂપે અહલ્યા, જગતમાં વાત જાહેર છે,
ન જાણ્યું જ્ઞાની ગૌતમે, સવારે શું થવાનું છે.
હતા કૌરવ અને પાંડવ, જગતમાં મહાબળી યોદ્ધા,
ન જાણ્યું ભીષ્મ જેવાએ, સવારે શું થવાનું છે.
રમ્યા જુગટુ સહુ સાથે, વિભુતી સૌ ગયા હારી,
ન જાણ્યું ધર્મ જેવાએ, સવારે શું થવાનું છે.

(૫૪૬)—સ્નેહલતા
ચિન્તા અને દુઃખથી ભરી સુખ સાહ્યબી સુખ કાપતી,
શાન્તી અને નીતી ભરી, ગરીબાઇ ગુણને આપતી.
મંગળ કરે એ ઝુંપડી, જ્યાં અંશ નહીં અભિમાનનો,
મદથી ભર્યા એ મ્હેલમાં, વિનાશ નીતિ જ્ઞાનનો.
માનીશ એ મન મોહન સંગ, સુખ સાચું ધરી ઉમંગ,
રાજ સુખ ક્ષણીક રંગ માનો, તાત પ્રીતથી.
વિના વિચારે આપી દોષ, નાહક રગડો નિર્દોષ,
સત્ય માની મુકો રોષ, ન્યાય નીતી રીતથી.

(૫૪૭)—વીસમી સદી—રાગ, કવ્વાલી.
અરે વીશા તણા ભોગી રહ્યની ચાહના શું છે,
ખરેખર આ જમાનામાં થયો એ હાલ પણ તું છે.
નથા માયા અને મહોબત વળી ધનમાલનો સાથી,
થવું છે એકલા માટી અલક આધાર પણ તું છે.
મુકી સહુ સહ કુટુંબીને વળી વહાલી અને પ્યારી,
થઇ આ જીંદગી ખારી પછી કહે શોચનું શું છે.

(૫૪૮)—અશોક—
સપુત! સ્વદેશ, સ્વધર્મના, વરો વિજય જયકાર,
જન્મ ભૂમિને કારણે, કરો ધન્ય અવતાર.
જીવે શું વિશ્વમાં એવા કો દુરાત્મા હરામી?
ન બોલે મુખ "મારો દેશ આ મમ માતૃભૂમિ."
હોય ખિતાબો છો ઘણા અઢળક ધન ભંડાર,
લુખ્ખી કીર્તિ હો ભલે મૃગજળવત્ નભનાર.
મળે તે માટી નીચે જે થકી અવતાર ધર્યા,
કીડી મંકોડી સમી તેમની કાયા નકામી.
તેનાં મૃત્યુ પાછળે કોઇ ન રડતી આંખ,
જીભ ન ગાતી નામને માન તણી નહિ ઝાંખ.

(૫૪૯)—ચન્દ્ર ગુપ્ત—
નામ છે નામ છે નામ છેરે મારાં ઓષધનું સિંહરાજ નામ છે,
મારી જડીબુટ્ટીનું સિંહરાજ નામ છે.
ધામ છે ધામ છે ધામ છેરે મારી શાન્તિનું પરમ તે ધામ છે,
ગુમ-રોગ-રાક્ષસ ઉપર રામબાણ છે.
સુધા રસ ઝરણું પ્યારું, સમરણાનું સ્મરણ સારું, તેના વિના મરણ મારું,
દિલનું મુકામ છે, અંતર આરામ છે, જાન પ્રાણ કેરું એ વ્હાલું વિશ્રામ.
તેમાં મારું આ જીવન તમામ છે—નામ છે.

(૯૫૦)—વીસમી સદી—
મોહનીયાં નયન મતવાલે, નયન મતવાલે-માર મોહે ચલે,
ઓ છલબલ વાલે-કનૈયા નયન મતવાલે—મોહનીયાં.
અભી તો મેરી છોટી ઉમરીયાં-નાજુક હય છતીયાં,
જલત મોરા જીયા દુલહ્યા નયન મતવાલે—મોહનીયાં.

(૯૫૧)—વીર કેશરી—
આફતનો જમાનો આવ્યો ભારે ઉપજ્યો ભે,
નથી ઉગરવા આરો, પ્યારો આમ આફત છે.
દોર હરાયા ડબ્બે પુરાયા, અંકે નંગ બે,
કડાં લોઢાનાં જડયા હાથમાં, ઠણુણુ ઠણુઠણુ કે;
પાપી ક્યાં જાઇને કે, તને કોઇ દાદ ના દે-પ્યારો આમ આફત છે.
કરણી તેવી પાર ઉતરણી, ખોડે તેજ પડે,
ભલા ભુંડાનો બદલો, ભગવત દીધા વિના ના રે.—પાપી ક્યાં૦
વેશ કર્યા બહુ રૂપી, બનીગા લંપટતા કાજે,
મોટા ઘરના થયા પરોણા, સપડાયા અંતે;
હવે કોઇ દાદ ના દે, તારો થયો પાપથી ખે.-પ્યારો આમ આફત છે.

(૯૫૨)—ચન્દ્ર ગુપ્ત—
સુણો સ્વામીજી, હું તમ માટે ઘેલી ઘેલી,
ઇશ્ક ઉસ્તાદ આપની ચેલી ચેલી.—સુણો૦
આંખ તારલે મેં આપની મૂર્તિ રચી જો,
જેથી હરપળે તમ દર્શને રહું મચી જો.
હું ચકોરી તમ આંખડી ચન્દા તણી જો,
ગુંજતી ભ્રમરી આપ કેરાં ચરણ કમળની.—સુણો૦
આપ દેહ-કલ્પવૃક્ષે લપટું વેલડી જો,
ખમે આમ્રડાળે ટહુકે કોયલ પંખિણી જો.
તમારી ભક્તિ-કામધેનુની ગોવાળણી જો,
સેવા-સુધા સરિતાની માછલડી મીઠડી.
હવે વ્હાલી તને નહિ કરૂં ઠેલી મેલી.—સુણો૦

(૯૫૩)—વીર કેશરી—
જુઠા વાયદા પીયા મોસે કર ગયોરી.—જુઠા વાયદા૦
રજની સારી મય જાગી, આયેના છેલ સોહાની,
બીરહાકી આગી મોહે લાગી.—જુઠા વાયદા૦
સોતન હય બેરન ભારી, બસ કીને કૃષ્ણ બીહારી,
કાસે કહું એરી મેતો હારી.—જુઠા વાયદા૦

(૯૫૪)—સ્નેહલતા—
નટવર ન્યારી લીલા ત્હારી, નિગમ વન્દે નેતી નેતી,
અગમ અકળ બલિહારી... ... ...નટવર૦
એક દીન ઠાકર ફરતા થઇ ચાકર, ખાતા જે સાકર,સાંસા છે ભાખર.
વસત મહેલે ફરતા વેરાને, નામે શિર હારી... ...નટવર૦

(૯૫૫)—વીર કેશરી—
આપ પાયડ વાડીમાં પધારજો, લ્હેરીલાલ મંદીરની સામે મકાન છે,
નીચે દેશી દારૂની દુકાન છે.
રંગ રંગીલી ચાલ મારી પાડોશમાં, તુળશી કયારાનું નીશાન છે,
(છજામાં) તુલશીના ઝાડનું નીશાન છે, લ્હેરીલાલ, અખંડને અવાંગ
આજે સાંજ પહેલા આવજો.
હડતાળવાળાનું તોફાન છે, જબરૂં હડતાળવાળાનું તોફાન છે.
લ્હેરીલાલ જોખમ ભરેલું કામ પુરો પંચાત છે, ધાસ્તી છે આજતમાં
જાન છે, મારા બાપ ધાસ્તી છે—લ્હેરીલાલ.

(૯૫૬)—શકુન્તલા—
જન્મીઓ વૃથા જગત ઉજર જાણુ, કર્યું નવ લોક તણું કલ્યાણ.
સંત સરોવર તરૂવર સરિતા પર ઉપકારી ચાર,
પ્રીત ધરી પરમારથ કરતા, ધરી ન દીલ દરકાર.
મોંઘો મનુષ્યા દેહજ મળીયો, સમજી લે મન સાર,
માથે મુરખા મરણુ ભમે છે, કર ઉપર કરધાર,
પ્રાણી માત્રનું ભલું કરી લે, ઉત્તમ અવસર જાય,
કરી કમાણી વાપર હાથે, હાથે સાથે થાય.

(૯૫૭)—વીર કેશરી—
અંખીયા અયસાની પ્રીયા સહેજ ચળોને,
સ્હેજ ચળોને પ્રીયા સ્હેજ ચળોને.—અંખીયા૦
લાલ પલંગ પર મસરૂંદા તકીયા,
ઉપર ચાદર તાની—પીયા સેજ ચલોને —અંખીયા૦
હલુ હલુ પાઉં ભરો મોરે સજના,
જાગેજી નનદ જેઠાની પીયા સેજ.—અંખીયા૦

(૯૫૮)—અશોક—
પ્યાર પરનરનો નવ કરીએ સન્નારીઓ! પાતિવ્રત—પીયુષે વિષ નવ રેડીએ,
શીયળ કલ્પતરૂ વર નવ બાળીએ સન્નારીઓ!
ધુળે સૌન્દર્ય—કુસુમ નવ રોળીએ.—પ્યાર.
પ્રીતિ નિજ પતિની સાચી, સતીએ ત્યાં રહેવું રાચી,
પતિ ચરણુ નિસરણીથી સ્વર્ગે જઇએ.—સન્નારીઓ.

(૯૫૯)—ચન્દ્રગુપ્ત—ભારત ભૂમી ગૌરવ.
હિન્દ રાણી હતી, જગત–જાણી હતી, આખા આલમની આશ્ચર્ય કહાણી હતી,
સ્વર્ગ દેવોની મશહૂર વાણી હતી—હિન્દ૦
ઋષિ-મુનિ-શૂરવીર-રત્નની એ ખાણી, જ્ઞાન–કળા–કૌશલ્યે જગગુરૂ ગણાણી.
વીરતામાં ચક્રવર્તીનું બતાવ્યું પાણી, સુજલ-ફલવતી, રસવતી, સરસ્વતી-
શ્રીમાં ઇન્દ્રાણી, બુદ્ધિમાં બ્રહ્માણી હતી—હિન્દ૦

(૯૬૦)—ન્યાયસિંધુ—
રોકે ઘાટ નહીં ઘર જાને દે, નટવર નાગર ગિરિધારી,
ઓર ભયી મોહે જાન ન દે... ... ...રોકે.
નણંદ હઠીલી, સાસ અનારી,
કંતની બીનતી, માનો હમારી. જા........ઓ...રોકે.

(૯૬૧)—શકુન્તલા—
પઇસા તુહી પરમેશ્વર પરમેશ્વર પઇસાવાળા,
પઇસાની પૂજા થાતી પઇસાની બોલબાલા.
પઇસો નીતીનો સાચો પાપીના મોઢા કાળા,
પઇસો ઉડીને જાતો લાગે ખંભાતી તાળા.
જર જર જપતા નર ઘર ભટકે કરતાં કંઇ ચાળા,
ધિક્કાર પઇસા વ્હાલા... ... ...
... ...જીવતર પઇસો... ...દળદર પઇસો,
પેટ કરાવે વેઠ જગમાં પેટ ઝલાવે માળા.

(૯૬૨)—આનંદ લહરી—
રે પાણીડાં ગ્યાતાં ભરવા સ્નેહ સરોવર આરે,
રે આનંદે મદ ભરિયાં ભોળાં આશાને ઉલ્લાસે.
જલ ભરી પાછા વળિયાં બેડાં હેડાં ઘાટે મૂક્યાં,
જલ ભરિયાં કે ઝેર ભર્યાં એ જોતાં ઘેલાં ચૂક્યાં.
ધોમધખે દુઃખડાના તાપે તરસે કંઠ સૂકાયા,
હોંશ ધરીને ભરિયા પ્યાલા પીધા પ્રાણ બચાવા.
રગરગમાં વિષ વ્યાપ્યું કાયા કોમળ બળવા માંડી,
જાણનાર કોઇ વૈદ્ય તેડાવો જીવ જશે ઘટ છાંડી.

(૯૬૩,—ન્યાયસિંધુ—
અદલ ઇનસાફ કુદરતનો, ઉંડી નજરે નિહાળોજી,
બાવળે તો કાંટા કેરી, સાખ તો આંબે ચખાય.
પાપ વિષયથી મરણ, અમૃત પાનથી અમર થવાય,
ઇન્દુ ઉડુગણ સૂર્ય સિંધુ, મેઘ વીજ સૌ ન્યાયથી;
પંચ ભૂત ઋતુ રાત દિન, બ્રહ્માંડ ઇશ સૌ ન્યાયથી.

(૯૬૪)—વિદ્યા પ્રતાપ—

કવી કવી કરતાં મારી કાયાકરમાણીરે(૨) તોયેદયા ન આણીરે
વીના તમ પ્રીતમ પ્યારા મંદીર માતું અકારાં
ગોરા ગુણીયલ તમવીણ આ ગોરી ગભરાણીરે (૨)–તોયે
ખોળાને, ભાવે ભેટી આલીંગને લપેટી
અનંગના રંગે કુદી રામા નરંગાણીરે (૨)–તોયે
આવો આવો અલબેલા કામણગારા કવી વેલા
વીર હે તલસાવો કાં હું રંક પ્રાણી (૨)–તોયે

(૯૬૫)—સુજાંણુખા—

કેર કળીમાં કેવો છે નજરે જોયા જેવો ભાઈ
ઘર ફુટે ઘર જાય જગતમાં દોષ કોને દેવો
સત્ય હંસને હાય હરાવે પાપી પારેવો
ઠાકર તે ચાકરના ચાકર તાલ બન્યો તેવો–કેર.
માયા મદીરા મહીલા મહીમાં માન્યો મીઠો મેવો
ઠગલબાજને દુનિયાં માને દેવતણા દેવો–કેર.
અન્યાયી ગાદી તકીયે ન્યાયીને પર શેવો
ધનવંતા અભિમાને અંધા આવતો અવસર એવો–કેર.
હેર હેર નાલી થઇ ભેડા ખરો કેનો કે'વો
પથ્થરના પડમાં મોતીનો ધરમ નથી રેડવો–કેર.

(૯૬૬)—ગોરખ ધન્દા—

હમારા ધરબી કાલા હય હમારે પયરહન કાલે
મિલે હયે જીતેજી ગોયા હમેં ગોરો કફન કાલે
હમારે જિસ્મે હયે ગો સૂરતે જાંગો જમન કાલે
મગર અયસે નહિ જયસે કેહો કાલોંકે કફન કાલે
સિયઃ ફામી હમારી ઉનસિયઃ કારોંસે અચ્છી હય
કે હય જિનકા લિબાસ ઉજલા તો દિલ કાલે ચલન કાલે
કરે દફન ઉનકી મહંયતકો અગર સહને ગુલિસ્તામેં
તો સૌસ નહી નહી પડજાએ ગુલ હાયે સમન કાલે

(૯૬૭)—ચાંપરાજ હાંડો—

પ્રીત મિત્ર વિના હો ભાઇ, કોણ મોહબત સાચવે આંહી—પ્રીય ટેક.
જે માથું દીએ તે મિત્ર, જગ કહે પણ કરવું વિચિત્ર;
તે કરી દેખાડ્યું ભાઇ, કોણ મહોબત સાચવે આંહી—પ્રીય.
ધન્ય રહાડ સિંહ તુજબાનુની, ધન્ય ટેક મિત્ર તુજ મનની;
મૃત્યુના મુખમાં જાઇ—કોણ મહોબત—પ્રીય.
તે જાણી દોસ્તની રીતી, તેં જગત જણાવી નતિ;
આ દિલ્લી શહેરની માંહી—કોણ મહોબત—પ્રીય.

કદી હોય સહોદર ભ્રાતા, નહી રમે સાહસ જીવ જાતાં;
નહી મળે જોડ તુંજ ક્યાંઇ—કોણુ—પ્રીય.
બહુતાલી મિત્ર જગ મળતા. કોઇ વ્યસન લાળથી;
ભળતા, નહી મળે ભાઇ ક્યાંઇ-કોણુ—પ્રીય.
કરવી તો મિત્રતા આવી, હું કહું છું જગત જણાવી;
બીજી નામ તણી મિત્રાઈ—કોણુ—પ્રીય.
જો ક્ષત્રી પુત હું સાચો, વળું તુર્ત તહાંથી પાછો;
જો રજપુત તન સગાઇ-કોણુ—પ્રીય.

(૯૬૮)—સુધાચંદ્ર—
રે બંસરી થકી વનમાલી, કોમલ દિલહર સુર સહુ પુજત,
ચુંબન પ્રભુ બિજહારી, અમૃત પાડી; કૃષ્ણ દુલારી,—રે૧
પ્રીતિ રસની ઝારી, નયનો નચાવત, મનડાં મનાવત,
એજ ગોપીજન પ્યારી—રે ?

(૯૬૯)—સુધાચંદ્ર—
સમજાવ્યું સખા કેરા સ્હેને,
જાગી જ્યોત સ્વયં પ્રીતિ દેહે—સમજાવ્યું.
પ્રિય લોચને નવ તેજ પ્રેમ પ્રદીપના ચમકી રહ્યાં,
એ પુણ્યમય દર્શન થકી ઘનતિમિર પડ આળપી ગયા,
કિરણુ સ્પર્શે સુહૃદનાં આ હૃદ્ કુસુમ ઉઘડી ગયાં,
આત્મ કમલે જ્ઞાનનાં પીયુડાં ઉભરી રહ્યાં;
ન્યારાં જાદુ છૂપ્યાં સ્નેહો નેહે—સમજાવ્યું.

(૯૭૦)—ભાવીપ્રાબલ્ય—
તમે અમમાં અધિક શુ જોયું રે, ચતુર શિરોમણી
રાજ! અમારા ચતુર શિરોમણી રાજ!
બીજાની વયની મુગ્ધા આગળ પ્રોઢા ઝાંખી જણાય;
જોબન જાતાં વાર ન લાગે જેમ ઋતું બદલાય—અમારા.
પારસ સમ મહારાણી અગારાં, દાસી જાણો કથીર;
ભલે સુંવાળું હોય કદી પણ, સુતર થાય ન હીર—અમારા.
જોબનથી તમો જોતાં હશો ભલે, અમમાં હાલ પ્રકાશ;
પણ ખીલેલું પુષ્પ રહે શું, સુંદર બારે માસ—અમારા.

(૯૭૧)—ભાવી પ્રાબલ્ય—
સુખ દુઃખની દેનારી, અજબ ઘડી છે નારી;
પુરૂષ જાય કંટાળી, તોયે ગમે પ્રાણુ પ્યારી-(૩)—સુખ
ઘડીકમાં એ ધંધ મચાવે, ઘડીક હસી દે તાળી;
ઘડીકમાં ખાંતે ખવરાવે, ઘડીક ગાળા ગાળી-તોયે-(૩)-સુખ

રામા રમાડાવી રહેલ છે. વિફરી મહા મુસ્કેલ;
સંસાર ધુંસરે જોડતી, જેમ ગાડીનો બેલ.
રોતી કહેતી સર્વે લેતી, હઠમાં નહિ હઠનારી;
ખોટું બોલવું એતો જાણે બતાવતી હુશિયારી–તોય–(૪)-સુખ
જીરૂં ઘરમાં જ્યાં ત્યાં ડરતી શીયળે શૂરી બાળી;
અવગુણમાં એક ગુણ રહ્યો છે, પુરૂષને પોષનારી–તોયે–(૩)–સુખ

(૯૭૨)—મનોહરની રંભા—

નરવરને પરણીને વસતી મહેલ મહિં રાણી;
વનવાસી કરતાં પણ દુઃખી રાણી જનાનાની–ટેક
પિંજરમાં પોપટડી રાખે, તેમ ત્યાં રહેવાની;
જન્મ કેદની શિક્ષા ભોગવવા જન્મી રાણી–નરવર.
દીધી છે ભગવાને સૌને સ્વતંત્રતા જ્યારે;
પશુ પંખિ પણ ઉડતાં ફરતાં મન ગમતાં ત્યારે–નટવર.
તો કાં જનપદની પટરાણી કેદી જનમ ગાળે ?
જુલ્મ નથી શું રાજવીરોનો, અમુઝાવી મારે !–નટવર.

(૯૭૩)—મિત્રની ફરજ—(ના. વ. ઠક્કર)

સૌનો કીધો માથું ફોડીને પુરો અભ્યાસ;
ને લંડનમાં ડીનર આપીને કરી પરીક્ષા પાસ;
આ ગાઉન સાથે લીધી બેરીસ્ટરની ડિગ્રી ખાસ,
બોય કોટ ન્યાતે કીધા પૈસાનું સત્યાનાશ;
ઓહ બીલકુલ નથી કમાણી, નહી આપે કોડી કાણી,
ખીસાં ખાલી લોયરનાં પોઝીશન પર ફરતું પાણી
યુરોપમાં જઇ આવ્યા તેથી ડ્રેસન ન છોડાય;
ને ભગવવા પોઝીશન ચીજો કેડિટ પર લેવાય;
પણ જ્યારે ધરમાલિયાં કોરટમાં ડિક્રીઓ થાય;
ત્યારે ઉધારીયા બેરિસ્ટરનો ડબ્બો ગુલ થઇ જાય–ઓહ

(૯૭૪)—જયદેવ—રાગ–કવ્વાલી.

ઘડીભર ના કરૂં ન્યારા રૂદે જગદીશને રાખું,
ગણીને નેણના તારા, રૂદે જગદીશને રાખું;
પિતા માતા અને ભ્રાતા ભગિની ભાવે નથી ભમતા,
કદી ચાહુના સુતદારા, રૂદે જગદીશને રાખું;
જગતની જાળ જાલીમમાં હવે સપડાઉં હું શાને ?
થયા સ્નેહી શ્રી હરિ મારા રૂદે જગદિશને રાખું.

(૯૭૫)—પ્રતાપ લક્ષ્મી—
ઉંચી સી અટારીયોસેં દેખે મેરા રામ બાબા
અચ્છી અચ્છી ગાડી ચૈયે ફુલંદા બગીચા
ભયો તું અનોખો બંદા દામકો ગુલામ બાબા—ઉંચી
અચ્છી અચ્છી જોરૂ ચૈયે નઈ હો જુવાની
અબતો ભયો તું પક્કો કામકો ગુલામ બાબા—ઉંચી
આજ તો હંસી હે બાબા શમકો હેરોનાં
એક બેર તો તું હોજા રામકો ગુલામ બાબા—ઉંચી

(૯૭૬)—શરીફ બદમાશ—
લાજ શરમ રખલે પ્રભુજી મોરી
સકલ જગતકા પાલન હારા
આસ કરત હું મય ચેરી તોરી પ્રભુ તોરી—લાજ.
પ્રેમ કુશલ સંપત સુખ પાવે, સંકટ સબ ટલ જાએ
ભજન કરે ભગવાનકા, તો મનકી પાએ આસ
કયસી ખુશાલી નીરાલી હય આલી
યેહ ઇશ્વરકી હમપર કીરપા હાં હાં—લાજ.

(૯૭૭)—મિત્રની ફરજ—
લાવો લાવો મુદ્રિકા મેરી લાવો બનાવો નહી નારીને
કહો કહાં ગુમાવી એ બતાવો
જણાવો પ્રિય પ્યારા બનાવો નહીં
કોણ ધુતારી મળી એવી તમને,
મુદ્રિકા પ્યારી પડાવી ગઇ ?
સાચુ બોલો વાચા ખોલો.
તે વનિતા વ્હેમિ ન થા, સત્ય કહુ તે જાણુ
તે ઠાલા ભોળી નારને, ઠગો નહિ પ્રિય પ્રાણુ
વ્હાલી—વ્હેમ—તજીદે આવો
જાઓ જાઓ ન બોલાવો—જાઓ.

(૯૭૮)—સુધા ચંદ્ર—
મૃગ જળવત્ જગના, આ મોહિની માયા,
લીલા છે આત્મની અનેરી, સજ્જનિયાં,
સાચી આલમ છે સાચું મન સારી કાયા—મૃગજળ.
રામ સમાન જગે જે અંતરે રાયા,
ત્યાં યશ સત્યના મંડાયા, સજ્જનિયા—સાચી૦
વચને ઝરતાં જ્યાં અમી, કર્મો પાવનિયાં,
આત્મનાં દર્શન ત્યાં ઉજવળિયાં સજ્જનિયાં—સાચી૦
વન જે પુનિતમાં કૃષ્ણ કનૈયા પધાર્યા,
બ્રહ્મ ત્યાં વિહારયા સંતાનિયાં સજ્જનિયાં—સાચી૦

(૯૭૯)—સતીનો શાપ—

પતિ પૂજ્ય તીરથ સમ માની સેવે સદા જે સન્નારી;
સતિત્વતણા પ્રભાવે, ફાવે ના દુષ્ટાચારી
પતંગીઉ રૂપ ભાળી, ભમે ભુલી ભાન ખાળી;
ઝંપલાવે દીપ ન્યાળી, બળી સહે દુઃખ ભારી—પતિ.
શીળ કસોટી સ્ત્રી તણી, પરખે કસતાં વાર;
ગુણી અવગુણી પુરૂષનો, વિગતે કરે વિચાર.
તજીને મોતીનો માળો, સેવે સદા સુકી ડાળો;
અરે! પડતીનો ચાળો, રૂવે દૈવને સંભારી—પતિ.

(૯૮૦)—મુંઝાણુબા—

વિનવણી વિભુ ઉર ધારો આશરો એક તીહારો
દુઃખ દરિયે દીન બંધું મુંઝાણી, મોહન સહાયક મારો
રંગ તરંગે ચઢે અંતરમાં એક જડે નહી આરો
ક્યાં ક્યાં જાઉ કોને કહું હું હાય બળ્યો જન્મારો—વિ.
વૈયભવ વેલી ખીલી કરમાતી કોણ બચાવણહારો
આશા પંખીણી હાય છુંદાતી હરી હરી આપ ઉગારો
બાળા અનાથ, બળે દુઃખ દવમાં કાંક દયા કરો ઠારો—વિનવણી૦

(૯૮૧)—ભાવિ પ્રાબલ્ય—

ભાવિને કોઇ નવ પહોંચે, ભલે પુરૂષાર્થને કોચે—ભાવિને
પુરૂષાર્થમાં રાખે ન ખામી, બળ બધું ઉલેચે,
ભયંકર શસ્ત્ર અસ્ત્ર સજીને, વિમાનમાં ચડે ઉંચે;
—નીચે પડતા શોચે—ભાવિને
વશ કર્યા વરૂણ વાયુ વીજળી, વિજ્ઞાન વિદ્યા માંથી,
તદપિ अवश्यं भाविनो भावा भवन्ति महतामपि;
ભલે ચડે છેક ટોચે—ભાવિને

(૯૮૨)—ચાલુ જમાનો—

અવસરને વશ બસ થઇ રહેવું દુઃખ આવે તે તો સેહવું
દુઃખ આવે તે તો સહેવું પ્રભુ રૂઠે કોને કહેવું—અવસર.
વેળા વશ સીતારામ થયા વનવાસી
વેળા વશ દ્રોપદી થઇ સૈરંન્ધ્રી દાસી.
એથી શિક્ષણ લેવું—અવસર.
વેળા વશ નળ નૃપ ગયા જુગારે હારી
ભટકી દમયંતી વનવન હાય બીચારી
છે ભાગ્ય પ્રબળ એવું—અવસર.

(૯૮૩)—દાનવી માયા—

વિશ્વપતિ માયા તારી, બ્રામિક ભાસે છે ભારી,
ધૃતિ જાયે માનવ હારી;
જીવ જરી ન શાન્તિ પામે, મોહ મમતામાં વિરામે,
સારંગ પાણીને વિસારી—વિશ્વ.
મૃગજળ છે માયા વારી, માનવ થાકે ગોથા મારી,
બ્રહ્માંડ સ્વામી! લે ઉગારી—વિશ્વ.

(૯૮૪)—ગાફીલ મુસાફરી—

દુનીયામે જો ચલા નેકીપર બેડા ઉસકા પાર હુવા;
માલ ખરીદા જીસને અચ્છા નફા મીલા જરદાર હુવા;
ખોટા સઓદા જીસને કીયા નુકશાન ઉઠાયા ખાર હુવા,
પરખા જીસને અપને આપકો દીલકી કસોટી પર કસકર;
શરમીન્દા ફીર દુનીયામે ઇનસાન ન વોહ જીનહાર હુવા.

(૯૮૫)—શરીફ બદમાશ—

સખી સૈયાંકો પતીયાં પઠાઓ ઘર આયે
મોરે ઉમંગે હર બારા જોબનવા.
બીન સૈયાં ન સજ્યા સોહાએરી,
મય હું ચંચલ છબીલી ઉમરીયા જવાન.
મોરે નયના કટરીયા નજરીયા હયબાન,
પીયારા સનેહીયા દુલારા મોરા આએ જાન.
સાંવરે સલોનેપે જાઉં કુરબાન,
બનઠન કે લાગુ ગી ગરવા હાં.

(૯૮૬)—પ્રતાપ લક્ષ્મી—

નહિ અંધથી કંઇ કુંદન કીંમત થાએ ના અંકાયે,
અધમ શું જાણે ઉત્તમ જમમન—નહિ.
કાગને કથને કોયલને નીંદે,
મૂરખ એ જનનાં વજવા વચનને—નહિ.

(૯૮૭)—ફાંકડા શીહુરી—

વ્હાલાં બાપુડાં કેમ વ્હાલ નહીં આવે,
બચ્ચાંપર જો આફત આવે બાપજ તેને બચાવે.
સગાં સનેહી દોસત બીરાદર સઉની મહોબત કાચી,
આ દુનિયામાં પ્યારને પ્રિતિ માને બાપની સાચી.

(૯૮૮)—દુસ્મને ઇમાન—

નેહા લગાકે બીરમાઇરે મોહન લો ભાંગયો,
જાદુ ચલા ગયો જીમે સમા ગયો—નેહ

—શેર.—

ફસલે ગુલ આઇ મુઝે દસ્તે જુનુ યાદ આયા,
દીન ભલે આએ મેરા મોસમે ફરીયાદ આયા.
જાને શરીંકે લીએ આશકે નાશાદ આયા,
નાજ ઉઠાનેકા લીએ કોહસે ફરહાદ આયા—તેહ.

(૯૮૯)—રામાયણુ—

દયહય કોઇ દેખે તો ભવરમે મેરા આના,
હય દુર કિનારા નહીં પાનીકા ઠિકાના.
હે રામ! સમય દેખકે આંખે ન ચુરાના,
મયઁ ડુબતી હું દેખ જરા હાથ બઢાના.
ડોરી હય તેરે હાથમેં લા ફેંક ઇધર દે,
ઉદ્ધાર મેરા કર મેરે ભરતારકા સર દે.

(૯૯૦)—માનવી પ્રપંચ—

ટાળ્યા ન ટળી જાય લેખ તે, લખ્યા લલાટ માંહી;
મૂરખ પામર જરી નહીં જાણે રીતિ,—ટાળ્યા
જીવન ઘડી પળનું જો ચપળ આ;
રડે વૃથા જગતમાં રાખીને પ્રીતિ,—ટાળ્યા.
ભૂપતિ ભીખારી થઇ ભટકે છે;
ચડે પડે સરવ, કોને નથી વીતી?—ટાળ્યા.

(૯૯૧)—(જયદેવ)—

ચેતો ચિતે બ્રહ્મચારી, બુરી છે નારી કટારી;
નાંખ્યા હજારોને મારી—બુરી.
લોહનાં કરતાં લાખો ગુણી છે ભય કરનારી ભારી—બાવાજી
જખમ રૂઝાતો નથી જરી એનો (૨) જાયે હકીમો હારી—બુરી.
અલગ રહેજો અહોનિશ એથી (૨) અંતરે વાત ઉતારી;
સાધુપણું સળગાવોમાં શાણા ધૂળ જટામાં ધારી—બુરી.

(૯૯૨)—ભાવી પ્રાબલ્ય—

આપ કહો છો જેને ભાવી, પ્રભુ! આપ કહો છો જેને ભાવી;
પૂર્વ કર્મના અદૃષ્ટ ફળની, એજ એકજ છે ચાવી—પ્રભુ!
કર્મ પ્રમાણે વેગ બુદ્ધિનો; શુભ અશુભ મુકે બારી;
એ કારણથી સર્વ મનુષ્યો, પુરૂષાર્થમાં જાય હારી—પ્રભુ!
સુખ ઇચ્છીને સર્વ પ્રાણીઓ, બીજ યત્ન દે વાવી;
સફળ અફળ વા વિષ અમૃતમય, તેને દે છે કોણુ બનાવી—પ્રભુ!

(૯૯૩)—મનોહરી રંભા—

અરમાવી દુનિઆં ભોળારે, બાવો ચાલ્યો બભૂતી ચોળી—ટેક.
દોરા ધાગાને ચીઠી કરીને આપે ગણુકારૂ ગોળી;
જીવને હણતાં દયા ન આણે, જેમ ભીલ કાફર—કે કોળી.
નિત નિત દર્શન નીમ ધરાવે, ઘેર આવે—તરૂણીની ટોળી;
માઇ માઇ કરીને બાવો બોલાવે, હૈયે કામની—હોળી,
સઘળા શિષ્યને ભેળા કરીને ખાય ખીર—ખાંડને પોળી,
ભોજો ભગત કહે ભવ સાગરમાં બાવે માર્યાં—બોળી બાવો.

(૯૯૪)—મિત્રની ફરજ—

ધન્ય માતને તુજ તાતને, ધન્ય મિત્ર તુજ અવતાર છે.
તારા સમો મને જગતમાં, નહિ મિત્રકો મળનાર છે,
જગતમાં ઘણાજન ભાળિયા, કોઇ સ્વાર્થીને કોઇ તાળિયા,
કોઇ વ્યસની વિષયિ નીહાળીયા, કોઇ દુર્ગણનો ભંડાર છે.—ધ૦
ત્રીકમ તું સમો એક તુંજ છે, જોડી તારી જગતમાં જુજ છે.
ભાત જમણો મારો તું ભુજ છે, નિજ બોલનો પાળનાર છે.—ધ૦
મુજ શિર સાટે શિર આપવા, કષ્ટ સરવે મારા કાપવા
સુખમાં સદા મને સ્થાપવા, ઉરખંત તુજને અપાર છે—ધન્ય

(૯૯૫)—મિત્રની ફરજ—

મિત્ર મારાને આવારરે છોડાવું જઇને, -
અરે જોખમથી એનો જાન બચાવુંરે;
પુનમચંદનું દેવું હું દઇને—મિત્ર.
જે મિત્રે મુજ કારણે, કીધા કામ અપાર;
તેને જો મરવા દઉં, તો મુજને ધિકાર—અરે.
બોલાવું બારીસ્ટરો, મુખ માગ્યાં દઇ દામ;
મિત્ર બચ્યા વીણ માહરે; છે અન્ન લેવું હરામ.
મિત્રને બદલે મારી છાતી ચીરીનેરે;
આપીશ માંસ મુજ આનંદિત થઇને—પુનમ.

(૯૯૬)—વિદ્યાપ્રતાપ—

બની જોગણુ ધરી કફની પતીને શોધવા માટે-પતીને શોધવા માટે.
જાઉં પ્રેમની વાટે હું નાવા પ્રેમને ઘાટે;
મળે તો મેળવું ફળ એજ મારા પ્રાણને સાટે—પતિને.
સાગર પ્રેમને મોઝાર હું પ્રેમ તુંબડે તરનાર;
સુખથી પ્રેમનો ઉચ્ચાર કરતાં પહોચું પેલે પાર—પતિને.

(૯૯૭)—અલક રંભા—
ભાવીકી ન્યારી હય ન્યારી હય ન્યારી હય,
ન્યારી ખુબી ન્યારી—ભાવીકી.
રાવકો રંક બનાવે પલકમે,
પલમે રંક રાય અધિકારી;
અધિકારી અધિકારી ખુબી ન્યારી—ભાવીકા
ભાવીકે ચક્રસે કોઇ બચેનાં,
ભાવિકે આધીન હય દુનીયાયે સારી
યે સારી યે સારી ખુબી ન્યારી—ભાવીકી.

(૯૯૮)—આંધરે બહેરૂં—
પરાયે હાથ દીલ વેચી કમાયા રંજ દુઃખ આફત,
ગમાવી આબરૂ સુખ મૌજ રાખી ઇશ્કની દાવત.
પડયું રડવું કરીને દોસ્તી તે સંગ દીલ બુતની,
હસાયા દુશ્મનો, દીદારમાં થઇ દારની હાલત.
થઇ યુસુફ હું વેચાવા સરે બાજાર જઇ ઉભો,
ખરીદયો ના જલીખાંએ મલી જીલ્લત ગઇ હુરમત.

(૯૯૯)—સતીનો શાપ—
આવો આવો ખેલ ખેલો આનંદ ઉકેલો
પકડી જકડી નાચો કુદો રંગે રેલ રેલાયો,
અરે! વાહ તમારી સુરત!! અરે! વાહ તમારી સુરત!!
સુરત કેવી? સુરત કેવી કાકા કૌવા જેવી.
શું કાકો કૌવો? ઘરડો કૌવો મ્હારી સુરત એવી? તો કેવી?
જુવાન કૌવો! સુંદર કૌવો! મારી સુરત એવી.
વાહ બરાબર એવી! હા બરાબર એવી! કાળા કૌવા જેવી—આવો.
છે શું રૂડું નાક નમેલું, એ પરનાળું જાણે પેલું;
જા જા, નાક નમેલું છે પોપટનું, સહુજન તેમાં પાળે; વાહ પોપટજી
નાક નમેલું ગરૂડનું તો, વિષ્ણુ તે પર મ્હાલે; વાહ ગરૂડજી!!
વાહ પોપટજી!! વાહ ગરૂડજી!! (૨)—આવો.

(૧૦૦૦)—જયદેવ—(કે. હ. ધ્રુવ.) અષ્ટપદી.
રતિ રસ મનમાં ઝંખી વનમાં વિચાર્યા હરિ અલબેલી!
વિલંબ જવામાં કરમાં હાવા, મોહનને મળ વ્હેલી.
યમુના તીરે ભારી અધીરે કુંજે કુંજ વિહારી,
સ્મરમદ મર્દન, સહિરસવર્ધન વાટ જુએ પ્રભુ ત્હારી.
સુચક સુરથી પુરી પુરી મુરલી પિયુતવ નામજ ગાવે,
રજતુલ પગની ગણી મારગની ધુળ છાતી વધાવે—યમુ.

વહી આ રજની જાશે સજની છે નટવર અભિમાની,
પુર મનોરથ પ્રીતમના ઝટ બ્હેની ! વચન મમ માની—યમુના.
શ્રી હરિ સેવક કહે જયદેવક પ્રણમો પુરણ ભાવે,
તે રસ સાગર નટવર નાગર જે જન પુણ્યે પાવે—યમુ.

(૧૦૦૧)—સુધાચંદ્ર—

નજર હું માગું ખુદાઇ, ના બીજી છે વિનતી હા,
જીગર આ જાયે સુકાઇ, એ નૂર જો નિરખું ના—નજર.
નિગાહે મીઠી હુ રીઝું, બે પ્યારા બોલથી હા,
હસે જો આંખ દુલારી, હું સુખીને ક્ષેમતો હા—નજર.
કદિ હું હોઉં ગુનાંહી, દેતું શાપ ઝાલિમ,
રહમ હું રંક એ માંગું, આ નેનોની રોશનીથી હા—નજર.

(૧૦૦૨)—વિદ્યાવિનોદ ઉર્ફે પાપનુ પ્રાયશ્ચિત—

દુનિયા દુનિયા અજબ ગજબ તું ન્યારા ન્યારા રંગ બતાવે (૨)
વૃદ્ધ જનો પ્રેમાંધી બનીને કન્યા વિક્રય ક્રુર ચાલ ચલાવે,
નીર્દોષ બાળાનો ભવ બગાડે અજ્ઞાનીને જાળે ફસાવે—દુ.
કામીની કાંચન સુખ ક્ષણિક છે વિજળીનો ચમકા......રો,
કામી પુરૂષો આંખ ઉઘાડો, ભોળી બાળાનો ભવ સુધારો—દુ.

(૧૦૦૩)—ભાવી પ્રાબલ્ય—

પ્રીતમને પેખતાં મારા હૃદયમાં આવે ઉછાળા,
વિલાસોના ઉમંગોનાં, તરંગોમાં ઝુરે બાળા—પ્રીતમને.
પ્રીતીની વાંસળી વાગે, રસીલીનું હૃદય જાગે;
ઝુરે છે આજ અનુરાગે, અધીરી બ્હાવરી બાળા—પ્રીતમને.
ઝીણાં ગાનો વીણા બોલે, જગત એ આનંદમાં ડોલે;
ચડાવ્યું ચિત ચકડોલે, તે જાદુગર વીણાવાળા—પ્રીતમને.

(૧૦૦૪)—ચાંપરાજ હાંડો—રાગ લાવણી.

મુજ ઉપર ગુજરી પીતા પાદશાહ જાણી,
હું હવે ગુણિકા નથી હાડાની રાણી—ટેક.
એણે નથી દીઠું મુજ મુખ, વાત છે સીધી;
હઠ ખરી આટલીવાર, વાતમાં લીધી—મુજ.
આવ્યા છે જયારથી, હાડો આપની પાસ;
હું જપ તપ કરતી નાર, રહી ઉદાસ—મુજ.
હું હતી મહેલમાં, પતિ ધ્યાનમાં નારી;
એકદમ રાજાજી, આવી ઉઘાડી બારી—મુજ.
મુને કહયું તાહરે માટ, શીર જાશે;
ધિક ધિક અબળાની જાત, પણ બોલાશે—મુજ.

મે પગ નથી દીધો, બહાર ઝુંદી કોટાથી;
હું થઇ નાયકા નાર, આરોપ ખોટાથી—મુજ.
કરી કસોટી મુજ ભગવાન, તમારી દ્રષ્ટે;
મુજ લજ્જા રાખી નાથ, પહોંચાડી કષ્ટે—મુજ.
જો રાખી શરમ હું નાવત, આપ ભુવનમાં;
મુજ પતિ તણી રહી જાત, મનની મનમાં—મુજ.

(૧૦૦૫)—સુધાચંદ્ર—
દુનિઆ કોઇ કહે સ્વર્ગજ આરો, કોઇ દુઃખોનો ભારો હોજી;
દુઃખમાંને સુખમાં ફરક એક એ, નિજ ઘટ કાળો કે રૂપાળો રે;
જાયે ડુબી રૂપાળો વા કાળો હોજી, છિદ્ર પડે કર્મોનાં ઘટ માંહિ,
ભીતર વારિ જાતું ખાળોરે—જાયે.
નાથ હાથ તારણુ રઘુનંદન, ભર દરિયામાં તારોરે,
સ્મરિયે સંતો જગજીવન સ્વામી, જન્મ નહિ આ હારોરે—જાયે.

(૧૦૦૬)—સુધાચંદ્ર—
છે જીવન આ પ્રેમી પાયે, પ્રીત સુધાયેં દિલ લુભાયે,
સ્નેહી વિના મન મોહે મુંઝાયે, મોહન ચરણે આનંદ નિશદિન-છે.
નયન અમૃત વરસે, અમદિલ તલસે, રસ મોહિનીથી સુહાયે,
સ્નેહ રાગના પાન કરાયે-છે.

(૧૦૦૭) હમીર સિંહ—
લીન બની પ્રેમી પતિ સ્નેહ સાગરે
રૂપવતી યુવતી કાય, અર્પણુ કરે—લીન.
સુખ દુઃખની સહચરી હું દાસી,
ફક્ત પ્રણુય સુધારસ પ્યાસી,
કોમળ ભુજ બન્ધન દઢ ફાંસી,
નાખુ નાથ જશો કયાં નાશી,
હરિણાક્ષી પ્રિય ચિત્ત મગન કરે—લીન.

(૧૦૦૮)—મનોહરી રંભા—
સતી ધર્મ છોડી નહિં પુંજે પથ્થરને પ્રભુ માની;
મોતીડાંની માળા મૂકીને ઝાંઝવા લહે જાણી—ટેક.
પતિનું છે નામ રૂડું, નથી કામિનીને કુડું;
માનવી જો સમજે ઉંડું, સાચું નામ હૃદય શાણી—સતી.
સ્વામાને મન શ્યામ છે, સાચા શાલીગ્રામ;
પતિ પ્રભુજી એક છે, જપે જાપ અભિરામ;
બાડીને ગુલાબ કળીઓ, ચુંટે કોણુ કાંટા સળીયો;
સુંદરીનો પતિ શામળીઓ, જપે જાપ જુવતી જાણી—સતી.

(૧૦૦૯)—સુબાણુબા—

દોસ્તી સાચી દવા સંસાર, દીયે દુઃખ નિવારી;
ઝાડ પ્હાડ ગુફા ગિરનાર થકી નહીએ મળનારી—દોસ્તી.
સ્વાદ સુખદાઇ જેમાં, કડુતા ન લેશ તેમાં;
નહિ સ્વારથ ધેન લગાર—દોસ્તી.
ત્રિવિધીએ તાપ હરે, કુંદન શરીર કરે:
મોંઘી માત્રાએ કર્યા મળનાર—દોસ્તી.
વિમળ હૃદય સંયોગને, રસિક રસિક વ્યવહાર;
દિએ ઓષધી ફારમી, વિરલા સવે સાર,
સાચું દોસ્તી દવા ફિરતાર—દોસ્તી.

(૧૦૧૦)—મહારાજા હમીરસિંહ—

રંભા જેવી રામા પામ્યો, કાન્તિનો અંબાર,
બન્યો બંદો ખર્ચી નાણું, ભામાનો ભરથાર;
મોહિનીને છાજે તેવા શોભિતા શણુગાર,
પ્હેરી પ્રમદા થાશે ખુશી, રંગીલી દીલદાર.
અહો શી નાજુકનારી, ચિત્ત ચોરી વશ કરનારી,
કટાક્ષ પાતે ધાયલ કરતી, સુધારસ સિંચનારી (કોરસ)—રંભા
હૈયા સાથે હરદમ રાખું પ્યારી પ્રાણાધાર.
જે માગે તે લાવી આપું, લગાડું નહિ વાર,
સુંદરી સાથે શોખ કીધો, તે છે જગમાં સાર,
જુવાનીનો શો ભરૂસો પળમાં વિપળનાર.
અહો શી નાજુક નારી, ચિત્ત ચોરી વશ કરનારી
કટાક્ષ પાતે ધાયલ કરતી, સુધારસ સિંચનારી (કોરસ)—રંભા.

(૧૦૧૧)—હમીરસિંહ—

દામ કરે કામ, સો સો દામને સલામ
વિના દામ આ જીંદગી છે નકામ—દામ૦
છે નાણાંની જે ખાણ, તે તો ધરડો જુવાન,
ગણો ગાંડો ગુણવાન, કદરૂપો રૂપવાન—દામ૦
બણુચક કે મુર્ખ તોએ, પામે બહુ સન્માન,
નમન કરીને ખુશામતીઆ, ગાયે તેના ગાન,
જોગી સંસારી તમામ, લક્ષ્મી દેવીના ગુલામ—દામ૦
વસુ વિના નરપશુ જેવા, જગમાં દિસે ખાસ,
હરદમ હડધુત થાતાં નક્કી, બળબુદ્ધિનો નાશ,
બીજા દેવોનું શું કામ, પ્રેમે પૈસાને પ્રણામ—દામ૦

(૧૦૧૨)—ગાફીલ મુસાફર—
ગાફીલ બન્દે! ઇસ દુનિયામે સોચ સમજકે ગુજારા કર,
દુનીયા હએ બાજી ચૌરસકી ઔર તુ હએ ખેલાડી નહારા કર;
નેકો બદકે નરદોંકી ઇસ બાજીમે ગઔરસે રખ પહેચાન સદા,
ચાલપે જીતકી રહેકર કાયમ, અપને નફસકો મારા કર,
(૧૦૧૩)—પ્રતાપ લક્ષ્મી—
દેખો સખી કનૈયા રોકી ઠાડો મો ગેલ
પનીયાં ભરન કએસે જાઉં મોરી આલી—દેખો.
મયેં જલ જમુના ભરન જાતરી
બીચમે મીલ ગયોં નંદકો છેલ, માગ રોકી ઠાડો મો ગેલ—દેખો,
(૧૦૧૪)—દુશમને ઈમાન—
છોડકર દુનિયા હજારો નામવાલે ચલબસે
ડાલકર ફકની ગલે નાજોકે પાલે ચલબસે
જીનકો દુનીયાસે ગરજથી ઓર નદીસે કામ થા
આજ વોહ જો રેજમી અલ્લાહ વાલે ચલબસે
ખ્વાહીસે અઓલાદ કયાં હએ ખ્વાહીસે ઇમાનકર
દેખ મુઝકો છોડ મેરે સાથવાલે ચલબસે
(૧૦૧૫)—મધુ બંસરી—રાગ-ગઝલ-કવ્વાલી-
અગન ઝાળ સમો સ્વાર્થ પ્રમાણો, દહન સદા એ કરે
સળગે દેહ જ્યાં અંગાર મૂકાણો.—અગન.
અન્યનાં દિલડાં બાળવા કેમ અંતર બળાવો?
મોહ મહિં ભાન ગયું, જીવનનું સૂકાન ગયું માનો.—અગન.
(૧૦૧૬)—મધુ બંસરી—
દિલની છે દિલ દવાઈ, ચાહે મારો વા ઉગારો—દિલની.
હતી પ્રેમની હું કામી, કરી જ્ઞાન યોગ વ્હાણી!
વિણુ નેહ એ નકામી પ્રિત ભાવની હું પ્યાસી—ચાહે.
નહિ કામ મોહ દાસી, નહિ ભોગની વિલાસી.
પ્રભુ સ્નેહના છે રાગી, સુર લોક સ્નેહ રાગી,
વિણુ સ્નેહ સૌ અભાગી—ચાહે.
(૧૦૧૭)—ગાફીલ મુસાફર—
મત બાંધો ગઠડીયાં અપજસકી
અપજસકી ઔર પાપરસકી;
જવાની દીવાનીકા આંખોમે નશાહએ,
ઉતરેગી પલકમે હોકર બુ એહ ખસકી;
દાગ લગેગા આખીર દામનો દીલય;
નજર પડેગી પ્યારી જબદસકી;

(૧૦૧૮)—દાનવી માયા—

અક્કલના આવા અંધા, કરનારા ઉંધા ધંધા;
રમણીને નામે નિરખ્યા પહેલાં પાણી થઇ જાતા,
વિલાસમાં રમે, ન કામ કંઇ ગમે,
સદાય રાગ રંગના વિચારમાં ભુલી ભમે—અક્કલ૦
મનહરણી આવે સ્હામી, લપટાયે થઇને કામી;
ભુલીને સઘળાં રાજકાજ દુનિયામાં નિન્દાના—અક્કલ૦

(૧૦૧૯)—દાનવી માયા—

સ્નેહે ગ્રંથીએ જે ગુંથાયો સ્નેહ સરોવર વસનારો;
પ્રણુય પંથગામી નવ તજશું એજ તેમનો છે તારો—સ્નેહ.
નાર નાવને નાવિક એ તારે, ભવસાગરથી ભામા ઉગારે;
તે પ્રીયતમનું નામ સ્મરવાં, તરશું સંસારે—સ્નેહે.
દૃશ્ય અનેરો એથી નહીં મારે, નાર સતિનું ભુષણ એ ભારે;
તે કંથનું આ દેહ હૃદયમાં, ધ્યાન સદા ધારે;
કંથનું ધ્યાન સદા ધારે—સ્નેહે.

(૧૦૨૦)—ચાલુ જમાનો—

ગાંડી ગાંડી દુનિયાની રીત ગાંડી દેખી સાવ ગાંડી
પાણી પીને ઘર પૂછે એવી ગાંડી—દુનિયાની.
પાણી પીને ઘર પૂછે કાજળથી કાજળ લૂછે,
લીંબુ ઢાળીને મૂછે, બોલે કે પરવા શું છે;—એવી ગાંડી.
સોનાને આગ લગાવે, પીતળને પાસે લાવે;
રાંડીને ડહાપણુ આવે, બુદ્ધી ચૌટે વેચાવે—એવી ગાંડી.
સોનાને ડહાપણુ આવે, બુદ્ધી ચૌટે વેચાવે—એવી ગાંડી.
હાથેથી જાતી બાજી, તે વેળા ઉઠતી ગાજી;
છોડી ઘર રસોઇ તાજી, ખાય પુરી પાતળ ભાજી.
હોટલમાં પાતળ ભાજી—એવી ગાંડી.

(૧૦૨૧)—દુર્ગાદાશ—

યૌવનના રંગે રંગાતાં આનેન અંગે અનંગનું વેન—યૌવન.
કળી કુસુમની ખોલી ગુલાબી અલી સતાવે દીન રેન-યૌવન
મીઠી મુરતીએ દીઠી હોવાની કંઇ કુ ન આવે મન ચેન—યૌવન.

(૧૦૨૨)—દુર્ગાદાશ—

માતૃ ભક્તિ પિતૃ ભક્તિ સત્ય સુખદાઇ
રાજ્ય ભક્ત, ભૂમિ ભક્ત, ધન્ય જગત માંહી.—મા.

ધર્મ કાજ છોડી લાજ થાય દેહ ત્યાગી
જાય સ્વામી ભક્ત, એહ સ્વર્ગમાં સુભાગી.—મા.
માત્ર રૂણુ કાજ પુર્ણ પ્રેમ ધારી
મીરામાં ગજાવું એક સ્વામી ભક્તિ સારી—મા.

(૧૦૨૩)—પાપનું પ્રાયશ્ચિત—રાગ-ગઝલ-
અરે અજ્ઞાન માબાપો દુહિતાને દુઃખ નહિ આપો,
સરિતાના સુકાની થઇ ઝુકાવ્યું નાવ દુઃખ સાગરમાં.
બનીને અંધ લક્ષ્મીમાં કરો કૃત્યો કસાઇનાં,
છુપાવી લગ્નને પડદે ભરો પાપી પેટ કરી લીલામો—અરે૦
ઉમર વરની છે સાડી સાઠ વયકન્યાનું ત્યારે સાત,
પિતાનું નામ લજાવો, તમે છો નીચ કસાઇ જાત.
વિવાહના ખોટા બ્હાનામાં ગળા દુહિતાનાં કાપો,
હજો ધિક્કાર હજારો વાર, ભયંકર ઘોર એ પાપો.—અરે૦

(૧૦૨૪)—રામાયણ—રાગ-ગઝલ-
જોહય મંજૂર ધન-રક્ષા, તો ધનવાનો બનો દાની,
કુ એસે જલ ન નિકલેગા તો સડજાયેગા સબ પાની.
દિયા જલહમકો બાદલને, તો ઉંચો હોગયા બાદલ,
રહા નીચાહી સાગર, હય અદા તાકો પશેમાની
કોઇ મરતા હય ધન દેકર, કોઇ દેતા હય ધન મરકર,
જરાસે ફર્ક મે જાતે હયે "જ્ઞાની" કે "અજ્ઞાની."

(૧૦૨૫)—હમીર સિંહ—
મૂરખનર મમતામાં તું મરે મારૂં તારૂં નિત્ય કરે—મૂરખ.
મિથ્યા માયિક પદાર્થ માટે બાથડિયાં તું ભરે
સાચું ખોટું હરદમ કરીને, પાપ પુંજ સંઘરે—મૂરખ.
અવસ્ય બનશે તેજ પ્રસંગો, જે ધાર્યા વિશ્વેશ્વરે
થશે સુખી તે સત્પુરૂષો જે, શાન્તિ દિલમાં ધરે—મૂરખ.
ત્યાગી તાગ્યકર તૃષ્ણા છોડો, શુભ નિષ્ઠા શંકરે
શુદ્ધ ચિત્તથી ઉમેશ ભક્તિ, તાપ ત્રિવિધ હરે—મૂરખ.

(૧૦૨૬)—ખુના મેના—
છુ લલીતા મદમાતી, વળી સતીઓમાં પંકાતી
હાથમાં માળા લેતી, વળી ભક્તાણી કેવાતી
મારી હંસણી સરખી ચાલ, વળી નાગણ સરખા બાલ
મારા ગુલાબ સરખા ગાલ, મારી અનાર સરખી છાતી—વળી
વળી સતીઓમાં પંકાતી, મળે સોખીલો લાલ
રાખુ હૈયાનો કરીને હાર, નથી પીડા આ સેહવાતી—વળી.

(૧૦૨૭)—મેઘમાલિની—

જગજૂનાં યશવંતા હિંદી મૈયા,
સુજલાં એ સુફલાં એ, ગરવા ગુણવંતા,
ન્યારા હિંદ હૈયાં,—જગ જુનાં,
દિશ દિશ ઉડતા અમદત્તજ ધવલા,
ગિરિ ગિરિ ધૂમતા ભારત વીરલા,
સહુ જણ ગણતાં તાજ જગતના, કયમ,
સમણા એ અમથી ભુલાયે ? મોલા મન સૈયા.—જગજૂના.

(૧૦૨૮)—સુધાચંદ્ર—

રહી જશેજ આશ અધુરી, બાપુ ! લે તું જન્મ સુધારી.
માયા છોડી દે તું સારી, બાજીની શેહારી—બાપુ ?
આત્મનને આલિંગી લે તું ના ફગશે દેહધારી,
આત્મ અમીરસ જોત નઝીલી, સૃષ્ટિ સો અંધારી—બાપુ ?
સુખ દુઃખ છે આ નત્ર આલમમાં, ભીતર સુખ દુઃખકાર,
તમે ઠંઠ સંસાર તણા સૌ એક અલખ નિહાળી.—બાપુ ?

(૧૦૨૯)—રામાયણ—રાગ-આરતિ-

જય હરિ ભગવન્તા, જય પ્રભુ શ્રી કન્તા
દનુજ દુષ્ટ દલ હન્તા, પાલક સુર સન્તા
જય જય જય જગદીશ
અવિનાશી સુખરાશી જય જય અસુરારી
સુખ નાયક સુખ દાયક ગોદ્વિજ હિતકારી
જય જય જય જગદીશ
ભય ભંજન જન રંજન નારાયણ સ્વામી
હરિ હરિ નારાયણ સ્વામી
એ સુનો દીનનકી હે અન્તર્યામી
જય જય જય જગદીશ

(૧૦૩૦)—જયદેવ—

માનીતી છે તું મોહન તણી હો વાંસલડી,
તુને વ્હાલમ કરે ઘણું વ્હાલ રે-હો વાંસલડી.
મીઠો આવડો શો શોર. મોલો નંદનો કિશોર,
તારૂં આવડું શું જોર ? ભુંડી કાળજડુમાં કોરરે—હો૦
એકીવારે તું હણી નાંખને હો વાંસલડી,
ભુંડી થોડુ થોડે કાં મારે રે-હો વાંસલડી.

જોતા તું કાષ્ટ કેરો કરકડો હો—વાંસલડી,
તુને આજ મળી છે ઠકરાતરે હો વાંસલડી,
ચોરની સંગે શીખી ચોરવા હો વાંસલડી,
વ્હાલે માખણ ચોર્યું ને તેં તો મન રે હો વાંસલડી—મીઠો.

(૧૦૩૧)—ચાલુ જમાનો—

હાય મુંઇ આવી જવાની કીધી મને તો દીવાની
હાય હાય કીધી મને તો દીવાની,
લજ્જા લુટાવીને રંગે રંગાવી અનંગે જગાવી છે હોળી,
ગાતી મદમાતી જોબનિયે ફુલાતી આ અંગે સમાતી ન ચોળી—હાય.
રસિયો કો આવીને રસમાં ડુબાવીને ઝીલે ઝીલાવે નવેલી
રંગે રમાવીને જવાળા શમાવી દે પ્રેમે કરી પ્રેમકેલી—હાય.

(૧૦૩૨)—મનોહરી રંભા—

પેટ તણો વેપાર-ભાઇ સૌ પેટની મારામાર—ટેક.
પુત્ર પ્રિયાને સગાં સહોદર, કરે પ્રિત વહેવાર;
પેટ સુધી સગપણ સૌ સાચું, પેટ તણો પરિવાર—પેટ.
ચમારને ઘેર ચાકરી કરશે, સંત સજન સંસાર
પાપી પેટને ખાતર ડુંબવું, ધિઃક ધિઃક અવતાર—પેટ.

(૧૦૩૩)—પ્રતાપ લક્ષ્મી—

તમારી તીજોરી છાનીજી, રાજન ખોલો ખોલો
સિદ્ધિ તણી ચાવી ક્યાં છુપાવી
ખોળો ખોળો સાહેબ બોલો બોલો—તમારી
આંગણુ ઉગી દાડમી એનો રસ ચુઇ ચુઇ જાય
એકલડા નહિ પીજીએ સાહેબ રસ સુકાઇ જાય
જોગીડા કમાડો તો ઉઘાડો ભેદો ખોલો સાહેબ બોલો બોલો—તમારી.

(૧૦૩૪)—કાંકડો ફીતુરી—

જોઇ જગત જોઇ દુનિયા જોયો કારોબારરે,
આંખો બન્દ રાખી તેને ખોયો સરવે સંસાર.
યત્ન યુકતીને અંગ બળે બસ ભરો ખજાનો યારે;
પાસા એવા ફેંકીએ કે સદા પઓબારરે.
સુખ દુઃખની હસ્તી કેવી એ ખ્યાલી મનનાં ફેર;
કોશીષોથી મોજ કરોને : કરો દુઃખને જેર.

(૧૦૩૫)—દુશ્મને ઇમામ—

સંસાર યેહ બહેવાર ખોટા હએ ઝુડા હએ;
જગતવાલી ન્યારી કીરતારી,
કોઇ જાએ કહાં તેરે દરકો છોડ—સંસાર.

છોડકે બન બન ફીરે હાએ સબકો
સાથી કોઇ નહી હએ અપના
હએ ફરીયાદ બેકસોંકા હો મદદગાર.—સંસાર.

(૧૦૩૬)—શરીફ બદમાશ—

હર હર ગુલપર હય હરીયાલી હરસું ફુલી ડાલી ડાલી,
હર દીલપર હય ક્યા ખુશહાલી ચમકા કીસમતકા તારા.
કુરબાન ફલક પર અખતર અનવર સબ સઇયારે હંય,
મેહેમાન હમારી મહેફીલકે સબ રૌશન તારે હંય.
દરબાર કે વાલી શાન નીરાલી હરદિલ પ્યારે હંય,
અરમાન મિલે દિલજાન મીલે યેહ દો મહે પારે હંય.

(૧૦૩૭)—ગાફીલ મુસાફર—રાગ-ગઝલ-

હર વક્ત તેરી સૂરત અય જાન સામને હએ,
હર લહેજા સામને હએ હરઆન સામને હએ;
દીલ ચાક ચાક કરકે મુજસે એહ કહે રહે હએ,
એહ દીલ અગર તેરા હએ, પહેચાન સામને હએ;
વાઅદા કીઆથા તુમને ? અચ્છા કસમતો ખાવો,
રખ્ખો તો હાત દીલપર, ઇમાન સામને હએ;
મુજસા ન હોગા કોઇ દો જાન રખનેવાલા,
એક જાન મેરે તનમે એક જાન સામને-હએ.

(૧૦૩૮)—માનવી પ્રપંચ—

મને કીધી અતિ ઉપકારી, બહુ દયા તમે દરશાવી;
મને અધિક એ કીધું કાંઇ,:મારી ફરજ મેં બ્હેન બજાવી.
જયમ નર વિણ સરિતા સુકી,
ત્યમ આપણે પતિ વિણ દુઃખી;
હું તો તમ સુખે હવે સુખી—મને.
મને પીયુંની ભક્તિ પ્યારી;
ભજીએ કર માળા ઝાલી,
હરી કરજો સહાય અમારી—મને.

(૧૦૩૯)—માનવી પ્રપંચ—

સ્વારથીઓ સંસાર, સરવે સ્વારથીઓ સંસાર;
જોઇ જગે જગે જુઠી જાળ, સઘળે સ્વારથનો વેપાર;
માતા પીતા ભાઇ નારી પ્યારી, માંહી સ્વારથની મારામાર;
સ્નેહી પણ મતલબને સાંધે, તે સ્વારથની પ્રીતી સાંધે;
આ જગનો વ્હેપાર—સઘળે.

(૧૦૪૦)—દાનવી માયા—

આન મધુરાં ગાય રતિનાં રૂપે કામ લજાવે
સ્નેહ સુધારસ સીંચન કરતાં ઘડી ઘડી સરમાવે મુજને એ મોહન ભાવે
વાત વાતમાં રીસ કરીને રોષ દોષ દર્શાવે
પણ મમતાથી પગે પડું તો છાતી શું લપટાવે—મુજને.
કરી કમાણી પૈસા લાવે પેટીમાંજ દબાવે
કુંચી કરમાં લ્યો શેઠાણી! કહી કહી બોલાવે—મુજને.
ઘર કુકડો થઇ ઘરમાં બેસી આજ્ઞા નિત્ય ઉઠાવે,
ઘરની દેવી કહી સલુણો સેવા સર્વ બજાવે—મુજને
પ્રેમ પુષ્પનો પ્રેમ ભોગી તે પ્રેમ સુધા પીવરાવે,
પ્રેમેથી પરિ રંભણ આપી પ્રેમ ઝુલે ઝુલાવે.—મુજને

(૧૦૪૧)—માનવી પ્રપંચ—

મારૂં જોબન ઝોલાં ખાય ખીલ્યું નવરંગી
ફુલ્યુ નવરંગી............ફાલ્યુ નવરંગી,
મારે અંગ અનંગ ઉછાળા, રસીલો રંગી
છબીલો રંગી...............હઠીલો રંગી,
તાકી મારે તીર સોંસરા વાગે,
આંખલડી મારી ઝબકીને જાગે.—જોબન૦

—સાખી—

જોબનની કાચી કળી ખીલી ફૂલ્યાં ફૂલ,
વ્હાલા મારા વીણશે, એ ફૂલડાં અણમૂલ.
તન મન થાય મને તાલાવેલી,
પ્રેમનો રંગ ચડગ્યો થઇ ઘેલી.—જોબન૦

(૧૦૪૨)—દાનવી માયા—

હેરી! ફેરી ગગરી નીડર યે કનાઇ
નીર ભરન મંય કયસે કયસે જાય!—હેરી
પન ઘટવા યે ઠેઠોલી મચાઇ
ગગરી પટક મોરી ચુનરી ભીંજાઇ
નીફ્ટ કો કયસે સમઝાઇ!—હેરી
રગ ઝગમે મયને સુંદરી ગવાઇ,
પીયા મોહે પુછે કહું બાત કયા બનાઇ,
લોગ કહત હરજાઇ—હેરી

(૧૦૪૩)—ગાફીલ મુસાફર—

કીસી પરદેસીસે હાં કોઇ ન પીત લગાએ,
કરસે ટાસે રોગન પાલે, હીરેકી કનીયા ખાએ

બીરહાકી અગની તન મન ફુંકે, કોઇ પલ ચયન ન આવે,
દીન દીન પલછીન જીયરા જલાએ મોર
વાઅદા વફા ન પૂરમાએ, તરસત તરસત આઇ આંખે,
મોરી, પીયા ન વાપસ આવે.

(૧૦૪૪)—દુસ્મને ઈમાન--

બાંકી તીરછી અદાને લુભા લીની,
દીલપે બરછી નજરકી લગા દીની—બાંકી.
કાફીર અદાપે હાય મંવ તો મચલ હાઇ,
હીજરમેં વાકે મોગી જાન નીકલ હાઇ;
ઉઠતા હએ દરદે જીગર હોતી હએ રોતેબસર,
કીયા કરાર છીના બેકલ કીની—બાંકી.

(૧૦૪૫)—પ્રતાપલક્ષ્મી—

વ્હાલમ સંગે યાર લગન મોરી લાગી
ચોર છુપાઇ દિલ ગયો ચોરી કરી બલજોરી,
જડે નહીં અરે કયાં ગયો પાજી ભાગી—વ્હાલમ.
અરે શું વ્હાલમની વાતો લખી છે ચોપડીમાં,
અહા વરસી રહી જો હાસ્યની અમૃત ઝડીમાં;
ભલા આવી ખૂબી છે જોગની બારાખડીમાં?
હજારો વર્ષ રદ છે એક આ સુખની ઘડીમાં—ચોર.

(૧૦૪૬)—મનોહરી રંભા—રાગ-કવ્વાલી-

જગતના બાગમાં બાપુ મયાળું એક માળી છે;
રસિલા છોડને પાણી સાંચીને કહાલી હે—ટેક.
સુગંધી તો ભ્રમર લ્હેશે, ખરો માલિક તો તે રહેશે;
ખિલાવી જો નહિ દેશે, ભુલ્યો નિજ ધર્મ માળીએ—જગત.
જશે જ્યાં ફુલની કળીઓ, જશે સાથે સુગંધો તો,
હશે ફળ ત્યાં હશે કળીઓ, જુઓ ધારો નિહાળીને—જગત.
પિતા? પુત્રી પરાયુ ધન, થશે બીજાને તે સ્વાધીન;
જશે ભરથાર લઇ તે તન, રહેશે રોઇ માળીરે—જગત.

(૧૦૪૭)—ભાવિપ્રાબલ્ય—રાગ-પ્રભાત-

અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રી હરિ! જુજવે રૂપે અનંત ભાસે;
દેહમાં દેવ તું, તેજમાં તત્વ તું, શૂન્યમાં શબ્દથી વેદ વાસે.
પવન તું પાણી તું ભૂમિ તું ભૂધરા! વૃક્ષ થઇ ફુલી રહ્યો આકાશે;
વિવિધ રચના કરી, અનેક રસ લેવાને, શિવ થકી જીવ થયો એજ આશે.
અખિલ૦

(૧૦૪૮)—ચાલુ જમાનો—
જસોદાકો જાયો મોહે કોઇ મિલાય દે;
નંદલાલા કાના કો દિખાય દે.—જસોદા.
જયસી ગોરિયા રાધા નારિયા.
વયસો હી કારો હય શ્યામ;
કયસો જાદુ વકીનો આંખિરી.
નાહી બેદે બે આરામ રામ—જસોદા.
ધન જોબન અરૂ રૂપ દીનો મોહેરી જગદાધાર.
ભોગી ભવરો પાસ નાહિરી. જીયામે લાગે કટાર ધાર—જસોદા.
વૃન્દાબનકી કુંજ ગલીનમે આવોજી મોરે કાન;
જો ન આવો તો કરૂંગી, પ્યારે મેં તોસે તોફાન જાન.—જસોદા.
(૧૦૪૯)—જયદેવ—
સર્વ વ્યાપી છે શ્યામ અમારો, શ્યામ સમું કોઇ નામ નથી;
પીંડ અને બ્રહ્માંડ તપાસો, શ્યામ વિના કોઇ ઠામ નથી–ભાઇ શ્યામ.
શ્યામ સમોવડ સૃષ્ટિ સરવમાં, સત્ય કોઇ સુખધામ નથી;
એ ઘનશ્યામ વિના અવનિમાં અન્ય ભજ્યાનું કામ નથી–ભાઇ–સર્વ.
(૧૦૫૦)—મેઘ માલિની—
સુ મધુર નિંદરિયાં નેન ભરી,
શીતલ લહરી મહિં અંગો હિંચે મમ,
પુલકિત તન, મુકુલિત નયન,—સુમધુર.
ભાન ભૂલાયું, ધવાયું પ્રીતે મન,
રજની સજની આવતું કામિની દયાકરી,
પ્રિય જન ગૃહી કર વ્હેલો વળ ભુવન—સુમધુર.
(૧૦૫૧)—ચીત્રસેન—
ભાગ્ય વિના નરભમતા, ભવમાં ભલા ભારી,
અતિ દુઃખીયારી હાલત, ધાત્રા દે તુ વિદારી—ભાગ્ય,
કેક કરતાં લાચારી કેક નર છે ભીખારી,
કેકને છે અશ્વ અસ્વારી, કેવી લીલા છે પ્રભુ તારી—ભાગ્ય.
ચંદ્રીકા મમજે પ્યારી, વિયોગે અતિ દુઃખીયારી
આપ–તીથી લે ઉગારી કષ્ટ કાપો કરૂણા કારી—ભાગ્ય.
કહું કષ્ટ શું ગીરધારી વાણી ન પહોંચે બીચારી,
વિનતી આલે વિભુ મારી, ધશ દયા કર આ વારી—ભાગ્ય.
(૧૦૫૨)—વિદ્યાવિનોદ ઉર્ફે પાપનું પ્રાયશ્ચિત—
મુસાફિર નંદકુંવર જપ નામ,
એ વીણ જૂઠા નામ તમામ—મુસાફિર૦

કયા લે આયા કયા લેના હય;
સચ્ચી કમાની નટવર નામ—મુસાફિર૦

(૧૦૫૩)—મનોહરી રંભા—

હિન્દી સંસારને નહિ રૂચશે પરદેશી પ્રીતી—ટેક.
પાણીમાં તેલ ભેળો, દુધમાં દીવેલ ભેળો;
જુદો જણાયે રેલો, રાખો રીતિ—હિન્દી.
કાગળ કેરી કોથળી, વળી અગ્નાની અંગ;
ભરતાં ખીલા ભાવથી, ઉલટું થાય અપંગ.
કલગી ધરી કાગડાઓ, મસ્તીખોર માંકડાઓ;
ફુલે જેમ શાંકડાઓ:-
વિવેક વિચાર તજી, અશોભિત વેશ સજી;
અંગ્રેજી વેણુ ભજી, ચાલતા મન મ્હાલતા,
ન નિહાલતા, અહો! નકલી નીતિ—હિન્દી.

(૧૦૫૪)—રામાયણ—

હરે રામ હરે રામ હરે રામ હરે
ભજાકર યહી નામ અરે બાવરે—હરે રામ.
રામનામકા જાપ છોડકર ઔર નામકા કૌન કરે,
કૌન પિયે મોરી કા પાની જબહો અમૃત કુંડ ભરે.

(૧૦૫૫)—ચાલુ જમાનો—રાગ-કોરસ-

શુદ્ધ સવારે મોઢું બ્રશ ને વિલાયતી મંજનથી થાય,
વિલાયતી ચા કોપીનાં, ઉનાં પાણી પીવાય.
વિલાયતી ડીનર વિલાયતી ફેશનથી લેવાય,
વિલાયતી કપડાં વિલાયતી ફેશનથી પ્હેરાય.
કોરસ { દમામ આ બધો વિલાયતી થયો,
તમામ ગામઠી રિવાજ દેશથી ગયો.
વિલાયતી ભાષા વિલાયતી ચેષ્ટાથી બોલાય,
વિલાયતી લગ્નો વિલાયતી કોરટમાં તોડાય,
વિલાયતી બેંકોમાં ગોટાળા વિલાયતી થાય,
ને ધોળે દિવસે દીવાળાં પણ વિલાયતી ફુંકાય. કોરસ—દમામ.
જ્યાં જોઇએ ત્યાં રંગ બધા આ વિલાયતી દેખાય.
વિલાયતી સોડામાં વ્હિસ્કી વિલાયતી સેવાય,
ધાન્ય ધરાને પાણી તેમજ જે આ કાળી કાય.
ચાર વસ્તુએ જોઇ ગામઠી છાતી ફાટી જાય કોરસ—દમામ.

(૧૦૫૬)—મેઘમાલીની—
નાહિ સત વિણુ શરણુ તું ચિત ધરરે,
દુનિઆ સતપર જીવન જીવનભર,
નાથ કોઇ નહિ સત સ્વામી જ્યાં,
શિદ ગુલામી અવર કરે,—નાહિ.
મોહ લોભ તજ યારી, મુક્તિ મન ધારી, ઉડી ભરી,
બંધન ખલક ખુવારી, આતમ રાજ્ય એ સાચ સમજ-
તું અચલરે—નાહિ.

(૧૦૫૭)—મેઘમાલીની—
ગરીબ પ્રાણુ કબર પર શ્રીમાન બાગ ફાલે,
ગરીબ ચૂર્ણ જીગર પર શ્રીમાન મોજ મ્હાલે—ગરીબ.
હજાર ચશ્મ રૂદનથી ખુશાલ એક થાયે,
હજાર ક્રુર જખમથી આરામ એક કાયે—ગરીબ.
હજાર દેહ પતનથી પુજાય એક ભાવે,
હજાર જાન ખરીદપર રે એક શાહ કહાવે—ગરીબ.

(૧૦૫૮)—ગોરખધન્દા—
હીરા મન બોલ બોલ, હર ભજ મુખ ખોલ ખોલ
મધુર ફુલ ફલ બનમેં દેખ નહો ડાંવા ડોલ—હીરામન.
સદા બોલકે મીઠા બાની અભિમાની તું રટ નિત રામનામકો.
બઢત નહીં ઇસ ટેં ટેં સે કુછ મોલ—હીરામન.

(૧૦૫૯)—રામાયણ—
ગોરે ગોરે ગાલોપર હય યું આંખ જમાનેકી,
ખાઇ નહી હય કાહું મનુષને શકતી ધનુષ ઉડાનેકી,
ખિલી હયે ખાપરસે કલિયાં તમામ જોબનકી,
ગુંદા હયહાર, કસર હય સજનસી ગરદનકી,
કેરો ન સામને કન્યા કે બાત સાજનકી
બિગડ દેતા હય શૃંગાર રસ દશા મનકી,
અબ મત છેડો કામ કહાની, ઇસ રસસે દરગુજર કરો
રે મીઠી બકવા સબ છોડદો બાર બાર સરમાનેકી—ગોરે.

(૧૦૬૦)—ચાલુ જમાનો—રાગ-કવ્વાલી—
અમારો કોઇ નથી આરો, સમય છે પ્રાણુ લેનારો,
પડ્યો શિર દુઃખનો ભારો, પિતાજી મ.રો કે તારો,
થઇ છે પાયમાલી શર્ત સટ્ટાથી પિતા મારી,
ગયા ઘરબાર ને ધનમાલ, આવી સખ્ત લાચારી,
થશે તકદીરનો વારો, પિતાજી મારો કે તારો—અમારો.

ન ખાવા અન્નનો દાણો, ન પીવા ગોળીમાં વારી,
નહી તન ઢાંકવા કપડું, કહું શું વાત વીસ્તારી,
થયો સંસાર આ ખારો પીતાજી મારો કે તારો.—અમારો.

(૧૦૬૧)— જલસા સંગ્રહ—રાગ-(શાહાના કાહાનરો-ખ્યાલ.)

નાનકરા નનંદજીના છૈયારે, તું છાંડદે ,મોરી બૈયાં—નાનકરા.
રોએ રોએ અંખીયાં લાલ કરંગી, નીર ભરૂં ગીરધારી;
બીન્દ્રા બીનકી કુંજ ગલનમેં જાએ પોકારૂં મે દૈયારી—નાનકરા.

(૧૦૬૨)—જલસા સંગ્રહ—કાલીંગડો-પદ.

રઘુવંશી રાજા હે રામ કનૈયા,
દશરથ સુત વાસુદેવકો છૈયા—રઘુવંશી.
અજોધ્યાકા રાજા મથુરેકો બાસી,
એક ધનુષધારી એક મુરલી અભ્યાસી—રઘુવંશી.
અહલ્યા તારી કુબજા ઉગારી,
શરણાગત પ્રભુ ગુણિકા ઉધારી—રઘુવંશી.
રાવન મારે કંસ પછાડે,
વિભીક્ષણ તારે અક્રુર ઉધારે—રઘુવંશી.
સીતાપતિ રામજી લક્ષ્મીકો સ્વામિ
તુલસીદાસ પ્રભુ અંતરજામી—રઘુવંશી.

(૧૦૬૩)—રંગતરંગ—

હાં સંશય છે પાપી શેતાન,
સંસારે તેથી સંભાળી વિચારી સદા રહેવું સાવધાન;
જાલંધરે કર્યો સંશય વૃંદા પર, થઇ તેના જીવનની હાણ;
પુરાણે તેનું વૃતાંત છે વિદ્યમાન,
દ્રષ્ટાંત દીલ સોચો શીક્ષા ધરો ધ્યાન
કુંભારાણાએ મીરાંબાઇના વિષે ભ્રમણાથી ખોટી શંકાથી;
ખોયું છે માન.........સંસારે.........હાં સંશય છે.

(૧૦૬૪)—અનવર કાવ્ય રાગ-ભજન.

સમજ મન મેરારે યહાં કોઇ નહીં તેરા,
ક્યા ગફલતમેં કહેતા હે તું નાહક મેરા મેરા !—સમજ-ટેક.
બાપ ભાઇ ઓર લડકાલડકી ઓરત કુટુંબકબીલા,
દોસ્ત આસના સબ દુનિયાકે, ક્યું ગફલતને ઘેરા !—સમજ-૧
મહેલ ઝરૂખા કામ નહિ આવે, સાહેબકી દરઘામેં,
એક દીન એસા આવગા બંદે જંગલ હોગા ડેરા—સમજ-૨

ખાઓ પીઓ ઓર ખરચો પ્યારે ધરમ પુન્ય કુછ કર લો,
સંગ તમારે હોય ઉજાલા, આગે રસ્તા અંધેરા—સમજ-૩
જ્ઞાની તુમ બેપારકો આયે કુછ તો સોદા કર લો;
જબ મુડીમેં ખોટ પડેગી ફોગટ જાયગા ફેરા—સમજ-૪

(૧૦૬૫)—જલસા સંગ્રહ—(રાગ, કાફી-પદ)

રઘુ વીરસે જા કહીઓ મોરી,
કહીઓ મોરી સુનાઇઓ મોરી—રઘુ વીરસે.
સુનો હનુમંત અંજની નંદન કહીઓ સંદેશાકી હોરી,
શીશ નમાએ ચરણ ગ્રહી લીજો,
કીજે બિનતી મોરી,-રામસું દોઉં કરજોરી—રઘુ.
એ રઘુપતીકી કીર્તી સુની હએ, જીનકો ધણુંષજીને તોરી
તે ભૂજબળ અવહી કીત દુરીવટ,
રાવન દુષ્ટ હનોરી-કહેત હે જનકકી છોરી-—રઘુ.
દોન નહી ચેન, રેન નહી નિંદ્રા ખાન પાન બીસરોરી.
બન ઉપ બનમે આઇ પરી હું,
તેરોહી ધેઆન ધરોરી-રામ રામ મુખસે કહુરી.—રઘુ.
કિતીક દૂર લંકા ધઢ તુમસે જીનસ સૂટી રચ્યોરી,
સુગ્રીવ કષ્ટ હરોરી-ભગતન પ્રતીપાલ કરોરી—રઘુ.
કહે હનુમાન ધીર ધરોમત લંકા કરંજી મેં હોરી,
રાવન કુંભકર્ણ સગહી માર હું
મેઘનાદ હનુરી-ટેક તેતી સંબધ છોરી—રઘુ.
તુલસીદાસ પ્રભુ તે હારે મીલનકો, અગ્રધ આશ રહી યોરી,
પ્રાણદાન દીજે રઘુનંદન,
ગાઊં મે કિર્તી તોરી-પરવ અબ કરહું બડોરી.—રઘુ.

(૧૦૬૬)—રંગતરંગ

ફેશનેબલ બૈરીનો સ્વામી સંસારે રવડે છે;
ધન ખર્ચી ધરમાં ઠેમકૂસ લાવી દુઃખમાં સબડે છે.
રંગઢંગ ઠાઠમાઠ ફેશનપર મરતી ફરતી.
કેશ ફેશ ડ્રેશ બેશ બીલકુલ એકટ્રેશ સમ દીસતી.
આય નાચે કુલટા ફેલ ફંદ સઘળા છેક;
બની ગુણીકા બેપરવા......................ફેશનેબલ.
વૉચ ચેન પેનફ્રેન ફેન્સી હેન્ડ કર શીપ ધરતી,
ગુટપુટ લાવ લાવ ઓર્ડર પર ઓર્ડર કરતી;
અબ મીજલસમાં ખાય છે હોટલમાં લાય લાગે
ઉરમાં અંતરમાં..............................ફેશનેબલ.

(૧૦૬૭)—જલસા સંગ્રહ—(દેશ, ૫૬)

ભવાદે પ્રાણુ જરા મોકો-શરણુ કિસ્કે તું જાતા હૈ.
કિહર મે તું બચન દેકે-નિકસકે કયું ભમાતા હૈ.
પ્રભુ કે ખાન પાનેકા-નખા તું ભુંખ કે મારે;—૧
અરે મન મુઢ જો હોકે-ભજન તુજકો ન ભાતા હૈ.—૨
દુજા કોઈ અધિક દાતા-નિકાલો ઢુંઢ જગફિર કે;
કિસીકે જો તું દેનેમે-નહી સંતોષ લાતા હૈ.—૩
ચલાજા ઔર દૌરોંસે-તજી ઇસ રાજધાનીકા
અવિહિત કર્મ પાનીમે-જનમ અપના ડુબાતા હૈ.—૪
જહાંવોના તુઝે દેખે-જગા ફીરોજ બના ઐસી;
કયુ છુપકે પ્રભુ સેજે-તું કરને પાપ ન્હાતા હૈ—૫

(૧૦૬૮)—રંગતરંગ—

અકળ આ ઇશ્કની હા! જોઇ મેં અજબ લીલા;
રાગી વીરાગી સહું, કોઇ ઇશ્કના ઘેલા,
ખુદાઇ ઇશ્કની જગમાં, સરે જાહેર છે છાઇ;
પુજારી ઇશ્ક કેરા, જુઓ મજનુનને લયલા,
પરમ છે ઇશ્કની પદવી, અમર લોકોએ છે ગાઇ;
બન્યા છે કંઇક બંદા, ઇશ્ક પીરના ચેલા.

(૧૦૬૯)—જલસા સંગ્રહ—ખમાચ ઠુમરી—

પનીઆ જાઉંગી મોહે મત રોકો—પનીઆ.
સબ સખીઅનકે સંગમેં પનીઆ;
જાન દીઆ ભર આવુંગી-મોહે—પનીઆ.

(૧૦૭૦)—રંગતરંગ—

; સુંદર શાડી મોરી મયકે મે મેયલ ભઇ;
કયા લેકે જાઉ ગવનવા રામ.
ન અયસો રંગઢંગ ન અયસો જોબન;
કાહે પે પેહેનું ગહનવા રામ.
ગંગા માઇ તોપે ચુંદરી ચઢઇયા;
પીયાસે કરદે મીલનવા રામ.
જયાં બહે ગંગ તબસે કશી;
બીચમેં નદીઉ બકતહે રામ—ગંગા.

(૧૦૭૧)—જલસા સંગ્રહ—ખમાચ-હોરી.

આજ આય દેખોરી સજના,
કીસ છબસે મેરા કાહન ખરોરી—આજ.

હાથ લકરીયાં ખાંધ કમરીયાં,
કોઉ જાણે અજાણુ ખરેરી—આજ.
માતો ધીટ બરજે નહીં માને,
મોરલીકી ટેર સુનાએ ખરેરી—આજ.

(૧૦૭૨)—**જલસા સંગ્રહ**—માંડ-મરખી

ભલાજન નાર ભણાવો ભાવેરે,
વિદ્યા સાચ સરસ લાભ લાવે—ભલાજન.
શિખી સ્ત્રી ઘર તરતું રાખે રે,
કોદી ભૂલી ખરાબે ન નાંખેરે,
નિર્ભય થઇને રૂડા ફળ ચાખે—ભલાજન.
ઘરના જન જોડે સુખે રહેશેરે,
જેને જેવું તેને તેવું દેશેરે,
રૈસે રૈસે હિસાબજ કહેશે—ભલાજન.
જેવી મા તેવાં છોરૂ જો થાયરે,
જ્ઞાની હોય તો જ્ઞાની સુહાયરે,
મુર્ખિ હોય તો મુર્ખ તે થાય—ભલાજન.
સહુ સુધારાનું મૂળ તો નારીરે,
સહુ સુધારાના ઘરની તો બારીરે,
શિખી નારી તેની બળિહારીરે—ભલાજન.

(૧૦૭૩)—**જલસા સંગ્રહ**—ભૈરવી-ઠુમરી.

નદીઆ તટ ઠાડોરે, કાહાન જમુના તટ ઠાડોરે—નદીઆ.
હાથ લકડીઆં, ખાંધ કમલીઆંરે; બનસી બજાએ ઠાડોરે—નદીઆ.

(૧૦૭૪)—**મધુવંસરી**—

જાગી જ્યોત જાગી હૃદયની જ્યોત જાગી,
બંસીઓ સાથ વાગી, આત્મની તાલી લાગી;
પ્રભુની ધૂન મધુરી એ સુભાગી—જાગી.
સ્વર્ગ અવની સૌ સુહાયે,
દુઃખ દિલનાં સૌ શમાયે, સુર ઉર ઉરના પુરાયે,
થાજો સ્નેહ યોગી, સ્નેહ ભોગી, સ્નેહ રાગી—જાગી.

(૧૦૭૫)—**જલશા સંગ્રહ**—ભૈરવી-ઠુમરી—

હો બેરાગી મોરા રામ—હો.
તનસે બેરાગી પીઆ; મનસે બેરાગીરે;
જબરાને લીનો હે બેરાગ, બેરાગી મોરા રામ—હો.

(૧૦૭૬)—મધુમંસરી—
મોરી બૈયાં નપકર, ગિરધારી શ્યામ,
ચલી ભરન નીર જમુનાકે ધામ મોરી.
તુમ તો બને સોતનસંગ રહેતે,
અબ તો સનદ પ્યારી, શ્યામ—મોરી.

(૧૦૭૭)—અનવર કાવ્ય—રાગ-બિહાગ
હે સજનારે તું મેરી સેજપેં આ,—ટેક
સેરા હમેલા હાર હજારો, ફુલું દે ગજરે લા,-હે સજનારે—૧
મેં તોરી દુલહન તું મેરો સ્વામી, હસહસ ગરહુલગા-હે સજનારે—૨
દરસન કારન તરસત નેના, ચાંદસા મુખરા દીખા,-હે સજનારે—૩
તેરે મીલનકો જીયા વલપત હે, બિચસેં પરદા ઊઠા-હે સજનારે—૪
જ્ઞાની કીતો માંયાં એહી અરજ હે, બેડલાપાર લીધા-હે સજનારે—૫

(૧૦૭૮)—રંગ તરંગ—
અલબેલા સનમ આપની દીવાની—સમજજે.
નજરાણું મારા દીલનું દીલજાની—સમજજે.
તન મન છે પ્રાણુ આપના છો આપ-મુજ માલીક,
વશ થઇ છું વ્હાલા આપની મહેરબાની—સમજજે.
પરવાનો બન્યો પ્રેમદા તવ કાન્તી-જ્યોતનો,
બીમતાથી મારા પ્રાણુની કુરબાની—સમજજે.

(૧૦૭૯)—ભાવિ પ્રાબલ્ય—
તમને દુઃખની વાત અમારી માધવ શું કહીયેરે
અમને સાચીં ઓથ તમારી—માધવ !
માધવ ! કહેવાં દુઃખની વાત મારૂં હૈયું નવ રહે હાથ;
અમારા બેલી છો જગનાથ—માધવ !
ભરી સભામાં ચીર ખેંચ્યાં જોતાં પંચ ભરથાર;
રોતી કકળતી અબળા વ્હારે, આવ્યા શ્રીગોપાળ—માધવ !
બાર વર્ષ વનવાસ ભોગવ્યો, રહ્યો ગુપ્ત નિવાસ;
તે પણ વસ્યું સાહ્યે તમારી, અંતરમાં અવિનાશ—માધવ !
પુર્વ સંબંધે આવી મળે, જે કર્યું વિધિએ નિર્માણ;
હું તમથી જુદો નથી, છો પાંડવ મારા પ્રાણ;
ધીરજ ધરીને રહીયેરે—તમને.

(૧૦૮૦)—અનવર કાવ્ય—રાગ પદ બિહાગ,
કોહરીઆરે તું કયું કુ કુ કરે ? ટેક
મેં બીછરી પિયા ઢુંડન નીકસી, તું બેરન દુઃખદે,—કોહરીઆ-૧
કુક સુનત મોરા દિલ ધરકત હે, દુઃખસે છાતીયાંભરે—કોહરીઆ-૨
પિયા કારન મેં બનબન ફીરતી, કાહુ સંગ જીયાના ઠરે,—કોહરીયા-૩
જ્ઞાની પિયાકા યહાં ખોજ મીલતહે, ક્યું દુઃખ મનમેં ધરે—કોહરીયા-૪

(૧૦૮૧)—રંગ તરંગ—
જે દુષ્મનની તાસીર તે ટાળવાં ટળતી—નથી,
લાખ હો તદબીર તે એક પણ ફળતી—નથી,
ખુદની જે ખસલત નસીહતથી તે પલટાતી—નથી,
કામળી કાળી કદી રંગથાથી રંગાતી—નથી,
મતલબી વેસ્યા કદી મહોબતનો દમ ભરતી—નથી
આકના ફુલમાં કદી સુગંધિ સાંપડતી—નથી.

(૧૦૮૨)—જલસા સંગ્રહ—ભૈરવી–ગજલ.

હમારી દિલ લગી રબસે-કિસીસે દિલ લગાવે કયા;
મરીઝે ઇશ્ક હાં હોકે-ખુતોંકે યાં જગાવેં કયા.—હમારી.
દગલબાજી હૂઇ યારો–હકીકત કયા સુનાઉં મેં;
કિયા સબ બખ્ત મેરેને-કિસીકો હમ સતાવે કયા.—હમારી.
હમારી લાશ દોજખમે-ઉઠાકે ફેંકનાં યારો;
સિહા મું રોજ કયામતપર-ખુદાકો હમ બતાવે કયાં—હમારી.
હિજરકે દર્દકી દારૂ-નહી મિલતી જહાંમે તો;
સિવ.વો યાર દર્દો ગમ-કિસીકો હમ સુનાવે કયા.—હમારી.
અરે ફીરોજ વો વાકેફ-હૈ મેરે જિગરસેભી;
નિકાબે ડાલકે મુંકો-કિસીસે હમ છુપાવેં કયા.--હમારી.

(૧૦૮૩)—અનવર કાવ્ય—રાગ ભજન.

સાંભળોને સંતો સત વચન બોલું જ્ઞાન અપારોજી,
કાષ્ટનું સ્મરણ શું કરો ? માળા મનની તે સારીજી—સાંભળો-૧
કાશી હીમ.ળે જઇ કરી શીદ દેહને પાડીજી ?
જુલમ ન કરીયે જીવ ઊપર એસો આપાને મારીજી—સાંભળો-૨
ગંગા ને જમના જઇ કરી શુદ્ધ થયી બ્રહ્મચારીજી,
મેલતો મનનો ઊતર્યો નહીં જ્ઞાન કોટડી અંધારીજી—સાંભળો-૩
જ્ઞાની તે એને જાણીયે બેસે ધ્યાન લગાવીજી,
ખબર ન રાખે સંસારની મુકે દેહને વિસારીજી—સાંભળો-૪
દોરીરે વાણી પ્રેમની સુનમાં સુરતી લગાડીજી,
તાર ન તુટે તાણતાં કહે **જ્ઞાની** ઊચારીજી—સાંભળો-૫

(૧૦૮૪)—વિદ્યાવિનોદ ઉર્ફે પાપનું પ્રાયશ્ચિત—
જૈસી પ્રીત હરામચે, એસી પ્રભુપે હોય,
ચલા જાય વૈકુંઠમે, પલા ન પકડે કોય.
જેસી નર કરણી કરતા હય, યો આયસા ફળકો પાતા હય.
પ્રભુકો અખંડ ધામ છોડકર, રૌરવૈ નર્કમે જાતા હય

આમ્ર વક્ષકો ફળ હય કેરી, ઝેરી બીજ કૌંવચકા હય
ઐસી તરેહસે કર્મકા ફળજો, વો છીપકે નહિ રહતા હય
કીસ્ન મોરારી ગીરીવર ધારી, તુજ બલીહારી ન્યારી હય
સંત મહાત્મા નિશદિન ગાવત, મહિમા તેરા ભારી હય—જેસી.

(૧૦૮૫)—જલસા સંગ્રહ—સિંધુગ-દાદરો.

મે તોરે કારણ બેરાગણુ બનજાઉંગી—મેં
તું પીયા મોરા મે તોરી સજની
મેં તો બલહારી તોરે બલબલ જાઉંગી—મેં તારે.

(૧૦૮૬)—જલસા સંગ્રહ—રાગ, ભૈરવી દાદરો.

રામ મેં જગાય હારી, પિયા પાપી ન જાગેરે—મે૦
નીચે બહે ગંગા ઉપર બસે કાશી;
કે બોલી બોલે ચરણાં મેં બ્રિજવાસી—મે૦

(૧૦૮૭)—રંગતરંગ—

ચીંતાનો પાર નહીં દુ:ખનો સુમાર નહીં
સુખનો પ્રકાર નહીં, હાય એળે જાય અવતાર
નઠારી પ્રેમદાના પતી તણી વીપદા
કહી ન જાયે ને સહીયે ન જાગે
કાળજામાં કારીસી કટારી ભોંકાએ—ચીંતાનો
મર્યા છે ભુંડી તેને પીડા અંતર ઉંડી
હઇયામાં પ્રકટાવે નીત નીત હોળી
સારૂં છે આથી સાધું થાવું રાખ ચોળી—ચીંતાનો

(૧૦૮૮)—અનવર કાવ્ય—રાગ, લાવણીની રાહ.

સુરત હમારી છેલ છબીલી, મનવા હમારા મસ્તાના,
સુરત હમારી શિખર ચડી ઓર,
દેખા અલખ દરબાર, હુવા મન મસ્તાના—ટેક-૧
નવ દરવાજે બંદ કીયે ઓર, દસમા ખુલ ગયા દ્વાર—હુવા-૨
પાંચ ઇંદ્રિકો બસ કરલીની ઓર, ગગને ચડાયા તાર—હુવા-૩
જ્ઞાની આપ બિસર ગયે ઓર દેખલીયા દિદાર—હુવા-૪

(૧૦૮૯)—રંગતરંગ—રાગ-કવ્વાલી—

જગત પરવા નથી મુજને, વીરાગી હાલ મારો છે;
અનીતી વાત છોડી દે, નીરાળો ખ્યાલ મારો છે.
અરે કેવળ ઉદર ભરવા, પશુ પેરે ગુજર કરવું;
ન બનશે તે કદી કાળે, મનુજ અવતાર મ્હારો છે.
જડીની છાપ વ્હોરીને, શરીર શણુગારવું મીથ્યા;
અવર શણુગાર નથી ધરવા, શીયળ શણુગાર મ્હારો છે.

સ્પૃહા કિંચીત ન કંચનની, તૃણવત જગત ભાસે;
સહુ દુઃખ દુર છે મ્હારાં, પ્રભુ રખવાળ મ્હારો છે.

(૧૦૯૦)—અનવર કાવ્ય—રાગ, ભજન.

સમજ મન મેરારે જરા મોતસેં ડર,
એ તો જુઠી બાત નહીં હે નિશ્ચે જાયગા મર—સમજ.
ખાતા પીતા ખુશીયાં કરતા, ગફલતમેં બેડર,
મોત તો તુજપર તાક રહાહે ઉસકી નહીં ખબર—સમજ-૧
માન બડાઇ ખુદીકે અંદર રહેતા હે તું મસ્ત,
એક જના મરનેકી તુજકો દિલમેં નહીં ફિકર—સમજ-૨
પેસે પીછે ફીરતા હે તું ઢુંડતા દેશ પ્રદેશ,
અય મૂરખ એ કામ નહીં આવે મરનેકા ગમ કર—સમજ-૩
માલ ખઝાના ઓર મગરૂરી ધરી રહેગી વહાં;
ગરીબ હોકર તું જાયગા, જ્ઞાની બંદગી રબકી કર—સમજ-૪

(૧૦૯૧)—રંગતરંગ—રાગ-ગઝલ

સાપ પર દલમો ફેંકી છે હવે શું તારણ આવે છે.
નક્કી આ જોવા જેવું છે હવે શું તારણ આવે છે.
આ સાચું કે એ સાચું ભાઇ નથી કાંઇ સમજાતું
સાચું હશે તે તરી આવશે હમણા થાશે થાતું
આ તે કેવી વાતું, જે જોઇએ તે વળ ખાતું
પાઘડીએ વળ ખચીત્ત ઉતરે ગાલ પુરણ એમ ગાતું
મને તો જુઠ્ઠી માને છે. હવે શું તારણ આવે છે.

(૧૦૯૨)—જલસા સંગ્રહ—(કાફી-હોરી)

વાંહી જારે કનૈયા જાહાં સારી રેન ગુમાઇ, વંહી
બ્રિજ વનિતા કો સંગ છાંડકે, કુબરીસે પ્રીત લગાઇ,
હમતો ભરોસે રહે હે તોહારે, એસે કીના નહુરાઇ,
લાજ તોએ કછુ ન આઇ.—વાંહી

(૧૦૯૩)—અનવર કાવ્ય—રાગ બિહાગ, પદ.

સખીરી મોકો રે પ્રિયા બિના કલ નાપરે,
મંદર અંધેર મોરી સેજભી સુની, બિનપિયા જીવરાડરે—સખીરી.
ખાન પાનમોકો કછુના ભાવે, નિશદિન જીયરાજરે—સખીરી,
બિરહ અગન મોરે તનમેં ઊઠતહે, અખીયુનીરઝરે—સખીરી,
ખોજ કરોની મોરી સુગડ સાહેલીઆં, કોનમોરે પિયાકોહરે—સખીરી,
પિયાકા પતા ગુરૂ દેતહે જ્ઞાની, અબ કાય ફિકર કરે—સખીરી.

(૧૦૯૪)—રંગ તરંગ—(રાગ-ગઝલ,)

હર વક્ત તેરી સુરત અયજાત સામને હય,
હર લહેજા સામને હયે હર આન સામને હય,
દીલ ચાક ચાક કરકે મુઝસે યેહ કહે રહે હય,
એહ દીલ અગર તેરા હએ પહેચાન સામને હય,
વાયદા કીયાથા તુમને અચ્છા કસમતો ખાઓ,
રખ્ખો તો હાત દીલપર ઇમાન સામને હય,
મુજસા ન હોગા કોઇ દો જાન રખનેવાલા,
એક જાન મેરે તનમે એક જાન સામને હય.

(૧૦૯૫)—જલસા સંગ્રહ—કાલીંગડો, ગઝલ.

કતલ કરનેકું આશકકું, નેગેહ તલવાર કાફી હએ,
બરોંહ કે જખ્મકા મરહમ, તેરા દીદાર કાફી હએ—કતલ.
પરેશાં દિલ દીવાનેકું, નહી દરકાર જંઝીરોસે,
દિલોંકે કેદ કરનેકું, ઝુલફ બલદાર કાફી હએ—કતલ.
ન ટસબીહ હએ ન સુજદા હએ, નહી મતલબ કેતાબસે,
તસવર બન ગયા દીલમે, તો યહી તકરાર કાફી હએ—કતલ.
પરેશાં દેખકર મુઝસુ, જુલ્મઅતના ન કર જાલેમ,
ફકત મહેરબાનીસે, સુખનકા પ્યાર કાફી હએ—કતલ.
છોડજા ન મત એકીલા, યહાં ઇસ ફના મુકામમે,
ગફુરકું જબેહ કરનેકું ચશ્મકા ઈશાર કાફી હએ—કતલ.

(૧૦૯૬)—અનવર કાવ્ય—રાગ, પદ, કાલીંગડો.

ક્યા કહેના હાલ ફકીરંકા ? ફકીરંકા ગુરૂ પીરંકા ? ક્યા-ટેક.
કોઇકો પસંદ હે મહેલ હવેલી, માલ ખઝાના હીરંકા ! ક્યા-૧
કોઇકો પસંદ હે સુકી રોટી, ઓર બિછાના હસીરંકા ! ક્યા-૨
આશક મસ્ત ફકીર અલ્લાહકે, ભાવ ન પૂછે અમીરંકા ! ક્યા-૩
ગરીબ ગુન્હેગાર આજીઝ અનવર પાર નહી તકસીરંકા ક્યા-૪

(૧૦૯૭)—કબીર સાબ—રાગ-ભજન.

ખોટી સહુ ક્રિયા બાઇ, સાચી સગાઈ રામતણી જીવ જાણુ નાતો
પરમ પદમાણુ નાતો, લહે સુખ લ્હાણુ નાતો
રામ રામ સઉ કોઇ કહે, દલસત કહે ન કોઈ;
એકવાર દરલત કહે, (તો) કોટી યજ્ઞ ફળ હોઇ.
કનક મંદિર મ્હેલ આરસ, ચોમરદંમ કમાન;
(પણ) સિયા રામના ભજન વિણ, ભલું એ થકી રાન.
ધન્ય જેણે રામ કહ્યા છે, પુન્ય ફળ તેના ફળ્યાં છે,

શુભ પંથ જેહ વળ્યા છે, તોજ જાણે રામ મળ્યા છે.
જીવ્યાની ન કંઇ વડાઇ, જે દુઃખદાઇ દેશ પસાઇ,
પરમાનંદ સુખમાણનાનો

(૧૦૯૮)—સુર સ્યામ—(રાગ-રતકતી,)

જય જય નારયણ બ્રહ્મ પરાયણ શ્રીપતી કમળા કાન્તં
નામ અનંત કઇ રીતે વરણું શેશન પામત અંતં
શીવશન કાદીક, આદી બ્રહ્માદીક સુરમુની ધ્યાન ધરંતં
મચ્છ કચ્છ વારાહ રૂપ હરી વામન વેશ ધરંત
પરસુરામ શ્રી રામચંદ્ર રૂપ, લીલા કોટી કરંત.
જન્મ ધર્યો વસુદેવ દેવકી ગ્રહ યશોમતી ગોદ ખેલંતં
પેસી પાતાલ કાળી નાગ નાથ્યો ફનપર નૃત્ય કરંતં.
ઇંદ્ર ગુમાની ગર્વ ઉતાર્યો, કર પર ગીરી ધરંતં.
જગન્નાથ જગમગ ચીન્તામણી શરણ શ્રધાનીશ્રંતં;
દ્વાદશ સ્કંધ ભાગવત ગીતા, ગાવત શુર અનંતં.

(૧૦૯૯)—મુદ્રાપ્રતાપ—

બહુ ધીરજના ફળ મીઠાં બેન, ધીરજના ફળ મીઠાં છે;
કહે ઋતુ વિણ ફળ કયાં દીઠાં, બેન ઋતુ વિણ ફળ કયાં દીઠાં છે.
તરૂવર તહાં તરૂવરની છાયા, કંથ તહાં કામનીની કાયા;
જન બહુ મથન કરીને થાકે, ઉતાવળે આંબા નવ પાકે;
મન કરીએ ન અઝીઠાં બેન—ધીરજ.

(૧૧૦૦)—અદ્દલ ઇન્સાફ—

બહાદુર બંકા, નહીં કરો શંકા, હરવાને પરધનને,
બહુ વેશ ધરો, બે ફીક ફરો, દીલમાં ન ધરો ડરને,
લુંટફાટ કરો છળબળથી, દયા નવ ધરીયે ખટપટ કરીયે,
જઇ દુસ્મનને હણીએ.........................
ભોળાને નાંખો પાખંડમાં, ધુતો દેશનના ફંદમાં,
શોખ સુખે માણો સંગમાં ગોલ્ડન ગેંગનો જયજયજય.

(૧૧૦૧)—કુલિન નાયકા—(રાગ-ગઝલ)

નેહા લગાતે હય હમભી બાલાપનમે.
હોતે હય શયદા કઇ એક ગુલોકે ચમનમે.
બદ મસ્તીયાં દીખાકે વફા યાર કરતે હય,
આશક હમારે હમપે જાંનીસાર કરતે હય,
ચે ખંજરે અબ્રુકા કભીવાર કરતે હય.
ઘાયલ હમારે નાજકે કઇ આહ ભરતે હય.
જબ આતાંહે સાંવરીઆ બલાયે લેતે હય,
શીર શીસક મચલકે હસી ખુસીસે પ્યાર દેતે હય.

(૧૧૦૨)—નવલશા હીરજી—
જળ થળમાં સર્વમાં જળ હળતી દિવ્યતા,
અર્યું વિલસે બ્રહ્મ આ, વદુંશુ ભાળું રમ્યતા—જળ૦
નમન હું નિત્ય તેને પ્રેમે કરૂં;
ભજન કરી ભાવે, અભય બનું.—જળ૦

(૧૧૦૩)—નવલશા હીરજી—
ઘરની શોભા છે ઘરવાળી, નરને શાંતી સદા દેનારી—ઘરની.
નારી વિનાના નર અરધા ધર્મી કર્મી વ્યવહારી;
સંસારે સ્વર્ગે સોહાએ; જે નરને ઘરનારી—ઘરની.
મંગળ સ્વરૂપા મંગળનામી, મંગળ મય કરનારી;
જે ઘરમાં નારી પુંજાએ, તે ઘરની બલિહારી—ઘરની.

(૧૧૦૪)—કબીર સાબ—
ભજીલે શ્રી રામ, મુરખ હો મનવા,
આ ભવ જળ તરવા, શિરપર ઘુમે જમરાયજી
ગર્વ મહી ગાજે, પરમ સુખ દેખી દાઝે,
હરામિ ન લાજે, પાછળ પસ્તાવો પુરો થાયજી
પાપી પલિત પાડા, ખાંતે શિદ ખોદે ખાડા;
અંતે એ આવે આડા, કુરાન પુરાન પ્રીતે ગાયજી
આંખ તું જોને ખોલી માન દેહ અનમોલી;
દુનિયાં સહું રહીછે ડોલી, રહ્યો મુઢ તેમાં શુ સોભાયજી
બ્હાર કરીલે બ્હેલી, મુસાફરી છે આ છેલી;
જાને ભર ભક્તિ થેલી, દિન કબીરો સુખે ગાયજી

(૧૧૦૫)—શ્રવણ કુમાર—
અષ્ટ પ્રહર હું તો કરીશ પિતા તણી સેવા
કરૂ સેવા, માતું તેને દેવા (૨)
મુજને અન્ય વિષય, રૂચે નહિ અંતર માંહી
ઇચ્છું ન કાંઇ અન્ય તણી સેવા—માતુ
જન્મીને આ જગત માંહી પિતૃ સેવા જેણે જાણી
ધન્ય તેની જીંદગાની
કરી કમાણી, મનથી માની જગમાં જાણી
માની મીઠા મેવા—માતું.

(૧૧૦૬)—સુરસ્યામ—
ભક્તિ સુધારસ સાર જગમાં, સત્ય સમજો નરનારીરે;
ભક્તિને વશ થઇ ગીરધરી, આહીર સાથે ગાયો ચારી.
કપટી મામા કંસને મારી, દાસી કુબજા તારીરે—ભક્તિ.

વ્રજ વનિતાનું વ્હાલ વધારી, રાસ રમ્યા વિઠ્ઠલ વનમાળી;
ઇંદ્રતણું અભીમાન વીચારી, ગોવરધન કર ધારીરે-ભક્તિ.

(૧૧૦૭)—શ્રવણકુમાર—

સંસાર માંહી સાચો સમજો સાધુતામાં સાર;
મેં માન્યો મનથી સાધુમાં સાર.
કફની તિલક તુંબાધારી ફરે દિલ જ્યાં ચ્હાય;
ધુતી ખાવા ભોળા જનને વિધવિધ ઢોંગ મચાય.
છેલ છબીલી નારીને સાચું જુઠું સમજાવે;
માલ મલીદા ખાએ હરનિશ પરના માલ પચાવે—સંસાર.

(૧૧૦૮)—પાંડવ ગુપ્ત નિવાસ—

નફ્ટ ઓ પેટ તુંને ધિક્કાર અમોપર તારો જુલમ અપાર,
મુઢ મન કરતું લેશ વિચાર, અમને ગણાવે ગજબ ગમાર;
હાજી હાજી કરી નોકરી નીચ તણી કરનાર,
અણઘટતું પણ કંકણ કરતા થવું મસતકપર ધરનાર-ટેક—નફ્ટ
ઢોલ વાગતાં ઢોલ ધડાતાં થવું મુર્ખ સરદાર,
ભાન સાન બહુ હોય ભલે પણ બની જવું નિઃસાર—નફ્ટ.
પ્રતાપને પરિતાપ બધો આ છે તારો નિરધાર,
કહુ વધારે હજી કેટલું ફરી ફરી ધીટકાર—નફ્ટ.

(૧૧૦૯)—સુરશ્યામ—

રાધે બંસીકી ધુન સુનલે સુનલેરી ગોવાલન,
કુંજ ભવનમે શ્યામ બજાવત ચંચલ ચપલ નયન
અનગત મોરાર-વીસ્તાર સરગમ સુરકે-રાધે.
કાલીંદી તટ નરત કરૈયા, મીલી ગોપી ગોપાલ,
સબ ખેલે તાતા થૈયાં.
પમય ગરેગ ધનીરેગગં, ધમ મૃદંગ ઉપંગ એનબજ
ચાલ ચલત ઠમ ઠમકે ઠગુણ, આમડ ગીડ ગીડ, ધુમ ગીડ ગીડ ગીડ.
તક્ષાંકતો કીટ કીટ ધાની લે—રાધે.

(૧૧૧૦)—પાંડવ ગુપ્ત નિવાસ

શું વદું મુખથી વાણી, છે કઠણ કર્મની કહાણી
પુષ્પ ખીલ્યું તુ રાજ બગીચે, મોજ રહ્યું તું માણી;
વિધી વાયું વંટોળે લીધું, વૃક્ષ સમે તે તાણી-છે કઠણ કર્મની
પુષ્પ પડ્યું આવીને પટમાં. પણ પીમળ નવ પથરાણી
મધુપ ગણ પાસે નવ આવે, અધોગતિને જાણી-છે કઠણ કર્મની
ક્રાંન્તિ ગઇ કરમાઇ કુસમની કીચકમાં કચરાણી
પુષ્પ તણો પ્રભુને પુજ્યાનો; ધર્મ થયો ધુળધાણી-છે કઠણ કર્મની

(૧૧૧૧)—રતિ સુંદરી—
સખી નાહોલીયો નાદાન, એને તો શું કહીયે
ગુરજ્યાની સાથે પ્રીત રીતથી રહીયે
સખી ચાર સાહેલી મળી. પાણીડાં જઇએ
સરખે સરખીથી મોજ, મજા શું લઇએ
મારે સાસુડીનું સાલ નણંદ દુઃખ દે છે.
મારા ભર જોબનનાં ફુલ, સુકાવી દે છે.

(૧૧૧૨)—રતિ સુંદરી—
હદવાળે હાય આશા, રંક અને નરવરને નમાવે, વિશ્વમંહી વર આશા
તૃષ્ણા સાગર માંહી તણાવે; પ્રબળ વધારી પ્યાસા
કર્મ તજી અપકર્મ કરાવે, શર્મ રખાવે સાંસા
ધર્મ પાંખે અધર્મ ધરાવે ભમે ભમાવે ખાસા
આશા તૃષ્ણા જગત જુગારે, અન્ય કૃતિના પાસા
હાર જીતની રસીક રમતમાં, રોજ બનાવે તમાસા

(૧૧૧૩)—સુરસ્યામ—
સૈયાં હું છું ગુલાબી રંગ પ્રીતમ રંગ કેશરીયા
મારૂ જોબન ગુલાબી રંગ પ્રીતમ રંગ કેશરીયા—સૈયાં.
પાન ગંગેરી જસોદા બીડીયાં, ચાવે ગુલાબી ફુલ.
ચલાવે રંગ કેશરીયા—સૈયાં.
ચુન ચુન કલીયાં સેજ બીછાઇ, સોવે ગુલાબી ફુલ,
ઉડાવે રંગ કેશરીયા—સૈયાં.

(૧૧૧૪)—રતીસુંદરી—
વિશ્વની વાડી કેવી ઉગાડી બ્હાલ ધરી વનમાળીરે
સ્નેહે સીંચાણીરે, કર્મને પાણી, વેદે વખાણી ગુણે વખાણી
—સાખી—
સુખને દુઃખ બે ફુલડાં, ખીલીને કરમાય;
પુન્ય પાપ પરીમળ ધરી, સૃષ્ટીમાં બહેકાય.
કાયા કમાણીરે તરૂની ઝાડી સર્વ સમાણી પ્રેમ પ્રમાણી—વાડી વિશ્વની.

(૧૧૧૫)—શીકસ્તા દીલ—
સાવરીયાં જોબના ન બેચું ઉધાર
ઉધાર સાવરીયાં જોબના ન બેચું ઉધાર
રસ ભરી આખીઆં ઉમંગ ભરે જોબના
બાલી ઉમરીયા હમાર—સાવરીયાં
બારા બરસકી મંય કામનીઆ
કદર ન જાને ગંવાર—સાવરીયાં

(૧૧૧૬)—શીકસ્તા દીલ—

ગુલબુટેકી ગુલકારી દેખો શાહજાદી પ્યારી,
આઈ બહાર નીરાલી હય—ગુલ.
જોબન નીરાલા પ્યારી ગાલોપે લાલી ન્યારી,
ચાલ તોરી મતવારી હય—ગુલ.
ચંદાસે હો ઉજીયારી તારે હય સખીયા સારો
ખીલ રહી ફુલવારી કયારી પ્યારી
સુરત બહારયે હય જોબન ઉભારયે હય
હમ તુમ ડાલે ગલે બૈયાં, મીલે સૈયા પ્યારી—ગુલ.

(૧૧૧૭)—મુદ્રા પ્રતાપ—

રહો પારકાં પોતાનાં શી રીતે કહેવાય
સદા પારકાં તે સૌ અંતે પરાઠાંજ થાય
આપ અંતરના પ્રેમનું નકોથી મપાય
નખ આંગળથી વેગળા તે માટે કપાય
વંશ વેલીની વૃદ્ધી સ્વામી એથી શું થાય
એ છે ઠાલી બધા મન વાળવાના ઉપાય—રહો.

(૧૧૧૮)—રજની ચંદ્ર—

બાજી બગડી તો ગઇ, દુર જનના સંગ રંગે
પાજી હાજી હા કહી, સુખથી રહે રંગ ચંગે
ખટપટીયા ખુશામતીયા વળી મસલતીયા મોહાજ,
ચાડી કરીને રાજી રાખે, હલકા ઉપરી આજ
રાખી અંતરમાં છરી, ફસાવે સજનને ઉમંગે—બાજી
ઇંદ્ર ધનુષ્યનો રંગ જુઓ જ્યમ, સમય સમય બદલાય
ઉદય અસ્તનું કાલ ચક્રત્યમ, જાણે નહીં શઠ કાંય
માયા કોઇની ના થઇ, વહેતી જેસલિલ તરંગે—બાજી.

(૧૧૧૯)—કુલીન નાયકા—

જીયરવા રૈન બીતી અબ જાગ, રૈન બીતી અબ જાગ—જી.
સોવત સોવત બીત ગઈ આયુ, ફીર નહીં ચેત અભાગ—જી.
પાપ કરમ કો તજ દે પ્રાણી, પ્રભુ સુમરનમે લાગ—જી.

(૧૧૨૦)—મનહર મેના—

મોરી નાજુક કમર લચકાય, અજી છોડો પ્રીયા મોરી બાંય;
જીયા ગભરાય સૈયાં ન સોહાય..................હાં હાં.
રાત બાલમ હમસે લડે હો, નિઠુર નિર્લજ પીછું પડે હો;
જોબન લુંટી લીનો હાય કહા નાહી જાય, સદા નાહી જાય—મોરી.

(૧૧૨૧)—મનહર મેના—
ગૃહસ્થાઇની ગુમાની, શાણા કરો છો શાની,
બળવાન બળી રાજાની, રાવણનો કંસ સમાની;
અભિમાને થઇ હેરાની, માયા છે મોહ નિશાની,
આશા આ રંગ પતંગી, તૃષ્ના સ્વારથની સંગી;
મૃગજળ સમ જુવો જુવાની, આખર આ દુનિયાં ફાની.
મગજ નહી ખા, નષ્ટ કુલટા;
અહીંથી દુર થા, નજરથી તું જા,

(૧૧૨૨)—રજનીચંદ્ર—
જગમાં......શુભ કરવું નથી સહેલ સહેલ,
જગમાં......અશુભ નથી મુશકેલ ખેલ—જગમાં.
અનમેલા દુરીજન કરે, ધન લોભે નીચ કામ,
સાર અસાર વીચાર વીણ, કરે નામ બદલામ
પાપી પાપ પ્રગટ થાતા, હાથ, ઘસી દુખે રીબાતા,
અસ્વાઇ સદા પીડાતા, દેખે દુખનારે...લ,—જગમાં.

(૧૧૨૩)—ગાર્ડીલ મુસાફર—
શરબતે વસ્લ પીલા માઇ ડીયર કમ ટુમી,
પ્યાસેકી પ્યાસ બુઝા માઇડીયર કમ ટુમી;
હબસે લખ જાની મીલા માઇડીયર કમ ટુમી,
ફૂલે ગુલઆઇ અબર આયા હમે મઓ સમ અચ્છા;
એક ઓસા તો દીલા, હા સમોસા વોહ ખીલા.
ન સતા ફિક્ર ન સતા, દીલ જલેકો નજલા,
લે ઇસ આસકકી દોઆ, કર ભલા હોગા ભલા,

(૧૧૨૪)—રજની ચંદ્ર—
મેને મેરા બાલા જોબન દે દીયો યારકો (૨)
દે દીયો યારકો—મેરે દીલદારકો (૨) મેંને૦
ચીટ લંગરવારો—ગુમાની રસિયો
મારે તીરછી કટારી લાલ નયના શરાબી મજેદારવે:—મૈને
મે બનીતા બની રૂપ લત્તા, લલિત લોલ સિંગાર
ઓઢી રહી છબી યારકી, દિલકે સુખ અંગાર.
ચાલ ચલત જીય-હોત બીકલતીય (૨)
કરકે રંગ-પે અનંગ-દીલ ઉમંગ-સુખ અંગ બેદરકારવે:—મૈને

(૧૧૨૫)—લલિતપ્રિયા—
પરણાવે માબાપ છોકરાં જોડ જુવે નહી સુખકારી,
મારા કજોડાંમાંથી ખોટું અપજશનતું દુ:ખ બહુ ભારી;

અનુગમતો વર ભગાને એ મ્હાનુ રમાને જારી,
સમજોરે સ્યાણા સદ્દભાગી, દિન દિન વધતી ખુવારી;
નામે મ્હોટા કામે ખોટા લાલ બને થપ્પડ મારી,
બાળને પાળી નવ જાણે એ નર મુછાળી નારી;
કુળ જોઇ ફળવાળા બનવા, રડે રાંડિયા અવિચારી,
ફટફટરે ફોકટ કુલણજી બાળકને નાંખ્યાં મારી.

(૧૧૨૬)—રજની ચંદ્ર—

સુખી દીસે આ જગમાં અધર્મી ઘણા,
અધર્મી ઘણા, દુઃખી કરમી ઘણા—સુખી૦
પાપ પ્રગટે જવ વ્હાર કોઈ ના કરે (૨)
છતાં દીસે કુકર્મે રાજી તે બમણા—સુખી૦
ભલા સદાચારી અતી અન ધનથી કંગાલ,
બુરા દુરાચરી મતી બીરાજતા સુખ પાલ,
લુંટે જુલ્મે ધન ધામ વામ ધરમી તણા—સુખી૦

(૧૧૨૭)—લલિત પ્રિયા—

ગદ્ધા ગદ્ધા સચ્ચા ગદ્ધા રંડીપે મરજાવે.
આંધા હોકે પૈસા ઇજ્જત દોનું બાત ગુમાવે.
પૈસા હોવે પાસ બુલાવે નહિ તો લાત લગાવે,
ચાર બને બેજાર બદીકા બદલ બંદા ખાવે.
પૈસા જો હોવે ખનનન બન પ્યારી નાચે થનનન ?
બિન પૈસા જો સુસે બોલો થપ્પડ મારે ધનનન,
રંડીકા બેટા બને રંડીકે ઘર આવે.—ગદ્ધા.

(૧૧૨૮)—મનહર મેના—

ધાર્યું ધણીનું થાય, મનવા શાને તું અથડાય,
બાજી ક્ષણે ક્ષણે બદલાય, પામર જનો વૃથા પસ્તાય;
ક્ષણ દુઃખ ક્ષણ સુખ ચડતી પડતી ભારી મુરખશીદ મુંઝાય,
ભાગ્યમાં જે લખેલ હોએ,
તે મીથ્યા કરી શકે ન કોયે, એ કેરમાં સમજાય—મનવા.

(૧૧૨૯)—લલિત પ્રિયા—

કરમ તણું ફળ ચાખ, જીવડા કરમતણું ફળ ચાખ;
તારાને લાયક તું પામે, ખુબ સબુરી રાખ—ટેક.
કો નિંદે કો વંદે દૂભે સ્યાણો થઈને સાંખ;
સહમજ્યાને શંભુજી આપે, સુખ શાંતિ રૂપ પાંખ—જીવડા,
પાખંડે બેઠા જઈ પ્રેમે, અમન કરે સહુ ખાખ;
દુર બેઠે પણ અગની લાગે, તેના પર ધુળ નાંખ—જીવડા.

(૧૧૩૦)—ગુલ સુંદરી—રાગ, ગઝલ.

જબસે કીસ શૌખ સિતમગારસે યારા ના હુવા,
દોસ્ત દુશ્મન બને જો આપના થા બિગાના હુવા—જબસે.
ઊસકો પરવા ન હુઈ દિલકે જલનકી યા રબ,
જિસકે શમએ રૂખે રંગીકા મયેં પરવાના હુવા—જબસે.
હો ગયા મજનુંઓ ફરહાદકા કિસ્સા સબ તય,
જબકે મશહુર મેરા ઇશ્કકા અફસાના હુવા—જબસે.
રંજો અંદોહ ગમો હસરતો દિરમાંદગી નસીબ,
હાલ તાલિબકા તેરે ઇશ્કમેં કયા કયા ન હુવા—જબસે.

(૧૧૩૧)—કરણઘેલો—

હીરીયાં મેરા નામ નમે વંગોલન તડાફેકી
લાવો કતરતી કતરૂં નાગર પાન,
કથ્થે ચુનેકી દોસ્તી મેં હુઈ બદનામ;
અજી ખાનેવાલે આઓ, બીડા લેતે મેરા જાઓ,
લાલ મુહતો બનાઓ, મીયાં આઓ આઓ—આઓ,-હીરીયાં.
દિલ્લીકા કથ્થા પુનેકા પાન, અએસે બીડે ખીલાવું ભુલાવું ગુમાન,
અજી ખાનેવાલે આઓ બીડા લેતે મેરા જાઓ,
લાલ મુહકો બનાઓ મીયાં આઓ, આઓ—આઓ,-હીરીયાં.

(૧૧૩૨)—ચંદ્રમહુરી—

તેરે લીયે જોબનીઆં બનાએ રખુંગી સો તેરે લીયે.
સોનેકા ઘડવા હય ઓર ધડે પર ઝારી-યાર,
ગંગાજલ પનીયાં ભરવાએ રખુંગી સો તેરે લીયે—તેરે.
ફુલ મંગાયા મયને તુરા બનાયા યાર
ફુલનકા ગજરા બનાએ રખુંગી સો તેરે લીયે—તેરે.
હાર ભી પહેરા મેને પહેરા બંગરીયા યાર,
ઝુલ્ફેમે મોતીઆં બંધાએ રખુંગી સો તેરે લીયે—તેરે.

(૧૧૩૩)—વીર રમણી—રાગ—ભજન—

જો શ્વાસ વગાડે તાસુરે, જીંદગી જવાની
નથી કંચન પણ છે કાંસુરે, જીંદગી કમાણી;
અભિમાને ફોક ફુલાયા, માયા ગારે લપટાયા,
અજ્ઞાન તિમિરમાં ધવાયા, લાલચ જાળે સપડાયા;
તો વરસે દુઃખ ચોમાસુરે, જીંદગી જવાની,
જ્યારે કાયા કરમાશે, સ્મશાન મહીં ફુંકાશે;
કાં કબર વિષે પુરાશે કે ખેચર ચુંથી ખાશે.
સમજે તો સાર તું આંસુરે-જીંદગી જવાની.

(૧૧૩૪)—શ્રી ઓખાહરણ—

છે સંઘ તરણ સરલ માર્ગ ભક્તિભર મહિ.
ત્રિવિધ તાપ હરનારી, મોક્ષપ્રદ સહિ,—છે.
શ્રી ગોપીયોએ ભક્તિ પ્રેમ લક્ષણા ગ્રહી,
અર્જુન કૃષ્ન સાથ સખ્ય ભક્તિ ઉર લહી,
હનુમાન પાદ સેવ્ય ભક્તિ ચિત્ત વિશે ચહી,
ઊતર્યા ભક્ત ભવ સુછન્દ ભક્તિમાં વહી—છે.

(૧૧૩૫)—મુદ્રા પ્રતાપ—રાગ-પ્રભાત—

જાગી જીવ જો જરી જીવન તારૂં હરી,
રાત્રી અંધારી વહી વાયું વ્હાણું,
અન્ય સૌ પરહરી સમરને શ્રી હરી,
ફરી ફરી નહી મળે આવું ટાણું,
અધિક ગોવિંદથી પણ ગુરૂને ગણી,
ગુરૂ પદે પરમ આનંદ માણો,
સાર હીન સકલ સંસારમાં,
સારનો સાર શ્રીહરિ તણું નામ જાણો.

(૧૧૩૬)—વીર વિજય—મિત્ર-ધર્મ—

મિત્ર વિના સુખ સંપતી જગના, લાગે અકારા ખારા(૨) મિત્ર.
મિત્ર વિના જીવતર છે જનતું, વૃથા આ જગમાં પ્યારા—મિત્ર,
સુખને સમે મિત્રો થવા આવે ઘણા આ જગ વિષે (૨)
દુઃખને સમે જે ભાગ લે તે મિત્ર કો વિરલા હશે,
તરછોડી ચાલ્યો શું મુજને પ્રિય મિત્ર મારા—મિત્ર.
માતા તજી પિતા તજ્યા, મેં મિત્ર તુંજ એક કારણે (૨)
છે ફરજ તારી મિત્ર મારા, તાર ગ્રહી મુજ બાહ્યને,
રાત દિવસ ભટકું તુંજ માટે, થાય હવે શું ન્યારા—મિત્ર

(૧૧૩૭)—મુદ્રા પ્રતાપ—

ભલા ભલા વિશ્વમાં વિશ્વાસે કુટાય છે
વિશ્વાસે કુટાય છે ભરૂંસે ભુલ ખાય છે (૨) ભલા.
દેખતા પણ આંખ છતાં અંધ બની જાય છે
અમૃત જાણીને વિષ પાયું પી જાય છે.
અંતે એવા અધર્મીનું જહાનુમ જાય છે (૨) ભલા.
પાપનો ઘડો જ્યારે પુરો ભરાય છે
આખીંતો એકવાર ફુટ ફુટી જાય છે.
અંતે પકડાય ત્યારે પુરા પરવાય છે. (૨) ભલા.

(૧૧૩૮)—વીર કુણાલ—

હું મદમાતી ભુલામણીને નામે પંકાતી
કોઇ લ્હેરી જોઇ લજવાતી હું લચક છબી લેખાતી
ભર જોબનમાં ઝોલાં ખાતી દેવ દર્શને જાતી
નીરખી કેદની અંતર કળીઓ ખીલીને કરમાતી
રસ ઘી છલકે મુધ છાતી

(૧૧૩૯)—કબીર સાબ—રાગ-ભજન—

તેજ સાચું, તેજ સાચું, તેજ સાચું રે,
હે મારા રામજી કરે તેજ સાચું—રે.
જગમાં જન્મિ ભુંડા, રટન કરો રામજીનું;
એ વિનાં જીવ્યું બધું કાચું (૩)
સદગુરૂ શાસ્ત્ર સહુ, થાકયાં પોકાર પાડી;
તોય જીવ દ્રવ્ય માની રાચું (૩)

(૧૧૪૦)—શ્રવણકુમાર—રાગ-ભજન—

રે મનવા સમજ મન મનવા
મુકી દે જંજાળ મુસાફર શું મોહયો,
આ મારૂં આ તારૂં માને તારૂં છે નહિ કોઇ,
મુરખ મનવા મનને પૂછી કર અંત સમયની સોઇરે—મનવા.
પાપ પુન્ય પીછાણી મનવા ભર ડગલું સુખ લેવા,
સાર સમજ સંસાર સકળનો માતપિતાની સેવારે—મનવા.

(૧૧૪૧)—મનુમણી—

કરૂં હવે અમન ચમન, મેળવી એ નાર
મનહરણી માનુની બનાવું તાબેદાર, સુંદરીનો સુખકર કર ધરૂં
ધજા ઉડાવી ગગનમાં, વિજય વિજય કરૂં—કરૂં.
રામા સાથ રાજ્યપાટ પલ્લામાં મળ્યું
રામા રાજ્ય સુખ સાજ, ભાગ્ય તો ફળ્યું.
મગન મગન લગન લગન અમન ચમન ખરૂં
ધજા ઉડાવી ગગનમાં વિજય વિજય કરૂં

(૧૧૪૨)—મનુમણી—

મનહરણી આ મન હરી લીધું તેં આજ વ્હેલા આવજો હોરાજ
લટકે શોભાવતાં લોપી લલના એ લાજ—વ્હેલા
ભામા ભાને ભુલાવ્યું, ભુલો ભસું તુંજ કાજ—વ્હેલા
રસીયા રસીક તમે હો રંગ ભીના મ્હારાજ—વ્હેલા
ચતુરા ચીતડું ચોરી રમી રહિ ચિતમાંજ—વ્હેલા
જીવન ખમા ખમા છે, ઘણું જીવો શીરતાજ—વ્હેલા

(૧૧૪૩)—સોબતે અસર—રાગ-ગઝલ—
અરે જીવતાંજ મરવાની—મજા નાદાન શું જાણે;
ખરી મ્હોબ્બત તણી લ્હેજ્જત-કહો અંજાન શું જાણે.
બની અંધો જુએ છે ખેલ—ત્હેના મોજ તે સમઝે;
સુખી દુખને ખુશી આફ્ત—જગત એ ભાન શું જાણે
ગળે છે જોતમાં જે જોત-તે જાણે હરખ ત્હેનો
સુત્રાઓનાં સુખોની તો મુરખ એ ધ્યાન શું જાણે.
હુકુમત આફ્તની વાત શાહે રસને પુછો;
ગરીબીમાં મજા શું છે—અરે સુલ્તાન શું જાણે.

(૧૧૪૪)—અદલ ઈનસાફ—
મારૂ મન મોહ્યું સુધરેલ આ સંસારથી,
આવા સંસારથી, ફેશનની બહારથી—મારૂં મન.
એજ્યુકેટેડ હું તો, ઇન્ડીપેન્ડેન્ટ પુરી;
હવે થઇ છુ નીરાળી જુના જંગલી અવતારથી
અવતારથી વીચારથી—મારૂ મન.
મારી જોબન ફુલવાડી ખીલી છે રંગે ઢંગે,
માણું પ્લેઝર હું રૂડી સરવે સહીયોની સગે;
હવે થઇ છું નીરાળી જુના જંગલી અવતારથી
અવતારથી-વીચારથી—મારૂં મન

(૧૧૪૫)—અદલ ઇન્સાફ—
પુરણ કસોટીએ પરખી લ્યો પણના કાળું કનક પડનારૂં,
નૈન અરીસામાં નીરખી લ્યો, રસીયા જણાશે હેત તમારૂં.
તન મન વારૂં છો સરવસ મરૂં—પુરણ.
નીર સંયોગી માછલી જીવ તજે નીર સુકે,
તેમ તમો વીણ આ પ્રમદા પણ પ્રાણ તજે પલમાંય,
સારસડી સ્નેહી વીયોગે " વીંધાય—તનમન.

(૧૧૪૬)—અદલ ઇન્સાફ—
ભોળી હુ ભ્રમમાં ભુલી રે જુઠા જગમાં,
ફોગટ ફેશનમા ફુલીરે જુઠા જગમાં;
ઝાકળને મોતી જાણી, અબળા હંસ અટવાણી,
પહેલો પરખ્યું નહી પાણીરે-જુઠા જગમાં—ભોળી.
નરદંભ પ્રેમમાં ડોલે, હું તારો એમજ બોલે,
મુખ અમિ અંતર વિષ ઘોલે રે-જુઠા જગમાં—ભોળી.
દેખ્યા વીણ ડગલું ભરીએ, ભવરણમાં ભટકી મરીએ.
જોઇ થામ પ્રેમ તો કરીએરે-જુઠા જગમાં;

(૧૧૪૭)—બળીરાજા—

છોટીસી મોહનીયાં કો, જોબન ગુમાન હય,
ભાઇ બસંત મેરા, મદન મેહમાન હય—છોટી.
ફુલનકી સારી બની, સબી ફુલનકે સાજ,
જોબન ગુલાબી ફુલકી, મજા લુટ મહારાજ;
છોટી છતીયનકી છટા, છોટા બાલમ છેલ,
છોટી નાજુક નાજની, છોટકી ફુલનકી સેર—છોટી.
આશક માશુક મીલ રહે, ખીલ રહે રજની ચંદ;
ફાયો જોબન બાગમે, મદન ગુલાબી રંગ—છોટી.

(૧૧૪૮)—અદલઇન્સાફ—રાગ-ભજન—

નડે છે પોતાને અંતે નીજનું પાપ નીજનું પાપરે.
છુપાએ નહીં તે દઇયે ઢાંકતા હોજી.
ખોદે નર પાપી ખાડો, આવે તેને એ આડો,
અંધ થઇને પડે આપો આપ, આપો આપરે—છુપા.
ભલે પાપી ફુલાએ, પુરો પાછળ પસ્તાએ,
તપે છે જ્યારે તેના તનમાં તાપ, તનમાં તાપરે—છુપા.

(૧૧૪૯)—અદલઇન્સાફ—

મેરા બાલા જોબનવા ન રહે બસમેં,
કર કાયે ન સમાય, કંચુકી કસમે—મેરા બાલા.
દીન રેન કરત હે પાપી, પપૈયા પીયું પીયું ગાન,
નિષ્ઠુર બલમા છોડ ગએ ભયે, કીસ બીધ રાખુ પ્રાન—મેરા બાલા.
ઘટા ચઢી શ્રાવનકી કારી, ડર પાવત મન મોર.
મન ભાવન બીન હાય સતાવત, રતીપતી બલજોર—મેરા બાલા.
ધુમ, ધુમ, ધુમ ધુમ, છેલ છબીલી બાજે મૃદંગ તાક ધીનક;
તક, તાક ધીનક તક તાક ધીનક તકતા—મેરા બાલા.

(૧૧૫૦)—બળીરાજા—

ક્યાંયે સરખી સમાણી જોડી ના મળે,
શુનો લાગે સંસાર, એળે જાએ અવતાર—ક્યાંયે.
ખીલી જોબન ફુલવાડી, પહેરી પચરંગી સાડી;
કંચુકી કમાનવાળી મારી આંખડી અણિયાળી,
યોવન બહાર જાયરે—ક્યાંયે.
ચંપા કળી સુંદર સરસ, ભ્રમરો સુગંધી ના લહે,
કંટક છતાં ગુલાબ કળિપર, ભ્રમ કળીપર રાજી રહે
કસ્તુરી કાળા રંગની, ઉત્તમ સુગંધી ભરી,
હું છું રૂપાળી પદમણી તે મુર્ખને પાલે પડી-સુનો.

(૧૧૫૧)—બળીરાજા—
છોને કહેવા છકેલી, રંગીલા મને છોને કહેતા છકેલી.
હું તો જોબનમાં ઘેલી બનેલી—રંગીલા મને.
બાગ બગીચાની સ્હેલ બહુ સુંદર, જાણે શું ઘરમાં ગોંધેલી,
બદામી હલવાને ધારો જલેબી, તાજુતાજી ખાઉ પકેલી-રંગીલા
સાટીનની સાડીઓ, કસબી ભરેલી કોર,
સ્વપ્ને નહિ કોઇએ દીઠેલી;
પોલકાને ચોળીઓનો પાર નહિ મારે,
લટકેથી લુટી લાવેલી—રંગીલા મને.
નવસેરા હાર સાચા મોતીના સુંદર, અંગઠીઓ માણેક મઢેલી;
ઝુંમણાને ઝુમણા લાડવાઇ પહેરતી, વિદ્યા હું પાકી ભણેલી—રંગીલા મને
(૧૧૫૨)—બળીરાજા—
મારી સજની તું કયાં રમી આવી રજની, સાચું બોલ બોલ બોલ?
શાણી સૈયર તુ શીદને આળ ચડાવે, કેડો છોડ છોડ છોડ,
હમણા માળા ગુંથી હતીને હમચું કેમ કરમાણું!
પરસેવો વને કયાં વળ્યો, તારી ભમ્મર કયાં ભીંજાણી—સાચું.
કાળો ભમરો શિર પર બેઠો, ઉડાડતાં ગભરાણી,
લાપોટે લટ છુટી ગઇ, મારી ભમ્મર ત્યાં ભીંજાણી—કેડો.
કસ્તુરી વાસ અંગે મહેકે કુસુમ કળીના હારો,
નયન રહ્યા છે નાચી નવેલી, મળીયો કોણુ દગારો—સાચું.
ચંદ્ર સરોવર નહાવા ગઇતી વાટે મળ્યો એક માળી,
છાબ ભરીને ગજરા આપ્યા, હું તો તમથી હારી—કેડો.
(૧૧૫૩)—મનુ મણી—
ભલે આવ્યા ગુરૂ મહારાજ, દુ:ખડાંને હરીયાં
સૌ સફળ થયા ગમકાજ ચીતડાં આ ઠરીયાં
તમ ચરણ શરણથી નાથ પાપો સૌ જાયે
જાય જનમ મરણના ત્રાપથી પણ છુટાયે
ધન્ય ઘડી ધન્ય આજ આજ તણો દહાડો
પ્રભુ પધારીયા શીરતાજ આ ભવ ટક ક્હાડો—મને.
(૧૧૫૪)—બળીરાજા—
કાયર તે નરને સમજો જે કરમે હસ્ત મુકી ફરતા,
નસીબ માની બેસી રહેનારા, દાડા રડવડતા—કાયર.
ઊદ્ધી અંદર ઉતરવા તે, મોતી પામી નિકળતા,
તીરે રહી જોનાર તમાસો, નહિ કોડી મેળવતા—કાયર.
નાનું બાળક ભણતાં પંડિત, પણ ધસે છે દોડી;
ભાગ્ય કસોટી ઉદ્યમ કરીને, તજી નિરાશા ઝોળી—કાયર તે.

(૧૧૫૫)—બળીરાજા—

અમૃતથી પણ અતિ મીઠી લાગે માત પિતાની સેવા
જનની જનકનાં પદ પૂજન તે, મધુરા મધુરા મેવા—અ.
સ્નાન ધ્યાન સંધ્યા તર્પણ કરી, અગ્ની હોમ સુત્રધારે,
એમે ન પૂજે માત પિતા પદ, વૃથા વખત તે ગાળે—અ.
માતા દેવી પાર્વતી, પિતા શિવ મહાદેવા;
સપુત પુત્ર આ સંસારમાં, કરે પિતૃ પદ સેવા—અ.

(૧૧૫૬)—કાંટાનુ કટેસર—

જોઇ જગત જોઇ દુન્યાં જોયો કારોબારરે
આંખો બંધ રાખી જેને ખોયો સરવે સારરે—જોઇ.
યત્ન યુક્તિને અંગ બળે બસ ભરો ખજાનો યારરે
પાસા એવા ફેંકીએ ભાઇ કે પડે સદા પોબારરે—જોઇ.
સુખ દુઃખની હસ્તી કેવી એ ખાલી મનના ફેર
કોશીસોથી મોજ કરો ને કરે દુઃખોને જેર
આંખો બંધ રાખી જેને ખોયો સરવે સારરે—જોઇ.

(૧૧૫૭)—બળીરાજા—

વશ કીધો તેં વીરો મારો, જે ગુણીયલને બહુ સારો,
નથી વાંક જરા કાંઇ મારો, નણદલ તમ વીર હમારો;
  રંગભુવનમાં હતી એકલી, આવી અડપલું કરી ગયા,
  ચુંબન કરી ભરી અંક ભીલાવી, મોહન મનડું હરી ગયા—નથી.
વસંત જોબન ફુલવાડીમાં, ભુલો પડી ગયો ભમરો,
લાલચ આપી તેં લલચાવ્યો, બંધુ ડાહ્યો ડમરો—વશ.
શરમાળે મને સાન કરીને, કંચુકીની કસ છોડી,
હૃદય ધરાપર થન થન નાચ્યા, લાજ શરમ સૌ તોડી—નથી.
વદનચંદ્ર છબિ રતિ લજાવે, અગુઠી કામગુમારી,
બંધુ મારો સરલ હૃદયનો, કળા અજબ છે તારી—વશ.

(૧૧૫૮)—કાંટાનુ કટેસર—

અય રસકે હમર જીકા જલાના નહિ અચ્છા
ઉલફતકો બહડા કરકે ઘટાના નહિ અચ્છા—હય.
હમ ખા નસીનોકા સતાના નહિ અચ્છા,
દુન્યા નહિ અચ્છી એ જમાના નહિ અચ્છા.
હો જાયગા સૌદા મુજે ઉલફતમે તુનહારી,
હુસીઆરકો દીવાના બનાના નહિ અચ્છા—અય.
લીખવાના એમીસરા તું મેરે સંગે લહદ પર,
મોત અચ્છા પર દીલકો લગાના નહિ અચ્છા—અય.

(૧૧૫૯)—બાજીરાજા—

આનંદ મંગળ ગાઓ પરણ્યાની લેશું લ્હાવો,
મારી વેવાણુ રસીલી જોડી શોભશે;
નિરખી કન્યા કહેશો, મુખ જોઇ તાકી રહેશો—મારી.
વાહ ઠીક મળ્યું છે ટાણું, એક લુલું બીજું કાણું,
મળી વેવાઇને વેવાણું, ફેરા ફેરવોને ઝટ—આનંદ.
ફૂલકિયા વૈદ જોશો, હોળીને દહાડે રોશો;
કેવી જાન જોડી હું આવું, દુનિયામાં ડંકા વાગશે—આનંદ.
તડાકિયા કહું તમને, અતિ ઉમેદ મનમાં અમને;
વાજા વગડાવું જો જો, ફરશુરામનો ફડાકો—આનંદ.

(૧૧૬૦)—કાંટાનુ કરેસર—રાગ-કવ્વાલી—

હવે આ તાલ ખરી બેઠી જુવો ખાના ખરાબીમાં,
થયો આબાદ અરે હું તો હસદની પુર શરાબોમાં.

—કોરસ—

બચ્ચા દોલી લુચ્ચા દોલી, અંતે મારી બુજશે પ્યાસ,
સુખથી ગબડી દુઃખમાં સબડી અચ્ચુચ બનસે સત્યાનાશ.
જરામાં આગ હવેસે લગી, કપટ ભડકું ભષ્મ કરશે,
સુખો આરામ સૌ સાથે અરે બચ્ચા બલી મરશે.

—કોરસ—

બચ્ચા દોલી લુચ્ચા દોલી અંતે મારી બુજશે પ્યાસ,
સુખથી ગબડી દુઃખમાં સબડી અચ્ચુચ બનશે સત્યાનાશ.

(૧૧૬૧)—કાંટાનું કરેસર—

કરૂ તારીફ શું તારી, અરે ઓ દાદગર દાવર,
નથી એવો જગ્યાં મારી અરે ઓ દાદગર દાવર,
તું બાતેન છે તું જાહેર છે તું અવવલ છે તું આખર છે,
ચલક ચોમેર છે તારી અરે ઓ દાદગર દાવર.
નમું તો બસ નમું તુંને ભજું તો હું ભજું તુંને,
સઝાવારે પરશ તારી અરે ઓ દાદગર દાવર.
મને તું બક્ષ ગુણ એવા કરું હું તુજની સેવા,
મને એ આપજે યારી અરે ઓ દાદગર દાવર.
વધે મુજ કામમાં પરવર સુલેહ સંપને ઇલ્મોજર,
નીરંતર એ દુવા મારી અરે ઓ દાદગર દાવર.

(૧૧૬૨)—સોબતે અસર—

મ્હારી વ્હાલી વાડી તાડી તારી લુટઈ ગઇ સેવાડી,
રે કયમ હારૂં તેનું થાશે જેણે ખાધી તારી ચાડી.

અગળ હું માતેલ હતો ને ભીન્નલી કેવી જાડી,
આજે દુબળા જાણે માછ કાહાડયું કાપી વ્હાડી;
એ પૈહે હું બાંકુ લેતો તાડી કેવી ધાડી,
પેટ ભરી ધરાઇ જાતાં છોડાં છેયાં લાડી
તેનું આજે અરધું પોજ્યું ચકચકતું લે કહાડી;
તે પણ પાણી ભેળેલી જાણે હોમાજ્યે ખાંડી.
મ્હેનતને પૈહો ગરીબને લૂટે ઝુડી ઝાડી;
કોણ હુણે આ રૂદન અમારૂં મરિયે બુમો પાડી.

(૧૧૬૩)—સોબતે અસર—

સુણઓ મ્હેરજાની–આપું જબાની–કોલ હું તને;
બસ હુ છું દિવાનો–તુજ પર ગુમાની—આપું.
ચાહે તેવું દુખ પડે–રહું સહી તુંજ સાથ,
દુનિયા રૂઠે પણ કદી–છોડું નહિ તુંજ હાથ
નિત સુખ સાચ માની–તક જીંદગાની—આપું.
હું પણ તારી મ્હોબતે–સમજું સુખ દિલજાન
જેમ ચકોરી ચંદ્ર પર–મરે બની કુરબાન.
નહિ એ દિલજાની–થાઉં બિમાની.—આપું
બાલા નહિ સમજે ભલું–એ કિસમતની વાત
પણ સત અંતે ફાવશે–નાશ થશે બદજાત.
નહિ મુજથી થવાની–તો બે છમાની—આપું.

(૧૧૬૪)—સ્વદેસ-સેવા—

પ્રેમ શીરોમણી રંગ રસ ભીના મુગટ મણી મારા,
નિમળ અચળ મમ સ્નેહ અર્પી કરૂં નયનો ના તારા,
મધુર તારા શબ્દ રસાળા કામણ કરનારા,
દુર હટોજી તન પર ધસતા પ્રપંચ રમનારા (વાહ વાહ,)
ચપળ વદનના સરળ વચનમાં છળથી છળનારા (છોજી)
પ્રાણ જીવન ધન અર્પણ તુજ પર તું મુજ રસ ધારા,
મોહ ભરેલા છો મદઘેલા તનમન હરનારા—વાહ.

(૧૧૬૫)—વીર અભિમન્યુ—

દેખો પ્રેમકા પંથ નિરાલા.
નયનાં થકત પ્રેમ રસ પીવત ભરત ન પ્યાસ પિયાલા,
દુધ ઊઠત હય મહા વેગસે, જબ લાગત હય જવાલા,
બેઠ જાત હય વાહીછિન જબ જલકા છીંટા ડાલા.
કઠીન કાષ્ટ કે ભેદનમેં જો રહતા હય મતવાલા.
કમલ નાલ કબહુંના વીંધત. વોહી ભોરાં કાલા,

(૧૧૬૬)—કુશુમ ચંદ્ર—

કંટક મય આરે જગમાં જોઇ વિચારી ભ્રાતા
કમ ભરીયે દીલમાં ડરીયે............................
"પાપી જનનાં સેવક થઇને પાપ કર્મ આચરવું."
"ભલું તે થકી ભ્રાતા ભરમાં, પેટ ફોડીને મરવું."—જોઇ.
ડગલે ડગલે દુઃખ પાપ છે માયા મય સંસારે,
તેમાં જે ચેતી ચાલે તે તરે બીજાને તારે—જોઇ.

(૧૧૬૭)—વિર અભિમન્યુ—

હમ ભગવનકે ભગત હમારે અર્જુન સુનો પ્રતિજ્ઞા હમારી,
વહ બ્રત ટરે ન ટારે...હમ ભગવનકે,
જબ (૨) ભીર પડે ભગતનપર, તબ (૨) કરત સહાયો,
ભગતકે કાજ ગરૂડ વાહન તજ, નંગે પાયન ધાયો.
જબ (૨) ભીડ પડે ભગતન પર, તબ (૨) ઉનકો ચેરો,
દેખ બિચાર ભકતી હી કે કારન, રથ હાંકત હું તેરો—હમ.

(૧૧૬૮)—કુસમ ચંદ્ર—

હો શ્યામ! અમને નેહ લગાડી, શું! તલસાવે આમ.
તુજ વીણુ સુની વાટલડી, આ મધુવનનો વિશ્રામ—
ગુંથી વ્હાલથી વનમાળામાં, આંસુડાં ના મોતી
બની બ્હાવરી કુંજ નીકુંજે, જમના તટપર જોતી
ગોતી ઠામ, ક્યાં જઇ ઠરીયે............................
રાખે મનનાં મંદીરીયામાં, મૂરતિ કાળજું કોરી,
તોય નથી ગમતી શું નગણાં ગામડીયાની ગોરી
કોરી જાય, શું! દુઃખ દરીયે............................

(૧૧૬૯)—ઠંડી આગ—રાગ, ગઝલ—

હવા બગડી ઝમાનાની અજબ કંઇ તોરપર ગુલશન છે,
મુલાકો શું અગર કોઇ વફાનું જાની દુશ્મન છે,
નથી હમ દર્દ કોઇનો કોઇ આ જેહાને ફાનીમાં,
જ્યાં જોયું ત્યાં ઈનસાનનું ઇનશાન દુશ્મન છે!
હમારી આબરૂ "હમદમ" સોના મોહર છે કંચન,
કસોટી પર ખુદાઇની કસો તેથી તે કંચન છે.

(૧૧૭૦)—વીર અભિમન્યુ—

ભારત વીરોંકી યાદમેં યહ આના ભી રોના હય
પાનીભી નહિં હય પાત્રમે આઁસુઓ સે મુંહ ધોના હય
હુવે ધર્મવાન ધનવાન ઐસી ભારતમેં ઓરબડે (૨) વિધાન

ઇસી ભારતમેં થા બલવાનોંકી ખાન ઇસી ભારતમેં
ગા સુબસે ઉચ્ચા ગ્નાન ઇસ ભારતમેં અબ ઉન્હીંકે હમ સન્તાન,
હુવે અગ્નાન, મીટા સબ માન, ગઇ સબ સાન, હાયા આલસ્ય
ઓર ઉન્માદમેં સબ ખોયા ઓર ખોના હય—
યહ માના ભી રોના હંય.

(૧૧૭૧)—સ્વદેશ સેવા—

પ્રભુ આપ સમા નર રહુ કરજો. અમ દીનની દાઝ દીલે ધરજો,
બની તારક અન્ય પછી તરજો. સહુ ભારત આ અંતર ભરજો.
સ્નેહ દયા સંભાળ દુઃખીની• ક્રોડ ઘણું પુન્ય કાય અણું !
જીવનનું સાફલ્ય આ જગમાં સેવન છે નિજ દેશ તણું.

(૧૧૭૨)—વિર અભિમન્યુ—

બિના પતિ સુનો સબ સંસાર,
પતિ હિ વ્રત હય પતિ હીય તપ હય પતિ હય કરતાર.
પતિ હિસે પત હય ઇસતનકી પતિ પત રાખન હાર.
જબલોં પતિ હય તબલોં પતહય બીનપતિ બિપત હજાર.
જાકો નેહ ચરણમેં પતિકે વહી પતિવ્રતા નાર
એક પતિવ્રત રહે જગતમેં તો સબ બરત અસાર
બિના પતિવ્રતકે નારીકા જીવન હય ધિક્કાર. બિના

(૧૧૭૩)—સ્વદેશ-સેવા—રાગ, કવ્વાલી,

સર્જેલાં શ્રી પ્રભુજીએ મનુષ્યો સર્વ સરખાં છે.
નથી કોઇ ઉંચકે નીચા જીવન તો સહુના સરખાં છે,
પ્રભુજીની જગત વાડી તણાં ફુલડા સહુ જીવો
સુગંધીથી ભરેલા સહુ સમજીએ તોએ સરખાં છે,
વિષમ આ વિશ્વનો-વાયુકરે જીન ક્રોધીને ઘેલા
ન મનહર દોષ માનવનો સકળ આત્માઓ સરખાં છે,

(૧૧૭૪)—વીર અભિમન્યુ—

મોહે પીકી ડગરીયા દિખાદો સખી બાટ તકત મેં તો હાર ગઇ.
બડે ભોર ગયે પરસોં રણમેં, દો રોજ ભય મોહે દર્શનમેં
નહીં નૈનમેં નીંદ નકલ મનમેં, ભઇ એક બિદાયે બિરહન મેં.
પર મોરે લગાકે ઊડાદો સખી—મોહે,
બિન નીરકે મીન જીયેગી નહી, બિન પીયકે તીય રહેગી નહી.
જબલોં સુખ ચંદ્ર લખેલી નહીં, તબલોં દેહ ચકોરી છકેગી નહીં.
મોરે ચાંદ કોઇ ઉગાદો સખી—મોહે.

(૧૧૭૫)—સ્વદેશ સેવા—

અમે સહુ એક ઝાડ નીડાળ,
નથી જુદાઇ અને સહુ ભાઇ એક માતાના બાળ,
હિંદુસ્તાન છે દેશ હમારો ભારતી માત અમારી
નત્ર કરીયે તેને માટે આજ્ઞા અમારી પ્યારી,
હિંદુ મુસલમાન પારસી યહુદી ખ્રિસ્તી જાત અનેક
જાત જુદા છો રહી હમારી, પણ અંતર છે એક

(૧૧૭૬)—વિર અભિમન્યુ—

મેરા દરદ ન જાને કોય મૈં તો પિયા કી દીવાની—મેરા
ઘાયલ કી ગતી ઘાયલ જાને દુજે ન જાને કોય,
સુલી ઉપર સેજ પિયા કી, કિસ બિધ મિલના હોય,

(૧૧૭૭)—દેવી દમયંતી—

શા રંગ વિચિત્ર બતાવે રે વૈરી વિધાતા,
જાત્ર અટવીમાં અથડાવેરે વૈરી વિધાતા;
સહુ સુખની પાછળ લાગે, નહિ દુઃખ કોઇપણ માગે,
તો પણ દુઃખ ઠોકર વાગેરે. વૈરી વિધાતા.
મતિ મંદ પ્રથમ થઇ મારી નળ થયો કનિષ્ટ જુગારી,
પસ્તાય રાજ્યને હારી, રે વૈરી વિધાતા.
ત્યાગી દમયંતી જાયા, વિરૂપ થઇ આ કાયા,
સારથી થયો શી માયા રે વૈરી વિધાતા,
સુરનાથ શાપ સંયોગી દેખાય ચંદ્ર ક્ષય રોગી;
નરદેવ સર્વ દુઃખ ભોગી રે વૈરી વિધાતા,

(૧૧૭૮)—કબીર ભજનમાળા—રાગ ગઝલ.

તુઝે હૈ શૌક મિલનેકા, તો હરદમ લૌ લગાતા જા,
જલાકર ખુદનુમાઇકો, ભસમ તનપર રમા તાજા,—
પકડકર ઇશ્કકી ઝાડુ, સફાકર હજ એ દિલકો,
દુઇકી ધુલકો લેકર, મુસલ્લેપર ઉડાતા જા—
તોડકર ફેંકદે તસબી, કિતાબેં ડાલ પાનીમે,
મુતાસ્સે જો કિયા કુછ હૈ, વો દિલસે સબ ભુલાતા જા—
ન મર ભૂખા ન રખ રોજા, નાજા મસજીદમેં કર સિજદા,
બજૂકા તોડકર કૂજા, શરાબે શૌક પીતાજા—
ન હો મુલ્લાં ન બન બ્રાહ્મણ, દુઇકી તર્ક કર ઝગડા,
હુકમનામા કલન્દરકા 'અનલહક્ક' તૂ સુનાતા જા—

(૧૧૭૯)—દેવી દમયંતી—

સર્વ સંસાર મદન આધીન
શ્રુતિ જ્ઞાન વિસ્તારક બ્રહ્મા થઇ ધર્મથી હીન;
થયા પિતાનો ધર્મ ભુલીને નિજ દુહિતામાં લીન—સર્વ
મહાદેવ સ્મર સંહારક પણ થયા મદનથી હીન;
ભિલ્લ ભામિનીમાં ભરમાયા ભાળી રૂપ નવીન—સર્વ
એક સાધુએ કામ ભક્ત થઇ ત્યાગ્યાં નિજ કોપીન;
ઇન્દ્ર ચન્દ્ર ભુલ્યા તો બીજા કયમ ન ચળે મનમીન—સર્વ

(૧૧૮૦)—દેવી દમયંતી—રાગ ગઝલ-કવ્વાલી;
એ રસીલા રીતે કંઇ અજબ જાદુ કરેલો છે,
મદનનો ગર્વ હરવાને એ છબીલો અવતરેલો છે,
હરે છે ચિત્ત દર્શનથી હરે છે સ્પર્શથી લજ્જા,
સુધાનો સ્વાદ ચુંબનમાં મધુર મીઠો ભરેલો છે—
ન છુટે ધ્યાન પ્રતિમાનું સ્મરણમાં ઇતર ના આવે;
હૃદયમાં ઘર કરી એવો વિલાસી એ વસેલો છે—
પધારો રાજ, થાકી આંખડી આ વાટડી જોતી;
વીરહની વેદના ટાળો મદન મદથી છકેલો છે,—

(૧૧૮૧)—કબીર ભજનમાળા—રાગ ગઝલ—
ચોરી પ્રભુસે કરકે છિપાવોગે કીસતરે,
અપની સચાઇ ઉસકો દિખાવગે કીસતરે,—ટેક
હર એક જગમેં હરદમ રહતા હૈ વો હાજર,
ઉસસે યે અંધા ધુન્ધ ચલાવોગે કીસતરે,
દુનિયાંકી દોતો આંખમેં તો ધૂલ ડાલતે,
આંખે હજાર ઉસકી બચાવોગે કીસતરે,
જો કુછ કિયા હૈ તુમને પાપ જાન બૂઝકે,
અપરાધ ઉસકા માફ કરાવોગે કીસતરે,
જ્ઞાની જો હૈ ત્રિકાલકા ઘટઘટ કી જાનતા,
બાતે અસત્ય ઉસસે બનાવોગે કીસતરે,
જબતક નહીં કરોગે તુમ કહના કબીરકા,
તબતક દુઃખોસે પીંડ છુડાવેગે કીસતરે,

(૧૧૮૨)—વિર કુણાલ—
જોગીશ્વર મારા, મોઘશૃંગાર માનો માનો, લ્યો પ્રેમ મંત્ર આ છાનો,
હાં છાનો હાં છાનો એ પ્રીતિરસ પીવાનો,
ભજવાની જોગી હું તમને, જોગણ થઇ અંગમેશો,

અલબેલી છું ઘેલી ઘો રાગરંગમાં રેલી,
આલીંગન ચુંબન અધરામૃત અમૃત સિદ્ધી સાધો,
હાં સાધો હા આનદિન જોગ આરાધો,

(૧૧૮૩)—સુર્યકુમારી—
અકલની એકવાત શીખાવું જગમાં મોટી હાજી હા.
શેઠ પાશે વાણોતરની એક સાચી સોટી હાજી હા.
શેઠ કહે સાગરનું પાણી મીઠું છે તો હાજી હા,
ખારી સાકર ગળ્યું મીઠું છે તો પણ કહેવું હાજીહા,
મન પરખી માલીકનું સૌએ થઇ રહેવું ભાઇ હાજીહા.

(૧૧૮૪)—લવ-કુશ—
થઇને શાન્ત સુણો બે બોલ, જગત જોશે તે કરશે તોલ;
જગત ઉપરથી તો ઢમઢોલ, માંહી છે મોટું પોલેપોલ—થઇને•
પતિ ઇચ્છા તે આપણી ઇચ્છા, પતિ બોલ્યા તે ઇશ;
પતિ તે સેવા પતિ તે દર્શન, પતિ જગને જુગદીશ—થઇને•
બીજ ચંદ્રને સૌ કોઇ નમતા, પુનમ ખાલી જાય;
થાય જગત ત્યમ આપણ થઇએ, તો જગમાં રહેવાય—થઇને•
દયા ધર્મનું મુળ ખરેખર, પાપ મુળ અભિમાન;
શાણી દયા કદી નવ પરહરીયે, જ્યાં લગી ઘટમાં પ્રાણ—થઇને•

(૧૧૮૫)—પુંડળીક—
જ્યારે પડે આફત શીરે ચાહનાર પણ આઘા ખસે,
જેને પડે તે ભોગવે બીજા ઉભા સ્હામા હસે—
ચઢતી મહીં તો હાંજી હાં કરનાર જગમાં લાખ છે,
પડતી મહીં દે સાથ જગમાં કોક એ "વિરલા" વસે—
જો બન્યા પોતેજ મુરખા તો બીજાનો વાંક શો ?
તે બળે નહીં કેમ થઇ જે અંધ અગ્નિમાં ધસે,
આજ ખુલ્લી આંખથી જોયું સગા સૌ સ્વાર્થનાં,
જાણ્યા છતાં મારા સમાં ભોળા દિવાના થઇ ફસે—

(૧૧૮૬)—મીસ જાનકીબાઇ, રાગ, ખમાચ જીલ્લા, તાલ ગજલ—
હમને તો જાનતક ન પ્યારીકી, આપને કદર કયા હમારી કી.
દિલ મેરા હૈ કે બન ગયે દુશ્મન, વાહ કયા ખુબ દોસ્તદારી કી.
જાનપર ખુન ગયા દિલે મુજતર, કોઇ હદામી હે બેકરારીકી,
ગેર હમસે ઉલઝતા કયાથી મજાલ, હમને ખાતિર ફકત તુમ્હારી કી.
જાનકી કિસતરહ પિયે બહુ શરાબ, ન કભી ઇસને બાદહ ખ્વારી કી.

(૧૧૮૭)—મીસ અચ્છાબાઇ, રાગ, બરવા, તાલ ત્રિતાલ,
કૌન બનવારે ફુલવા ગુલબવા હો રામ-કૌન,
બેલા ફુલા ચમેલી ફુલી હારે ફુલલા ગુલબવા હોરામા,
મય હેં સાકી યે મય હેં ગુલઝાર સાકાયે ઘટા છાઇ હય;
કહે દો બાગોકો ચમનમે કે બહાર આઇ હય, કૌન,

(૧૧૮૮)—મી. મહમદહુશેન; રાગ ખમાચ તાલ—લાવણી—
મોહે છેલા ગગરીયા ભરલેને દેરે સંવર લેને દે,
નિમ ધર્મકી મોરી ગગરીયા, સીસપે ભરકે ધર લેનેદે-
બાંકી ગુવાલન બાંકો છૈલા, રશ ભરી બતિયાંકર લેનેદે.

(૧૧૮૯)—ચંડાળ ચોકડી—

સયરકા ઇસ બાગે આલમમેં મગ્ન કુછ ભી નહી,
ખુશનુમા હય ગુલ મગર ખુશ્બે વફા કુછ ભી નહી,
{ ગુલાબબી છે, ખુશોબોબી છે, વફાબી છે, ખબર છે કહા,
{ જોનારબી છે, સમજબી છે, અરે પણ બોલ કદર છે કહા!
ભોલી સુરત દેખકર દિલ દિયા મયને તુજે,
યે મેરી તકસીર હય તેરી ખતા કુછભી નહીં,
{ જો જોઇ સુરત દીધી મોહબત આ યું ફળ એ સજર છે કહાં
{ વફાના ફુલ ઉગે છે ભરપુર જોનાર મધુર પણ નજર છે કહાં
મોહની હય મક્ર હય જાદુ હય શોખી હય મગર,
શર્મ આંખોમેં તેરી ઓર બેહયા કુછભી નહીં,

(૧૧૯૦)—ચંદ્ર ચકોર—

પંડિતજી ચલ્યા કાશીથી ઠગનું આવ્યું ગામ,
"ખર તો કહે ફર" અર્થ ન જાણ્યો ખોયો માલ તમામ,
આજ કાલનો જુવો જમાનો મોઢું રાખે મૌન;
કહે સુધારો "ફર" નહિં સહમજે બધા તાન મસ્તાન,
પહેરે ટકી કપડાં ચશ્મા તેજ ભણેલો છે !
નહીં આચારે સમજે તે ધર્મી બનેલો છે !
ભપકામાં નહી સાર જરાપણ ભણ્યો ખરો જે ગણુતો જાય;
તેજ રહેજમાં પાર ઉતારે ભણે ગણે જય જય જય થાય;

(૧૧૯૧)—પાપી પરીન— રાગ કાલિંગડો—છપકા.

ન બોલો મારૂં મારૂં—ન તારૂં ન મારૂં—ન બોલો મારૂં મારૂં,
વાગે જમનું નગારૂં—તો તારૂં ન મારૂં—જે હોય પ્યારૂં પ્યારૂં.—૧.
મેહેલ વજીરા મારૂં મારૂં—ખાવું પીવું સારૂં સારૂં,
સુરખ આખર અંધારૂં—વાગે જમનું નગારૂં—તો તારૂં ન મારૂં—ન

કહો આ સંસારમાં—કોન નરો કાયમ રહ્યા,
ન શીકન્દર રહ્યા—ન દારા ન જમશીદ રહ્યા.
દુન્યાથી જાવુંછે આખર એક દી-સમજ એ નાદાન આખર એક દી-મારે.
જવા માર્ગ સ્વર્ગે શારૂં—ભજો હર હર નામ પ્યારૂં,
આનો સર્વ અકારૂં—વાગે જમનું નગારૂં—તો વરૂં ન મારૂં.—ન.
ખોટી માયા કાચી કાયા—તજ દાનશા અભીમાન,
સુખ સંપજ સમ્જો સપના—હર નીત ભજ ભગવાન.
દુન્યાથી જાવું છે આખર એક દી-સમજ નાદાન આખર એક દી-મારૂં.

(૧૧૯૨)—કૃષ્ણ ચરિત્ર—

તુંહીં સ્યામ તુંહીં સ્યામ તુંહીરે, હું તો નિરખું તુજને ઠામ ઠામ;
બસ તુંહીંરે સ્યામ તુંહી સ્યામ તુંહીં—
મનમાં જોયું, બાહેર જોયું, જોયું સકળ સંસાર;
આ બ્રહ્માંડની માલા જોઇ, વળી પણ નહીં આવ્યો પાર,
સઘળી જ્યોતિ તારીરે......................હું તો,
આતનનો રંગ મહેલ બનાવ્યો; મંદિરમાં દરબાર;
અનહદ વાજાં વાગી રહ્યાં કાંઇ, જીવ રમે એકતાર—
..............ચમકે જ્યોતિતારીરે...........હું તો.

(૧૧૯૩)—કૃષ્ણચરિત્ર—

કાના જાઉં બલીહારી સ્યામ, પિયા ગિરિધારીરે—કાના.
આશા અમારી પુરો મોરારીરે, નટવર નંદબીહારીરે,—કાના.

(૧૧૯૪)—વિક્રમચરિત્ર—

તિરછી નજરીયાં લગાએ જાઓ જાની,
સો દર્દે દીલકો જલાએ જાએ જાની-તિર—
હમતો આશક હુએ તેરે નાજો નખરે પ્યારે,
કરોજી કરોજી કરમ રહમ, ફરમાએ જાની-તિર—

(૧૧૯૫)—શુરવીર યોગીની.

આર્ય ભુમીના અમર પુરૂષના ગગને ગાજે નામ,
રામ કૃષ્ણ નરદેહ ધરીએ રઘુવીર યદુવીર સ્યામ.
સતી સ્ત્રીઆની રક્ષા કરવા, નિશદીન કામોકામ
અભય કરે એના સુરવીર સજો, અલખ ગજાવી જામ
ધરણી પાળક શ્રષ્ટી બાળક ઘટઘટના આરામ
ભય ભાગતાં સનમુખ આવો ગૌબ્રાહ્મણ વિશ્રામ,
અનહદ શક્તિ ભક્તિ દેશો, ધિરવીર ધામ—આર્યભુમી.

(૧૧૯૬)—આનંદ લહરી.

કરજો કરુણા જગદીશ સદા, ભારત કેરી કાપી આપદા,
રસકસ ધન વરસાવ મુદા.........કરજો.
જગતજનોપર સુખદ અમીકર,
....................અંતરમાં ભરભક્તિ સુધા—કરજો.

(૧૧૯૭)—વસંત પ્રભા—

મોહબત અજબ કી પાની; દીલબાગ બાગ બહેલાવે,
દુનિયા બને મસ્તાની, અજબ દિવાની કોઇ પ્રેમ જામ પીવરાવે-મો૦
પ્રેમ દિવાનાં માનવી, તેમાં શી નવાઇ!
ઇશ્વર પણ વરસ્યો ફરે, કોઇ મોહબત શરાબ પાય ?
મોહબત સરીખી ચીજ કોઇ બતલાવે—દીલ૦

(૧૧૯૮)—મેત્ર-માલિની—

ચરણો ચૂમું પ્રિય માત હિંદ દેવી,
હે સ્હાય શિરછાપ જગતની, ભારતી પ્રાણ કરૂણાનિધાન—ચરણો.
શીતલ સુચંદન, અવની અંજન, તમથી નાહિ અધિક પ્રિય કોઇ,
........દિલ કલિએ કલિએ તમ છે નામ—ચરણો.

(૧૧૯૯) "જે કરશે-તે ભરશે." રાગ —ગઝલ—

તુને છે લાખ ચાહનારા, નથી હું એક તેમાં શું;
બલાથી-જો ગયો હુતો! ગયું એમાં કે તારે શું.
ખુમારી નાં અમારી એ, અજબ ચુપકીદી છે-તારી;
ભર્યો છે ભેદ બધો એમાં, ગુન્હેગારી, બધી મારી.
ભરી હીકમત બધી તનમાં, હશે કીમ્મત કરી મનમાં;
કદર ના સત્યની તુજને, ગયો તો શું! રહ્યો તો શું!
ભલે મીડાં હજારો લઇ, હા! જવા તું આંકડો દેજે;
નથી કંઇ આંકડામાં દમ, રહ્યો તો શું ગયો તો શું!
બાંધ્યા બહુ તાર સારંગીને, તુટયો એક તાર બઝાવવામાં;
બતાવે શુર-બે-શુરો! તુટયો તો શું! રહ્યો તો શું!
બધા રસ્તા રહ્યા ઝાંખી, નશીબ યારી કહો દેશે;
બલીહારી નશીબાની! "જે કરશેજ તે-ભરશે."

(૧૨૦૦) જુઠાં શીર જુતિયાં લાખો! ગઝલ. કવ્વાલી.—

ભલે નિર્દોષ, ગરદન પર, ઝુકે-ખંઝર તણી-ધારો;
અરાંનો રામ બેલી તો, જુઠા શીર-જુતિયાં લાખો.
કદી પાવાણતું પાણી, ચડાવા મોભપર આપો;

થશે બરબાદ તે મેહેનત, જુઠા શીર-જુતીયાં લાખો.
બની-નાવાત-બનાવીને, ભલી ભાતે-બધે ! ભાંખો;
છતાં ના સત્ય છુપાશે, જુઠા શીર-જુતીયાં લાખો.
જગત આખું તમારૂં છે ! હમારો રામ છે-પ્યારો;
રહેસો જખ મારી આપ. જુઠા શીર-જુતીયાં લાખો.
તમે કહેતા કરી કીસ્સો, ભરી પેટી મહીં આખો;
ખોલી પેટી ! ખાલી જોયું, જુઠા શીર-જુતીયાં લાખો.
અંધે આયનો જોયો, બ્હેરે-કે'-સાંભળ્યો રણુકો;
નઇ એ વાત સાચી કો ? જુઠા શીર-જુતીયાં લાખો.
મુઠી દેહ કાગનો ! બગલાં, થવા પીછાં ભલે ખોશો;
ન આવે નુર ખુદાઇ જ્યાં, જુઠા શીર-જુતીયાં લાખો !

(૧૨૦૧)—ભજન— રાગ સ્તુતી.
અચ્યુતમ્ કેશવમ્, રામ નારાયણમ્;
કૃષ્ણ દામોદરમ્, વાસુદેવમ્ હરિ,
શ્રીધરં માધવમ્, ગોપીકા વલ્લભમ્;
શ્રી જાનકી નાયકમ્, રામચંદ્ર ભજે,- ૧
રામ રામ રામ રામ, રામ નામ તારકમ્;
રામ કૃષ્ણ વાસુદેવ, ભક્તિ મૂક્તિ દાયકમ્;
શંખ રાય ગીરીજમાન, પુણ્યદાન કિર્તનમ્;
શ્રી જાનકી મનોહરં, સર્વ લોક નાયકમ્;

ૐ શાન્તિ, શાન્તિ.

સમાપ્ત

ગઝલ.

શાન્તિ ધરી સેવો હરી, ટળી સૌ આપદા જશે,
રહેશો નીત ધરીને ચીત, અરે ! દાહડો ફરી જાશે,
તમારાં દુઃખને દરદો, જશે આધા સૌ નાશી,
ન રહેશે પાશ તે કાંઇ, અરે સૌ ! સુખ તો થાશે,
લાખ્ખો લાભને લેવા, અરે ! જો ! અંતરે ઇચ્છો,
લહો નીત ધ્યાનમાં ભક્તિ, અરે દહાડો ફરી જાશે,
માફી સૌ ગુન્હાઓની, અંતરે માંગજો ઇશથી,
નેકી, કરી, બનો નેકજ, અરે ! બદી ટળી જાશે,
કરો સૌ ધર્મને કર્મો અરે ! અરે અરપણ પ્રભુને તો
લાયક લાભો બધા લેશો, અરે દહાડો ફરી જાશે,
લએજો નીત નવાં ભાવો ! અરે આનંદના લાહવો,
કીશન, પ્યારો કરી લેજો, અરે દાહડો ફરી જાશે.
નામ એ નાથનું નિત્યે, રટણ જીભથી કરી લેજો,
રીઝાશે ! નાથ **ચુનીનો**, બધાં દુઃખડાં ટળી જાશે.
વારૂં, તર્યાં, હજારો છે ! પુરાણો-વેદ-માં મોજુદ.
લાખોની જુવો શાખો, અરે દ્રષ્ટાંત તો દેશે.
સુત-પુરાણીક અને વેદમ, અને અન્યો કંઇ બીજા,
રહેલાં અચળ ધ્રુવ માફક, જગતને દાખલા દેશે.
તમોને બશ હમારી એ, અંતરની અરજ છે કે,
રહો, નીત ધર્મમાં રાચી, અરે દાહડો ફરી જાશે.

ચુ. મ. શાહ.

જ્યોતિષશાસ્ત્ર.

એ, ખરૂંજ છે. એમ હવે સર્વ કોઇ માનવા લાગ્યાં છે. જ્યોતીષ એ એક એવું શાસ્ત્ર છે; કે એ વિદ્યાને દર્પણ એ શબ્દની ઉપમાં આપવામાં આવે તોએ તેમાં કશી એ અતિશ્યોક્તિ કહેવાશેજ નહી. !

કારણ કે દર્પણ મુળસ્વરૂપને જોતાંવારજ બતાવે છે, તેવીજ રીતે જ્યોતીષશાસ્ત્ર પણ માણસ જાતનાં ભાગ્યનાં દર્પણ રૂપે છે. એ એક વ્યાજબિ અને સર્વ માનનિય દર્શણીક પુરાવો છે, સિદ્ધાંત છે !

જો તમારે **ભાગ્યનો ભરમ** જાણવો હોય, **ગ્રહદોષથી ઉપજતી પીડા તથા તેનું નીવારણ જાણવું હોય, લાભહાની યશ ! અપશય વીગેરે** બાબતો જાણવી હોય, જો તમારે **માનશીક, શારિરીક ? વ્યવહારીક** ! અને **આર્થીક**, સ્થીતી જાણવી હોય, જો તમારે **ભવીષ્યકાળ અને વર્તમાન સમયનું** ભાન **જ્ઞાન** જાણવું હોય, તો એકવાર હમોને અવશ્ય મળો અથવા લખો.

હમોએ હમારા લાંબા વખતનાં અનુભવથી, **અનુભવીઓને ખાત્રી કરવી આપી છે અને જેઓને** ખાત્રી થઇ છે, તેઓનાં મોઢેથી **આશ્ચર્યતાના** ઉદ્‌ગાર **નીકળ્યા વગર રહયાંજ નથી.** જેની ખાત્રી માટે તેવાં હજારો-બલકે લાખો જીવતાં જાગતાં **સરટીફીટીકો** વિધ્યમાન છે.

હમો **જ્યોતીષ શાસ્ત્ર** ને આધારે **જન્મફળ વર્ષફળ પ્રશ્નફળ** વીગેરે બાબતો સંતોષકારક રીતે. કરી આપીએ છીયે. **તેમજ ગણીત શાસ્ત્ર** અને **ફ્રાલ** (પાસા) નખાવી **મનનો ધારેલો** પ્રશ્ન કહિ આપીએ છીયે !

તો આથી હમો સર્વને ભલામણ કરીએ છીએ. કે આ બાબતનો લાભ લેવા કોઇએ ચુકવુંજ નહિ.

જ્યોતીષથી, રોજગાર ધંધામાં **લાભ** મળે છે. ધાર્યું **કામ સિદ્ધ** થાય છે. **લાભ હાનીનું જ્ઞાન** મળે છે, વીગેરે દરેક જાતનાં, લાભો મળે છે ! એકવાર જ્યોતીષશાસ્ત્રનો અનુભવલ્યો અને ખાત્રી કરો.

વધુવિગત તથા કામકાજનાં દર, માટેનું પ્રાઇસલીષ્ટ મંગાવો બહારગામ વાળાઓને પોષ્ટ દ્વારા, આ બાબતનો પુરતો લાભ મળે છે.

મળો-યા-લખો.

જ્યોતિષી-રેવાશંકર ભવાનીશંકર

જ્યોતિષ-કાર્યાલય-છાપરીયાશેરી

